# યુગ શક્તિ ગાયત્રી

એપ્રિલ ૧૯૯૭

हमारे इष्ट देव







हमारे आराध्य देव



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જીવનની મૂળ પ્રેરણા પરમાર્થ છે | ૧ |
| ૨. | ઉપાસનાનું માર્મિક રહસ્ય | ૨ |
| ૩. | આસ્તિકતા જીવન જીવવાની કળા શીખવે છે | ૪ |
| ૪. | શ્રદ્ધાવાનને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે | ૧૦ |
| ૫. | સત્યનું શરણ જ સ્વીકાર્ય | ૧૨ |
| ૬. | પ્રેમ સિવાયનું સર્વસ્વ નિરર્થક | ૧૬ |
| ૭. | નાગેશનું તપ | ૧૯ |
| ૮. | શૌર્યનું રહસ્ય | ૨૦ |
| ૯. | હે ઈશ્વર તારી લીલા અપરંપાર | ૨૨ |
| ૧૦. | મુક્તિનો શંખનાદ | ૨૫ |
| ૧૧. | નિર્મળ મનવાળો મનુષ્ય મને પામી શકે છે | ૨૯ |
| ૧૨. | ચારે યુગમાં જીવનપર્યંત મનુષ્ય જીત્યો છે | ૩૧ |
| ૧૩. | સુખદાયક રામનામ ભજી લો | ૩૪ |
| ૧૪. | સંસ્કૃતિ અને સમાજ માટે જીવનાર આદર્શ દંપત્તિ | ૩૮ |
| ૧૫. | સભ્ય સમાજ આ રીતે બની શકશે | ૪૦ |
| ૧૬. | પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ૪૩ |


**યુગ શક્તિ ગાયત્રી ગુજરાતી માસિક પત્રિકા ના ૨૦૦ થી ૧૦૦૦ સુધી ગ્રાહક બનાવનાર સહયોગીઓ ને અભિનંદન**

● અરવિંદ કુમાર ગોરધનદાસ ભાણવડ, ●ગાયત્રી શક્તિપીઠ બીલીમોરા ● ના.રા.મોઢા આદિત્યાણા,● ગાયત્રી શક્તિપીઠ ગામડી, ● ગાયત્રી પરિવાર શાખા ખેતીવાડી,● અમૃતભાઈ સી. મેરાઈ માંડવી, ● ડી. સી. નાયક લીંમડી,● ગાયત્રી પ્રજ્ઞાપીઠ રાણાવાવ,● ગાયત્રી શક્તિપીઠ નવસારી, ● એન. પી. નાયક વડોદરા, ● અશોક ભાઈ ટી . મીસ્ત્રી વણકાબોરી,● હસમુખભાઈ મંગલાભાઈ પટેલ ધમડાછા, ● સી. એમ.માંણેક આદિપુર ● જયદેવભાઈ એમ.સુથાર ઘરોઈ કોલોની, ● ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઊંઝા,● ચંદુભાઈ મોહનભાઈ પટેલ નડિયાદ, ● લક્ષ્મણ ભાઈ સી. ચુડાસમા જૂનાગઢ, ● રમેશભાઈ એમ સુખડીયા લોડોલ. ● જ્યોતિબેન દીનેશ ભાઈ પુરોહીત વડોદરા, ● ગાયત્રી મંદિર સજોદ, ● કરશનજી સી. સોલંકી વડગામ,● ગાયત્રી પરિવાર શાખા મોર, ● ગાયત્રી પરિવાર શાખા કોડીનાર, ● રામજીભાઈ ગરાસીયા સંતરામપુર, ● અમૃતલાલ ગાંધી ગાંધીધામ, ● ગાયત્રી શક્તિપીઠ સરદાર કૃષિનગર, ● દીનેશભાઈ પટેલ બારડોલી, ● બીપીન ભાઈ છોટાલાલ ઠક્કર વડોદરા, ● હેમંતકુમાર શિવશંકર ત્રિવેદી ગાંધીનગર, ● કીર્તિકાંત કે શાહ ખંભાત, ● હસુબેન મણિલાલ પાઠક વડોદરા, ● યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર પાલનપુર, ● કાંતીલાલ શીવરામ ઠક્કર ભાભર, ● બી.ઓ. ધોલકીયા બોટાદ, ● મહેન્દ્ર જે. પટેલ અંદાડા, ● ગાયત્રી પ્રજ્ઞાપીઠ વાલોડ, ● રામાભાઈ સી. પટેલ છાપરા, ● જયંતીલાલ ચીમનલાલ રાવલ ગોઝારીયા, ● ગાયત્રી પરિવાર શાખા મોરબી. ● ભૂપેન્દ્ર શ્રીરામ ભુરુચ, ● બાબુભાઈ પી.લખાણી પોરબંદર, ● આર.સી.જોષી વડોદરા, ● પ્રવીણભાઈ એમ પ્રજાપતિ પાલનપુર,● વિનુભાઈ એચ. પરમાર હિમતનગર, ● અમૃતલાલ ચતુરભાઈ પટેલ ગોરવા, ● ચંચલબેન મગન્નલાલ ગાંધી સરીબુજરંગ,● ગાયત્રી પ્રજ્ઞાપીઠ ધોળકા, ● હેમંતભાઈ પી. નાયક વલસાડ, ● ભીખાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ નવારેવાસ, ● હતુપ્રસાદ કંચનલાલ પાઠક વડોદરા, ● મંજુલાબેન મહેન્દ્ર પ્રસાદ પંડયા હિમતનગર,● કનૈયાલાલ કાલીદાસ પટેલ ગોધરા,● ગાયત્રી શક્તિપીઠ બાયડ. ● અમૃતલાલ પ્રજાપતિ લીમખેડા, ● ગાયત્રી શક્તિપીઠ કાલોલ, ● ગાયત્રી શક્તિપીઠ વલસાડ, ● ગાયત્રી પ્રજ્ઞા મંડળ આલોદર, ● બી. આર. નાયક ઉકાઈ ડેમ, ● ગાયત્રી પરિવાર શાખા તલોદ, ● સન્મુખભાઈ બી. પટેલ બારડોલી, ● દામજીભાઈ એસ. પટેલ ગારિયાધાર, ● ગાયત્રી પરિવાર શાખા સરખડી, ● ગીતાબેન પ્રવીણચન્દ્ર રાવલ બાકરોલ, ● ગાયત્રી પ્રજ્ઞાપીઠ જામજોધપુર, ● રણછોડભાઈ સોમાભાઈ દરજી વડોદરા,● અમૃતભાઈ ચતુરભાઈ પટેલ હિંમતનગર, ● યુગ સાહિત્ય પ્રચાર કેન્દ્ર ચૌંદખેડા,● બાવાભાઈ ગરબડભાઈ પટેલ ગવાસદ, ● રાજેશ કુમાર ઠક્કર હારીજ, ● પ્રજ્ઞા સેવા કેન્દ્ર વીજાપુર, ● ક્રાંતિકુંજ ગાયત્રી પરિવાર અમદાબાદ, ● પૃથ્વીસિંહ રાજપૂત ઓઢવ, ● શંકરભાઈ પટેલ અમદાવાદ,● હરિશભાઈ સોની ઈસનપર, ● ડા . મથુરભાઈ પટેલ મોડાસા, ● ભગવાન દાસ આહુજા ભૂજ, ● ચતુરભાઈ એમ. દેસાઈ અતુલ, ● ડી.પી. પરમાર સુરેન્દ્રનગર,● ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ સુરત, ● ગાયત્રી શક્તિપીઠ મોટી બહુચરાજી ડભોલી, ● ઉપેન્દ્ર ભાઈ પટેલ રાંદેરસુરેન્દ્રનગર,● ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ સુરત, ● ગાયત્રી શક્તિપીઠ મોટી બહુચરાજી ડભોલી, ● ઉપેન્દ્ર ભાઈ પટેલ રાંદેર,




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

સંપાદક :
પં૦ લીલાપત શર્મા

કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા-૨૮૧ ૦૦૩
ટેલિફોન :
(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૨૭ અંક - ૪
એપ્રિલ - ૧૯૯૭

## જીવનની મૂળ પ્રેરણા પરમાર્થ છે

સૂર્યદેવ દુનિયાને પ્રકાશિત કરવા માટે સતત તપ્યા કરે છે. તે સતત તપતો રહીને જ પૃથ્વીના બંને ગોળાર્ધોમાં પ્રાણ અને ઉર્જાનું સંચારણ કરે છે. વાદળોનો અભાવ ક્યાંય જીવનને સૂકવી ન દે એના માટે સાગરનું પાણી સતત તપીને વરાળ બનતું રહે છે. જેઓ પોતે તપતાં બળતાં રહીને પૃથ્વીને જીવનોપયોગી સરંજામ પૂરો પાડતાં રહે છે તેઓ જ વર્ષારૂપી શીતળ અમીછાંટણા કરી શકે છે. તારાઓ દરરોજ ટમટમતાં રહીને મનુષ્યને અહંકારમાં ન ડૂબેલાં રહેવાની પ્રેરણા પૂરી પાડે છે. વૃક્ષ દુનિયાનું ઝેર (અંગારવાયુ) શ્વાસમાં લઈને અમૃતરૂપી પ્રાણવાયુ બનાવવાનો પુણ્ય પુરુષાર્થ સતત કરતા રહે છે. સૃષ્ટિની મૂળ પ્રેરણા છે, પરોપકાર અર્થે કર્મ કરતાં રહેવું. જે દિવસથી આ પરોપકારની પ્રક્રિયા બંધ થઈ જશે તે દિવસથી વિનાશ, શૂન્યતા અને અંધકાર સિવાય બીજું કંઈ જ બચશે નહીં.

પરોપકારની આ પુણ્ય પ્રક્રિયાને જાળવી રાખવા માટે જ નદીઓ રસ્તામાં આવતાં પથ્થરોની ઠોકરો વેઠીને પણ બધાંને પાણીનું દાન કરતી રહે છે. પવન સૃષ્ટિની દુર્ગંધનો ભાર સહન કરીને પણ નિત્ય વહેતો રહે છે અને પ્રાણ-દીપકોને પ્રજ્વલિત રાખવાનું કર્તવ્યપાલન કરે છે. ફૂલો કાંટાનું દુઃખ વેઠીને પણ સતત હસતાં ખીલતાં રહીને સૃષ્ટિને સુગંધથી ભરી દે છે અને તેના સૌંદર્યને વધારતાં રહેવામાં પોતાના જીવનની શોભા સમજે છે. કોયલના ગુંજતા મધુર અવાજનો પડઘો દુનિયાના કોલાહલને મધુર સંગીતથી ભરી દે છે. પક્ષીઓ પોતાના બચ્ચાંના મોંમાં ચાંચ વડે દાણા મૂકીને પોતાના વંશનું પોષણ કરતાં રહે છે અને તે ધર્મકાર્ય દ્વારા અસમર્થ અને આશ્રિતોને આશરો આપવાની પરંપરા પર દુનિયાનું ધ્યાન દોરે છે.

જીવનની મૂળ પ્રેરણા છે પરમાર્થ અને લોકકલ્યાણ માટે ભાવભર્યું આત્મસમર્પણ. યોગ્ય આત્મસમર્પણ સિવાય પરમાર્થની સાધના પૂરી થતી નથી. જેટલું આત્મસમર્પણ સંપૂર્ણ હશે તેટલી જ પરમાર્થની જ્વાળા ઊંચી ઊઠશે. દીપકની જ્યોત જેટલી ઊંચી ઊઠે છે તેટલો જ પ્રકાશ પ્રખર બને છે. મૂળિયા જમીનમાં જેટલાં ઊંડે જાય છે તેટલાં જ વૃક્ષો મજબૂત બને છે અને ઊંચા વધે છે. જીવનને આધાર અને ઊર્જા આપનાર પ્રત્યેક ઘટક આવી જ પુણ્યપરંપરામાં સંલગ્ન છે. દુનિયાનું સમતોલન જાળવી રાખવા માટે એના નિર્જીવ કણો પણ આ પુણ્યપ્રક્રિયા ટકાવી રાખવામાં સંલગ્ન રહે છે. આવા સંજોગોમાં સ્વયંને માત્ર જીવિત જ નહીં, પરંતુ સમજદાર સમજનારો મનુષ્ય પોતાના સમાજની ઉપેક્ષા કરે, પરમાર્થ કાર્યથી વિમુખ બને, તેની સંપત્તિ અને સૌંદર્ય વધારવાનો પ્રયત્ન ન કરે તો, એનાથી મોટી લજ્જા અને આપત્તિની વાત તેના માટે બીજી કઈ હોઈ શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપાસનાનું માર્મિક રહસ્ય

ઉપાસનાનો અર્થ છે ઉપ-આસન, મતલબ કે નજીક બેસવું. જેવી રીતે અગ્નિ પાસે લાકડીના બેસવાથી લાકડી સ્વયં આગ બની જાય છે, તેવી રીતે ભગવાન પાસે બેસનારે તે મુજબના ગુણ, કર્મ અને સ્વભાવ રાખવાં પડે છે અને ભગવાનના અનુશાસન પ્રમાણે ચાલવું પડે છે, સમર્પણ કરવું પડે છે. બાજીગરના ઈશારે નાચતી કઠપૂતળીની જેમ ઈશ્વર પ્રત્યે સમર્પણ કરવું પડે છે. પત્ની જ્યારે પતિને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે ત્યારે તે તેની અર્ધાંગિની કહેવાય છે, ઘરની માલિકણ કહેવાય છે અને પતિની સંપૂર્ણ સંપત્તિની હકદાર બની જાય છે. આ છે સમર્પણનું પરિણામ. આજે તો ભગવાનના ઈશારે નાચવાને બદલે લોકો પોતાના ઈશારે ભગવાનને નચાવવા માગે છે. પાણીનું એક ટીપું સમુદ્રમાં સમર્પિત થઈ જાય તો તે સ્વયં સમુદ્ર કહેવાય છે. ગંદા નાળાનું પાણી ગંગાજીમાં ભળતાં તે ગંગાની જેમ પવિત્ર થઈ જાય છે. ભક્ત અને ભગવાન વચ્ચે આવા જ પ્રકારનો નાતો છે. સાચા સમર્પણથી ભક્ત ભગવાનની બરાબર થઈ જાય છે, અરે ભગવાનથી પણ મોટો બની જાય છે. એક સુંદર ઉદાહરણ દ્વારા પૂજ્ય ગુરુજીએ સમજાવ્યું છે કે ભક્ત કેવી રીતે ભગવાનથી પણ મોટો બની જાય છે.

એકવાર નારદજી પૃથ્વી લોકમાં આવ્યાં. રસ્તામાં એક ખેડૂતની ઝૂંપડીમાં રહ્યાં. ખેડૂતે નારદજીનો સારી રીતે આદર સત્કાર કરી સેવા કરી. સવારે નારદજી જ્યારે જવા નીકળ્યા ત્યારે ખેડૂતે પૂછ્યું, "ક્યાં જાઓ છો?" નારદજીએ કહ્યું, "ભગવાન વિષ્ણુની પાસે જાઉ છું." ખેડૂતે વિનંતીભર્યા સ્વરે કહ્યું, "અમારે કોઈ સંતાન નથી તો આપ વિષ્ણુ ભગવાનને અમારા વતી પ્રાર્થના કરજો." નારદજી સીધા વિષ્ણુજીની પાસે પહોંચી ગયાં અને સૌથી પહેલાં તે ખેડૂતની વાત વિષ્ણુજીને સંભળાવી અને તેને સંતાન આપવા માટે કહ્યું. ભગવાને કહ્યું, "આ જન્માં તો શું આગલા સાત જન્મમાં પણ તે ખેડૂતના નસીબમાં સંતાન સુખ નથી."

થોડાંક દિવસો પછી તે ખેડૂતના ઘર પાસે એક સાધુ આવ્યો અને કહેવા લાગ્યો કોઈ એક રોટલી ખવડાવો. હું તેને બાળક આપીશ. ખેડૂતે કહ્યું - "મહારાજ, આપ મારા ઘરે પધારો. એક નહીં પણ તમારે જેટલી રોટલી ખાવી હોય તેટલી ખાજો." સાધુએ કહ્યું - "અમે તો ફક્ત બે જ રોટલી ખાઈએ છીએ." પછી તે સાધુ બે રોટલી ખાઈને ખેડૂત પરિવારને આશીર્વાદ આપી ચાલ્યા ગયા. સમય જતાં તે ખેડૂતના ઘેર બે બાળકોનો જન્મ થયો. સાતઆઠ વર્ષ પછી નારદજી જ્યારે ફરીથી તે ગામમાં પહોંચ્યા તો તે ખેડૂતના ઘેર બે બાળકોને રમતાં જોયા. નારદજીએ પૂછ્યું કે આ કોના બાળકો છે ? ખેડૂતે નમ્રતાથી કહ્યું કે, 'મુનિવર, આ મારા જ પુત્રો છે.' નારદજી વિચાર કરવા લાગ્યા કે ભગવાન વિષ્ણુએ તો કહ્યું હતું કે આ ખેડૂતને સાત જન્મો સુધી બાળક નહીં થાય તો પછી આ કેવી રીતે બન્યું ? તે તરત જ વિષ્ણુલોકમાં ઉપડી ગયા. વિષ્ણુ ભગવાનને મળવા માટે નારદજીને કોઈ રોકટોક હતી નહીં. તે સીધા ભગવાનના ઓરડામાં ઘૂસી ગયાં અને ગુસ્સા તથા ક્ષોભ સાથે બોલ્યા, 'ભગવન્ ! તમે મને જૂઠું કહ્યું છે. તમે કહ્યું હતું કે તે ખેડૂતના નસીબમાં સાત જન્મ સુધી સંતાન નથી તો પછી તમે તેને બે બાળકો કેવી રીતે આપી દીધાં ? ભગવાને હસીને નારદજીને શાંત પાડ્યા અને કહ્યું મુનિવર, આનો જવાબ હું તમને સવારે આપીશ.'

પ્રાતઃકાળે નારદજીને સાથે લઈને ભગવાન વિષ્ણુ જંગલમાં ફરવા માટે નીકળ્યા. નારદજીએ ત્યાં જોયું કે એક મહાત્મા ઝૂંપડીમાંથી બહાર નીકળ્યા. તેમની ઝૂંપડીની ચારેબાજુ જાતજાતના ફળોથી લચેલાં વૃક્ષો હોવા છતાં તે સાધુ મહાત્મા સૂકાં પાન ખાઈ રહ્યાં હતાં. આ જોઈને નારદજીને આશ્ચર્ય થયું. નજીક જઈને પૂછ્યું તો સાધુએ જણાવ્યું કે ફળ તો સહુ ભાઈ, બહેનો અને બાળકો માટે છે. ભગવાને કહ્યું ઠીક છે, પરંતુ તમે લીલાં પાન તો ખાઈ શકો છો ને ? તે સાધુએ જણાવ્યું કે, "લીલાં પાન ગાય, ભેંસ અને બકરીઓ માટે સુરક્ષિત છે. હું તો આ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સૂકાં પાંદડાંથી મારી ક્ષુધા શાંત કરી લઉં છું."

આ બધું જોઈ સાંભળીને નારદજી હતપ્રભ બની ભગવાન વિષ્ણુના મોં સામે જોઈ રહ્યાં. ત્યાં તો થોડીવારમાં સાધુ પોતાની ઝૂંપડીમાંથી એક તલવાર લઈ આવ્યા અને હવામાં વીંઝવા લાગ્યા. ભગવાને આમ કરવાનું કારણ પૂછયું તો તે સાધુએ જણાવ્યું કે, "મને જો ક્યાંય નારદ મળી જાય તો આ તલવારથી તેના બે ટુકડા કરી નાખું." ભગવાને કહ્યું - "કેમ ભાઈ ! નારદે તારું શું બગાડયું છે ?" સાધુએ કહ્યું - "તે હંમેશાં ગપ્પાં મારતો ફરે છે." આ જોઈને નારદજીએ ભગવાનને ત્યાંથી ભાગી છૂટવા ઈશારો કર્યો. રસ્તામાં ભગવાને નારદજીને સમજાવ્યું કે, "આ એ જ સાધુ છે કે જેના આશીર્વાદથી પેલા ખેડૂતના ઘેર બે બાળકો જન્મ્યા હતાં. તેનું રોમેરોમ દરેક પળે લોકમંગલના કાર્યોમાં રત છે. તેની આગળ તેને પોતાની ખાવાપીવાની પણ ચિંતા નથી. શું આ સાધુ તને મારાથી શ્રેષ્ઠ નથી લાગતો. હવે નારદ તું જ બતાવ કે તેનો આશીર્વાદ ફળવો જોઈએ કે મારું વિધાન સાચું પડવું જોઈએ ? તેની ઉપાસના ઉચ્ચ સ્તરની હોવાને કારણે તે મારાથી પણ ઊંચા પદનો અધિકારી છે. કીર્તનની સાથેસાથે લોકમંગલના કાર્યો કરનાર ભક્તોના વશમાં ભગવાન હોય છે. સાચી ઉપાસના કરનારનું ભગવાન હંમેશાં માન રાખે છે. ભગવાન શબરીના એંઠા બોર ખાય છે, સુદામાના પગ ધોઈને પાણી પીએ છે, વિદુરની ભાજી આરોગે છે અને બલિરાજાના ઘેર ભિક્ષા માગવા પણ જાય છે.

આ જ વાત ગાયત્રી મંત્ર સાથે પણ જોડાયેલી છે. શ્રદ્ધાપૂર્વક કરેલો મંત્ર અવશ્ય ફળ આપે જ છે. શ્રદ્ધાના કારણે તો મીરા સાથે મોહન નાચતાં હતાં. પથ્થરમાંથી પ્રભૂ પ્રગટતા હતાં. એકલવ્યે દ્રોણ ગુરુની માટીની મૂર્તિ બનાવીને શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરી તો તે બાણવિદ્યામાં પારંગત થઈ ગયો. રામકૃષ્ણ પરમહંસનું ભોજન ગ્રહણ કરવા મા કાળી સાક્ષાત્ આવતી હતી. આ શ્રદ્ધા જ હતી. કોઈકે રાણી રાસમણિને ફરિયાદ કરી કે આ રામકૃષ્ણ (પૂજારી) પોતે જ ભોગ ખાઈ જાય છે તો રાણી રાસમણિએ સંતાઈને જોવાનો પ્રયત્ન કર્યો. રામકૃષ્ણએ ભોજન કરવા માટે મા કાળીને બોલાવી પરંતુ મા પ્રગટ થઈ નહીં. તેથી રામકૃષ્ણે કહ્યું, "તેનો બાળક ભૂખ્યો છે માટે મા કાળી ભોજન કેવી રીતે કરે ? આમ કહીને રામકૃષ્ણ જેવું બટકું તોડીને મોંમા મૂકવા જાય છે કે મા કાળી પ્રગટ થઈને ભોજન કરવા લાગી.

શ્રદ્ધા-ભક્તિ વગર કરેલાં બધાં જ કર્મકાંડ નિરર્થક છે. પૂજ્યવરે એક વધારે દૃષ્ટાંત કહ્યું. એક શિષ્ય ફક્ત પાણીને ઔષધિનાં રૂપમાં આપીને લોકોના દુઃખ દર્દ દૂર કરતો હતો. જ્યારે તેની ખ્યાતિ તેના ગુરુજી પાસે પહોંચી તો તેઓ શિષ્ય પાસે ગયાં અને પૂછવા લાગ્યાં, "તારી પાસે એવો કયો મંત્ર છે કે મંત્રેલું પાણી આપવાથી લોકોના દુઃખ દર્દ દૂર થઈ જાય છે." શિષ્યે કહ્યું, 'ગુરુદેવ, મારી પાસે એવો કોઈ મંત્ર તંત્ર નથી. આ બધો તો આપના પવિત્ર ચરણોનો પ્રતાપ છે. ગુરુપૂર્ણિમાને દિવસે આપના ચરણ પ્રક્ષાલન કરેલુ જળ લાવું છું અને તે જળ બધાંને આપું છું. આ બધો જ પ્રતાપ તે ચરણામૃતનો છે.' ગુરુએ વિચાર્યું કે મારાં ચરણોનું જળ આટલું પવિત્ર છે તો હવે હું જ મારા ચરણો ધોઈને બધાંને તેનું જળ આપીશ. ગુરુ ઘેર પાછા ફર્યા અને જોરશોરથી પ્રચાર કરાવ્યો કે જેને કોઈ પણ આધિવ્યાધિ હોય તેણે મારે ત્યાંથી ઔષધિ લઈ જવી. લોકો આવવા માંડયાં. શિષ્ય તો એક ચમચી જેટલું જ જળ પીવડાવતો હતો. ગુરુએ તો પ્યાલો ભરીભરીને પાણી પીવડાવવાનું શરૂ કરી દીધું, પરંતુ કોઈને કંઈ ફાયદો થયો નહીં. તેઓ ફરીથી શિષ્ય પાસે ગયા અને કારણ પૂછયું તો શિષ્યે કહ્યું, "ગુરુદેવ, હું જે જળ આપું છું તેમાં શ્રદ્ધાભાવના ભરેલી હોય છે. તમારી પાસે તો ફક્ત કર્મકાંડ છે. અમારી પાસે તો પોતાનું કંઈ નથી. અમે તો ખાલી છીએ. આમાં જે કંઈ છે તે આપનું છે."

આ પ્રસંગ સંભળાવતા પૂજ્ય ગુરુજીએ કહ્યું, 'બેટા ! સમર્પણ સાથે કરેલી શ્રદ્ધા જ ફળીભૂત થાય છે. ઉપાસનાની સાથે સાધનાનું પણ એટલું જ મહત્ત્વ છે. ઉપાસના ભગવાનની થાય છે, પરંતુ સાધના તો આપણી પોતાની કરાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આસ્તિકતા જીવન જીવવાની કળા શીખવે છે

તે બંનેએ ચાલતાં ચાલતાં પાછા વળીને એકબીજાની તરફ જોયું. આ ગાઢ જંગલમાં રસ્તો શોધવો મુશ્કેલ જણાતો હતો. સૂર્ય પોતાના કિરણોથી વણેલી પીળી ચાદરને ઝડપથી સમેટી રહ્યો હતો. તેના કિરણોની એક નાની સરખી ધારા વૃક્ષોની ડાળીઓથી હજુ સુધી રોકાયેલી હતી. તે અદૃશ્ય થતાં સમગ્ર જંગલ ગાઢ અંધકારમાં ડૂબી જવાની તૈયારી હતી. તે પહેલાં અહીંથી બહાર નીકળવું પડશે. પરંતુ ક્યાં ? કઈ બાજુ ? તે બંનેની આંખોમાં આ પ્રશ્ન સ્પષ્ટ રૂપે તરી આવતો હતો. પહેરવેશથી તે બંને સાધુ જણાતા હતા. તેમના મુખ પર તપનું સાત્ત્વિક તેજ પ્રગટી રહ્યું હતું, બંનેની ચાલ પરથી તેમનું ગૌરવયુક્ત વ્યક્તિત્વ જણાઈ આવતું હતું, પરંતુ તેઓ હજુ પણ ગડમથલમાં હતા, તેઓ બીજું કંઈ વિચારે તે પહેલાં થોડે દૂર સૂકા પાંદડાઓનો ખળભળાટ સંભળાયો. તે તરફ નજર નાખતાં જોયું કે બે વ્યક્તિઓ એક બાજુથી ઝડપથી આગળ વધતાં આવી રહ્યાં છે. તેમણે વિચાર્યું, એ જ બાજુ આગળ વધીએ, જરૂરથી કોઈ ગામ હશે.

પોતાના કદમ આગળ ઊઠાવતાં એ બંને સાધુઓ પણ તે બંને વ્યક્તિઓની નજદીક પહોંચી ગયા. તેમનો સાધુવેશ જોઈને એક પળ માટે તેમના ચહેરા પર રહસ્યભર્યું હાસ્ય ફરકી ઊઠ્યું. એ હસ્યને અટકાવતાં એક વ્યક્તિએ પ્રશ્ન પૂછ્યો, "મહારાજ, આ બાજુ ક્યાં ચાલ્યા ?"

"તમે લોકો આ બાજુથી આવી રહ્યા છો, તો જરૂર અહીં કોઈ ગામ કે વસતી હશે એમ વિચારીને અમે પણ આ બાજુ ચાલી નીકળ્યા છીએ." આમ એક સાધુએ તેમની જિજ્ઞાસાનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો.

"અહીં ગામ તો અવશ્ય છે, પરંતુ આ સમગ્ર ગામ નાસ્તિકોનું છે. તમારા આ ભગવાં વસ્ત્રો જોઈને તો બધા લોકો તમારી પાછળ પડી જશે. તમારે ગાળો ખાવી પડશે અને કડવાં વેણ પીવાં પડશે. એ બાજુ જવા કરતાં સારું એ થશે કે તમે લોકો અમારી સાથે ચાલો. અમારું ગામ અહીંથી થોડે દૂર અવશ્ય છે, પરંતુ ત્યાં તમે આરામથી રહી શકશો."

"મિત્ર ધન્યવાદ ! પરંતુ આજનો કાર્યક્રમ તો નાસ્તિકોના ગામમાં જ રહેશે." સાધુએ એક હળવા હાસ્યપૂર્વક કહ્યું. તેમના પગ ગામની તરફ આગળ વધ્યા. ગામની બહાર એક કૂવો હતો. કૂવાની પાસે જ એક વિશાળ વડનું વૃક્ષ હતું, જેની ચારેતરફ ગોળ ઓટલો બાંધેલો હતો. કૂવા પર એક ડોલ અને દોરડું રાખ્યું હતું. કદાચ બહારથી પાછા વળીને આવનારા ગામના લોકો હાથ-મોં ધોઈને અને સ્વચ્છ બનીને ગામમાં પ્રવેશતા હતા. કૂવો અને ઓટલો જોઈને બંને સાધુઓને ઘણી જ પ્રસન્નતા થઈ. બંને જણાએ સ્નાન કર્યું અને મુસાફરીનો થાક દૂર કરવા માટે ઓટલા પર સૂઈ ગયા. હજુ થોડો જ સમય પસાર થયો હશે અને એક વ્યક્તિ કૂવા પર આવ્યો અને જ્યારે તે હાથ-મોં ધોઈ રહ્યો હતો ત્યારે તેની દૃષ્ટિ તે બે સાધુઓ તરફ ગઈ. તેણે વિચાર્યું કે નાસ્તિકોના આ ગામમાં આસ્તિકોનું કામ શું છે અને પછી બૂમો પાડીને પૂછ્યું, "અરે, તમે કોણ છો, અહીં કેમ આવ્યા છો ?"

"એ તો તમને પણ ખબર નથી કે અમે કોણ છીએ, આ જ સવાલનો ઉત્તર તો અમે શોધી રહ્યાં છીએ. ગામ જોયું, કૂવો જોયો, અહીં ચાલી આવ્યા. સવાર થતાં જ પાછા વળી જઈશું."

"તમે પહેરેલા વસ્ત્રો પરથી જો તમે આસ્તિક હોય, તો તમારે અમારા ગ્રામજનો સાથે વિવાદ કરવો પડશે."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

"ભાઈ, જેને એ જ ખબર ન હોય કે તે કોણ છે, તો પછી તે આસ્તિક કે નાસ્તિક કેવી રીતે હોઈ શકે છે ?" સાધુના ઉત્તરમાં વિનમ્રતા હતી.

કંઈ મનોમંથન કરતો તે વ્યક્તિ ગામની તરફ ચાલી નીકળ્યો. તેણે ગામમાં પહોંચીને ગ્રામજનોને આ અજબગજબની ઘટના સંભળાવી દીધી.

"જો તેમને ખબર જ નથી કે તેઓ કોણ છે, તો તેમની સાથે બેકાર વિવાદમાં ઉતરવાથી શો ફાયદો ?" ગામના એક વડીલે પોતાનો અભિપ્રાય જણાવ્યો. "પરંતુ તેમનો પહેરવેશ બિલકુલ તે સાધુઓ જેવો છે કે જેઓ ભગવાન અને આસ્તિકતાનો પ્રચાર કરવા હરતાં ફરતાં રહે છે."

"વધુમાં અત્યારે સુખલાલભાઈ પણ નથી કે કંઈ સલાહ લેત. અત્યારે તેમને સૂઈ રહેવા દો, સવારમાં વાત કરીશું. જો તેઓ આસ્તિક છે તો તેમણે સ્વીકાર કરવો પડશે કે ભગવાન, ઈશ્વર, પરમાત્મા નામની કોઈ વસ્તુ નથી." સુખલાલભાઈ તે ગામના સૌથી વધુ જ્ઞાની અને નાસ્તિકવાદના સ્તંભના રૂપમાં ઓળખાતા હતા. લોકો તેમને આદરપૂર્વક મોટાભાઈ કહેતા હતા.

"પરંતુ તેઓ સવારમાં તો જવાનું કહે છે, કાં તો કોઈને મોકલીને તેમને કહેવામાં આવે કે તેઓ રોકાઈ જાય અથવા તેમની પાસે સ્વીકાર કરાવવામાં આવે કે તેઓ ભગવાનમાં વિશ્વાસ રાખતા નથી."

"અરે, તેમણે કંઈ ખાધુંપીધું છે કે ભૂખ્યા જ સૂઈ રહ્યા છે. જો ભૂખ્યા છે તો અડધી રાત્રે પણ જઈ શકે છે. તેમની સાથે વાદવિવાદ કરવાથી શું લેવાદેવા, કહી દેશે ભાઈ જે તમે લોકો કહો છો તે જ ઠીક છે. તેમને ભૂખ લાગી હશે તો પહેલા તેની વ્યવસ્થા કરી લઈએ. તેમને રોકવા જ છે તો તેમને ભોજન ખવડાવો, તેમને કહો કે તમારી પાસેથી કંઈક જાણવું છે તો રોકાઈ જાઓ અને અમોને તમારો લાભ લેવા દો. સવારમાં તેમને અહીં બોલાવીને જુઓ કે તેઓ શું કરે છે, જો તેઓ ઈશ્વરનું નામ લે છે કે ધર્મ-અધ્યાત્મની વાતો કરે છે, તો તેમને શાસ્ત્રાર્થનો પડકાર આપો." ગામના વડીલોએ પાસે ઊભેલા લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

"કાકા બિલકુલ ઠીક કહે છે." પાસે ઊભા રહેલા લોકોએ સમર્થન આપતાં કહ્યું, "કાકાની સાથે એક બીજી વ્યક્તિ જાય અને જેમ કાકાએ બતાવ્યું છે તેવો જ સંદેશો તેમને પહોંચાડી દેવામાં આવે."

તે બંને સાધુ સવારમાં સ્નાન કર્યા પછી સૂચિત સ્થાન પર પધાર્યા. તેમને દૂધ અને ફળનો નાસ્તો કરાવ્યો અને એકાંત જ છોડી દીધા. તેમને કહ્યું કે અત્યારે તો કામ છે, ચર્ચા તો સાંજની વેળાએ કરીશું. એકાંત સ્થાન અને સવારનો સમય હોવાથી બંને સાધુ ધ્યાનની અવસ્થામાં બેસી ગયા. ગ્રામજનો સમજી ગયા કે એ બે સાધુઓ આસ્તિક છે. સાંજના સમયે કયા કયા પ્રશ્નો પૂછવા તેનું આયોજન કરવામાં આવ્યું. સાધુ મસ્તીમાં હતા, ધ્યાન છૂટયું ત્યારે કેટલાંક બાળકોને તેમની પાસે ઊભેલા જોયા. તેમનામાં મસ્તી પ્રગટી, બાળકો સાથે પ્રસન્નતાથી વાતચીત કરવા લાગ્યા. બાળકો પણ વાતચીતમાં ડૂબી ગયા.

આ પ્રકારે જોતજોતામાં સાંજની વેળા થઈ ગઈ. સાધુઓની બધી જ પ્રવૃત્તિઓ નોંધી લેવામાં આવી. બે વખત એક-એક કલાક ધ્યાનમાં બેઠા, ખાવાનું ખાધું, વિશ્રામ કર્યો, બાળકો જોડે ગપ્પાં માર્યાં, પરંતુ ભગવાનનું નામ એક વખત પણ લીધું નહીં. તેમને શું કહેવું-નાસ્તિક કે આસ્તિક ? સાંજે સભા થઈ. તેમને પણ ત્યાં બોલાવવામાં આવ્યા.

"શું તમે એમ માનો છો કે આ સૃષ્ટિ ભગવાને બનાવી છે ?" પ્રશ્ન કર્યો, "ભાઈ, અમારી સમક્ષ તો સૃષ્ટિ બનાવાઈ નથી. અમે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યારથી જન્મ્યા છીએ ત્યારથી સર્વ કંઈ આમ જ જોઈ રહ્યા છીએ." ઉત્તર મળ્યો, "જો તમે ભગવાનને માનતા નથી તો આ ભગવાં વસ્ત્રો કેમ પહેરો છો ?"

"ભગવાં વસ્ત્રો સાથે ભગવાનનો શો સંબંધ ? તમો બધાએ અગ્નિની જ્વાળાઓને જોઈ છે. તેનો રંગ કેવો હોય છે ? જ્યારે પણ અગ્નિ પ્રગટે છે ત્યારે તેની જ્વાળાઓ કઈ બાજુ જાય છે ? શું તમારા પૈકી કોઈએ જોયું છે કે અગ્નિની જ્વાળાઓ ઉપરના બદલે નીચે જતી હોય ? ભગવાં વસ્ત્રોનો મતલબ છે જ્ઞાનમાં ઊંચેને ઊંચે જવાનો પ્રયત્ન."

"સારું, તો તમે દિવસ દરમિયાન આંખો બંધ કરીને એક કલાક સુધી ચૂપચાપ શું કરી રહ્યા હતા ?"

"જુઓ, મનુષ્યમાં તથા અન્ય પ્રાણીઓમાં શો તફાવત છે ? તરસ ગાયને તથા મનુષ્યને પણ લાગે છે. તમે કૂવો ખોદીને પાણી કાઢી લો છો, શું ગાય કૂવો ખોદી શકતી નથી ? તમે કહેશો કે મનુષ્યમાં બુદ્ધિ છે, ગાયમાં નથી, ઠીક છે."

હવે જુઓ કે ઉનાળામાં સૂર્યનું તાપમાન દરેક વર્ષે લગભગ એકસરખું હોય છે, સમુદ્રમાં પણ તેટલું જ પાણી રહે છે, તો પછી મોન્સુન એકસરખું હોવું જોઈએ કે નહીં ?"

"હા."

"પરંતુ કોઈવાર બિલકુલ દુકાળ પડે છે, પીવાનું પાણી પણ મળતું નથી અને કોઈવાર એટલો બધો વરસાદ પડે છે કે ગામના ગામ પાણીમાં તણાઈ જાય છે, આમ કેમ ? અને કોઈકોઈ વખત ઉનાળામાં આગના ગોળા વરસે છે, તે આગના ગોળા ક્યાંથી આવી જાય છે ?"

"આ વાતોનો ઉત્તર તો હવામાનના વૈજ્ઞાનિકો જ આપી શકે છે."

"ના, તેઓ ફક્ત તર્ક આપીને તમોને શાંત પાડી શકે છે, પરંતુ તેમની પાસે યોગ્ય ઉત્તર પણ હોતો નથી. આજ સુધીમાં તો કેટલાય ઉપગ્રહો પણ છોડવામાં આવ્યા છે, ચંદ્રમા, શુક્ર તથા અન્ય ગ્રહો પર લોકો પહોંચ્યા પણ છે, જેમના પર પહોંચ્યા નથી ત્યાં પહોંચવાની યોજના બનાવી રહ્યા છે. શું કોઈને કદી આકાશમાં ક્યાંય અગ્નિનાં ગોળા કે બરફના પહાડ મળ્યા ? વધુમાં સવાલ એ છે કે આટલી ગરમીમાં તે ગોળા આકાશમાં કેમ પીગળ્યા નહીં ? શું તમારામાંથી કોઈ આ વાતનો જવાબ આપી શકે છે ?"

"તમે ગાય-ભેંસ પાળો છો, તેનું દૂધ પીઓ છો, પછી તમે વિચારો છો કે એમને ગર્ભવતી થવું પડશે, નહીંતર દૂધ બંધ થશે. ગાય-ભેંસ બચ્ચાંને જન્મ આપે છે અને દૂધનો ક્રમ ચાલતો રહે છે. આઠ-દસ બચ્ચાંને જન્મ આપ્યા પછી તે ઘરડી થઈ જાય છે. તમે તેને જંગલમાં છોડી મૂકો છો, થોડા સમય પછી તેમનું મૃત્યુ થઈ જાય છે. આ જ ચક્ર લગભગ મનુષ્ય સાથે ચાલે છે, બાળપણ, યુવાની, ઘડપણ અને મૃત્યુ. તો પછી આપણે પશુઓ કરતાં વિશેષ કેવી રીતે છીએ, બિલકુલ નથી."

સાધુઓની વાણી, તમના ધારદાર તર્ક ગ્રામજનોને વિચારવા માટે મજબૂર કરી રહ્યા હતા. તેમને પોતાને ખાતરી થઈ રહી હતી, કે તેઓ પોતાના જીવનની બાબતમાં ન તો કંઈ વિશેષ જાણે છે અને ન તો સૃષ્ટિ ચક્રની બાબતમાં જાણે છે.

"પરંતુ આ બધા સવાલોનો જવાબ કેમ કરીને શોધી શકાય છે ?" અનેક અવાજ એકસાથે થયા.

"બહારથી અંદર જઈને." સાધુ કહી રહ્યા હતા, "ધ્યાન ધરીને. મનની સ્લેટ પર જે કલમ સદૈવ ચાલતી રહે છે, તેને અટકાવી દો. મગજ જે સદૈવ વિચારતું રહે છે, તેને બાંધી લો. એનું નામ છે, નિર્વિચાર અવસ્થા અને જેમ આ બાબતમાં સમર્થ થશો કે પ્રશ્નોના ઉત્તર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપોઆપ સ્લેટ પર અંકિત થવા લાગશે, પરંતુ થોડો સમય આંખ બંધ કરીને જોશો તો આ કામ એટલું સરળ જણાશે નહીં. વિચારોની હારમાળા ચાલુ જ રહે છે. તેની આવજા અટકતી જ નથી."

"નિર્વિચાર થવા માટે શું કોઈની મદદની જરૂરત છે ?"

"કેવળ પોતાની."

"તો પછી ધ્યાનનો ભગવાન સાથે કોઈ મતલબ નથી."

"શું અમે સાધુઓએ અમારી સંપૂર્ણ વાતચીતમાં ક્યાંય ભગવાનનું નામ લીધું છે ? હું કેવળ મનુષ્યની વાતચીત કરી રહ્યો છું. તમે વચમાં ભગવાનને ખેંચી લાવો છો."

"જિંદગીમાં કેવી રીતે સફળતા મળે એ વિષયમાં કંઈક માર્ગદર્શન આપો." મિત્રો, સૂર્યોદય પહેલાંનો એક-દોઢ કલાકનો સમય બિલકુલ શાંત હોય છે. ઊંઘ પછી મન અને મગજ પણ શાંત હોય છે. બસ, એ સમયે પદમાસનમાં અથવા પલાંઠી વાળીને બેસી જાઓ. મન એકાગ્ર અને નિર્વિચાર થઈ રહ્યાંનો અનુભવ કરો. શક્ય હોય તો સ્નાન કરીને બેસો કે જેથી તાજગી અનુભવાય. આ પ્રકારનો મહાવરો વધવાથી તમારી માનસિક શક્તિનો અસાધારણ વિકાસ થયાનો અનુભવ થશે. જે મૂંઝવણો ઉકેલવામાં અશક્તિમાન હતા તેને ચપટીમાં ઉકેલી શકશો."

સાધુની વાતો પ્રભાવશાળી હતી અને તેથી બધા લોકોને સમજાઈ રહી હતી. તેઓ કહેવા લાગ્યા, "અમારે ત્યાંના સૌથી જ્ઞાની વ્યક્તિ સુખલાલભાઈ બહાર ગયા છે, અમે ઇચ્છીએ છીએ કે તેમના આવવા સુધી રોકાઈ જાઓ. કાલથી જ અમે બધા ધ્યાન શરૂ કરી દઈએ છીએ."

"જેવી તમારી સર્વની ઇચ્છા." સાધુ હસીને બોલ્યા.

બીજા દિવસથી પ્રત્યેક ઘરમાં કોઈને કોઈ ધ્યાન ધરવાની પ્રક્રિયામાં બેઠું હતું, પરંતુ શું ધ્યાન એટલી સરળતાથી લાગે છે ? બધા ચિડાઈ પણ રહ્યા હતા, પરંતુ નિર્વિચાર થવાં જિદ્દ કરી રહ્યા હતા. સાંજના સમયે ગામના ચોરા પર ફરીથી સભા થઈ. બધા લોકોએ પોતપોતાની મુશ્કેલીઓ સાધુઓએ બતાવી. કોઈને ખેતીના વિષયમાં યાદ આવે છે, કોઈના માનસપટ પર પત્ની, પુત્ર, મિત્ર પ્રગટ થાય છે. ધ્યાન લાગતું નથી." ભાઈઓ, આ કાર્ય એટલું બધું સરળ નથી. આ તો સંયમનું અને ઇન્દ્રિયોનું યુદ્ધ છે. ઇન્દ્રિયો કહે છે કે ફસાયેલો રહે, જ્ઞાન મેળવીને શું કરીશ ? સંયમ કહે છે - હું તમારો સ્વામી છું, તમે મારા કાબૂમાં કેમ નહીં આવો ? આ યુદ્ધ તો ચાલતું રહેશે. હવે તમે આ યુદ્ધ કેટલા દિવસ સુધી ચાલુ રાખો છો, તે વાત તમારા પર આધારિત છે. જો કોઈ વર્ષો પછી વિજયી થઈ જાય છે, તો દુનિયા તેની આગળપાછળ ચક્કર મારવા લાગે છે, પરંતુ અડધો કલાક-પિસ્તાલીસ મિનિટ તો બેસવુ જ પડશે. શરૂઆતમાં મનમાંથી વિકારો નીકળશે, પછી ધીમેધીમે મન શાંત થવું શરૂ થશે. ચોરી કરવાનું મન ન થશે અને બેઈમાની કરવાની ઇચ્છા ન થશે, પરંતુ તે મહાવરાની વાત છે. આમાં ભગવાન અને આસ્તિકતાની કોઈ વાત નથી." સાધુએ કહ્યું.

"મહારાજ, અમને તો સ્વયં પર જ ભારે ગુસ્સો આવે છે. ભલા એ પણ કોઈ વાત થઈ કે આપણે પોતાના હાથને જેમ હલાવીએ તેમ જ હાલે છે, પગને જેમ ચલાવીએ તેમ જ ચાલે છે. આ બદમાશ મન, અમારી હાજરી હોવા છતાં પણ અમારી વાત માનતું જ નથી. કોઈ એવી વાત બતાવો કે આ મન પણ અમારું કહ્યું માનવા લાગે."

"તે આટલું જલદી તો હાર માનશે નહીં, પરંતુ થોડું શિથિલ પડી શકે છે." કેવી રીતે ? જરા બતાવો ?" સર્વની જિજ્ઞાસા એકસાથે પ્રગટ થઈ ગઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

"એને ભૂખ્યું રાખવાની શરૂઆત કરી દો. અઠવાડિયામાં ઓછામાં ઓછો એક-બે દિવસ ઉપવાસ કરો. તકલીફ પડે તો દૂધ-ફળાહાર લો. મન આમતેમ દોડતું ઓછું થવા લાગશે."

ગ્રામજનો સંતુષ્ટ થઈ ગયા. તેમના માટે ધ્યાન સંપૂર્ણતયા નવી વાત હતી અને ઉપરથી આ પડકાર પણ હતો કે જ્યારે સર્વ અંગો તેમનું કહ્યું માનશે તો આ મન કેમ ના માને. બીજા દિવસે સુખલાલભાઈ જ્યારે ઘેર આવ્યા ત્યારે પોતાના જ ઘર પર બધા સભ્યોને સવારમાં ધ્યાન કરતાં જોયા. આમ છેવટે કેમ બન્યું તે જાણી તેઓ ચકિત હતા. કેટલાક બાળકો મહોલ્લામાં રમી રહ્યા હતા. તેમણે તેમને પૂછ્યું, "આજે બધા લોકો આમ આંખો બંધ કરીને શાંત કેમ બેઠા છે ?"

"ધ્યાન ધરી રહ્યા છે."

"કોનું ?"

"સ્વયંનું."

તે કંઈ સમજી શક્યા નહીં. ખચકાઈને પૂછ્યું, ધ્યાન તો દેવી-દેવતાનું કે ભગવાનનું કરવામાં આવે છે. તમે લોકો સાચેસાચું કેમ બતાવતા નથી. બાળકોએ ડરતાં ડરતા આંગણામાં રોકાયેલા સાધુઓ તરફ ઈશારો કર્યો.

સુખલાલભાઈ ક્રોધિત થઈને આંગણામાં પહોંચ્યા. સાધુ મજાથી ખાટલા પર બેઠા હતા. ભગવાં વસ્ત્રોમાં એક ઉંમરમાં મોટા અને બીજા યુવક જેવા હતા. જોવામાં લાગતું હતું કે તેઓ ગુરુશિષ્ય હશે. એ વેળા તેઓ હસીને પરસ્પર વાત કરતા હતા.

"તમે કોણ છો અને અહીં કેમ આવ્યા છો ?" તેમણે પ્રશ્ન પૂછ્યો.

"ભાઈ અમારી ચર્ચામાં વિઘ્ન પેદા કરો નહીં. ગામના બધા જ લોકો અમને ઓળખે છે, જે કંઈ પૂછવું હોય તે તેમને પૂછી લો. તેઓ જ તમારા સવાલોના ઉત્તર આપશે" અને સાધુ ફરીથી પોતાની વાતચીતમાં લાગી ગયા.

"આત્મા જ્યારે શરીરને છોડે છે ત્યારે તે શરીરની બધી યાદો પણ છોડી દે છે, પરંતુ કોઈકના આત્માને પોતાના જૂના શરીરની યાદ રહી જાય છે, આમ કેમ થાય છે ?" યુવાન સાધુએ પોતાની જિજ્ઞાસા દર્શાવી.

"તમે આ ગામમાં આત્મા-પરમાત્માનું ચક્કર કેમ ફેલાવી દીધું છે ? જે હોય જ નહીં તેના વિષયમાં તમે કેમ ભ્રમ ફેલાવી રહ્યા છો ?" સુખલાલ છંછેડાઈ ગયા.

"જો આત્મા નથી તો પછી તમે કેવી રીતે બોલી અને વિચારી રહ્યા છો ? શરીર તો મડદાનું પણ હૃષ્ટપુષ્ટ હોય છે, તે દેખાય પણ છે તો પછી કેમ બોલી શકતું નથી ? જે શક્તિ છે અને સંચાલનકર્તા છે તે જ આત્મા છે. હવે આ ચોરાનો પંખો ચાલી રહ્યો નથી, તમે કહેશો વીજળી નથી, પંખો છે, સ્વિચ છે, પરંતુ કાર્ય બંધ છે, કારણ કે ઊર્જા નથી. શું તમને ઊર્જા દેખાય છે ? ના, કારણ કે તે કેવળ અનુભવી શકાય છે."

સુખલાલ પગ પછાડતા ચાલી નીકળ્યા. તેમણે ભગવાનના અંધવિશ્વાસથી મહામુશ્કેલીએ ગ્રામજનોને મુક્તિ અપાવી હતી. માર્ક્સ, ફ્રોઈડ, ચાર્વાકના તર્કોથી તેમણે ગ્રામજનોને પ્રભાવિત કર્યા હતા. તેના પ્રયાસોથી આજ સુધીમાં તો ઘણા બધા ગામ નાસ્તિકતાની તરફ આગળ વધ્યા હતા. તેના પ્રયત્નોના જ ફળ સ્વરૂપે આસપાસના ગ્રામજનો ઈશ્વરને ઢોંગ માનવા લાગ્યા હતા અને આ બે લોકોએ તે જ ગામને સંમોહિત કરી દીધા.

સાંજના સમયે ફરીથી વિશાળ સભાનું આયોજન થયું. તે વિશાળ સભામાં આસપાસના ગામના બધા પ્રબુદ્ધ વ્યક્તિઓ હાજર હતા. સુખલાલે તેમને (સાધુઓને) પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું.

"તમે નાસ્તિક છો કે આસ્તિક ?" "ન + અસ્તિ અર્થાત્ નથી. અસ્તિ અર્થાત્ છો. હવે તમે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બતાવો કે તમે છો કે નહીં ? જો તમે કહો છો કે તમે છો તો તમે આસ્તિક થયા. જો તમે એને પરમાત્માના સંબંધમાં પૂછી રહ્યા હોય તો ? જો તમે માનતા હોય કે તમારું અસ્તિત્વ છે, તમારી વ્યક્તિગત ચેતના આત્મા છે, તો પછી તમારો સર્વનો સમૂહ પણ છે, એની સામૂહિક ચેતના અર્થાત્ પરમાત્મા પણ છે. એ કેવો છે, ક્યાં છે, આપણે આ ચક્કરમાં પડતા નથી. જ્યારે પોતાને સમજી લેશો તો તે પણ સમજમાં આવી જશે ?"

સુખલાલ ચૂપ હતા. તેનો તર્ક જવાબ આપી ગયો. ભલા તે પોતાને કેવી રીતે નકારી દે, જીવનનો કેવી રીતે અસ્વીકાર કરે.

"આ ભગવાં વસ્ત્રો કેમ પહેરો છો અને હરતાં ફરતાં રહો છો ?" આ તેમનો બીજો પ્રશ્ન હતો. ભગવાં વસ્ત્રોનું રહસ્ય અમે ગ્રામજનોને પહેલેથી બતાવી દીધું છે. હવે વાત રહી ફરતાં રહેવાની. અમે એટલા માટે ફરતાં રહીએ છીએ હરીફરીને દરેક જગ્યાએથી જ્ઞાન એકત્ર કરી શકીએ. ચરૈવતિ - ચરૈવતિ જ અમારું સૂત્ર છે."

"આ મનને નિર્વિચાર કરવાનું શું ચક્કર છે ?"

"કંઈ પણ નથી. અમે તો જીવન જીવવાની કલા પણ બતાવીએ છીએ. જીવન છે તો તેને જીવવાની કલા પણ આવડવી જોઈએ. ભલે શરીર હોય કે પછી મન, તેની શક્તિઓને ઓળખવી અને સદુપયોગ કરવો, શીખવું તો દરેકનું અનિવાર્ય કર્તવ્ય છે. અરે શરીરને તો પશુ પણ નિયંત્રિત કરી લે છે, મનને કરો તો ખરા સમજીએ."

સાધુઓની વાતે સુખલાલને વિચારવા માટે વિવશ કરી દીધા. બધા ગ્રામજનો જીવન જીવવાની કલાને શીખવા માટે પ્રયત્નશીલ થઈ ગયા. ચારેતરફ પ્રસન્નતા પ્રગટી ઊઠી.

---

ગૃહસ્થ જીવનમાં અનેક જવાબદારીઓ આવી પડે છે. મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પરંતુ એનાથી ડરવાથી શું લાભ ? ક્યારેક તો જીવન-સાથી પણ એનું સમાધાન આપી દે છે.

શેઠ જ્યારે ઘેર આવતા ત્યારે ભવિષ્યની સંભાવિત કઠણાઈઓની કલ્પના કરીને રાઈનો પર્વત બનાવી દેતા. ઘરના બધા જ લોકોને અને ખાસ કરીને પત્નીને મૂંઝવણમાં મૂકી દેતા. આ એમની રોજની ટેવ હતી.

પત્નીએ એમનું ચિંતન સુધારવા માટે નાટક રચ્યું. રડમસ ચહેરે ખાટલા પર સૂઈ ગઈ. ઘરનું કોઈ કામ ન કર્યું. દુકાનેથી શેઠ આવ્યા. એને જોઈને ચિંતિત થયા અને કારણ પૂછ્યું. પત્નીએ કહ્યું, "આજે એક કાબેલ જ્યોતિષી આવ્યા હતા. હાથ જોઈને કહ્યું કે તું સાઠ વર્ષ સુધી જીવીશ અને તારે આઠ બાળકો થશે. વિચારું છું સાઠ વર્ષોમાં કેટલું અનાજ ખાઈશ. બાળકોના પ્રસવની કેટલી પીડા સહેવી પડશે ? અને એમને સમર્થ બનાવવામાં કેટલું ધન જોઈશે ? આ બધાનો ભાર વહન કરતાં તો મારો દમ નીકળી જશે."

શેઠજી અકળાઈને બોલ્યા, "આટલું બધું એક દિવસમાં ઓછું જ થશે ? સમય આવશે ત્યારે ખર્ચની વ્યવસ્થા થઈ જશે. તું શા માટે ચિંતા કરે છે."

હવે સ્ત્રીને લાગ મળ્યો. એણે કહ્યું "તમે પણ રોજ મારી આગળ ભવિષ્યની ચિંતાનો બળાપો કાઢો છો. આટલી બધી જવાબદારીઓ નભાવવાની પડી છે. એમને પૂરી કરવાનું દૂર, એ માટે પ્રયાસ પણ કરતા નથી. એમ કેમ નથી કહેતા કે સમયાનુસાર સમસ્યાઓનો ઉકેલ તો મળ્યા જ કરશે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શ્રદ્ધાવાનને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે

માનવ શરીરમાં એ ચિરંતન આધ્યાત્મિક સત્ય છુપાયેલું છે. જ્યાં સુધી તે મળતું નથી ત્યાં સુધી ઇચ્છાઓ દુઃખમાં અટવાતી અહીંતહીં ભટકતી રહે છે. જ્યાં સુધી સત્યામૃતની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી મનુષ્ય વારંવાર જન્મ મરણના ચક્કરમાં અટવાતો રહે છે. મનુષ્યની બધી જ ક્રિયા પ્રત્યક્ષ કે પરોક્ષ રુપે તેની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહેતી હોવા છતાં નથી તો તેની કોઈ ઇચ્છા તૃપ્ત થતી કે નથી તેને આત્મસંતોષ મળતો.

પોતે પોતાનામાં રહેલ ચેતના સત્યને ઓળખવું સહેલી વાત નથી. જન્મ જન્માતરોના પ્રારબ્ધની સાથેસાથે વર્તમાન પરિસ્થિતિઓ પણ ધોખો આપવા માટે પૂરતી હોય છે. આપણું અસલી વ્યકિતત્વ એટલું સ્પષ્ટ છે કે તેની ભાવાનુભૂતિ એક ક્ષણમાં થઈ જાય છે. તે પડદામાં છુપાયેલું રહેતું નથી. છતાં પણ તે એટલું જટિલ અને ઇચ્છાઓના પડદામાં ઘેરાયેલું હોય છે કે તેના અસલી સ્વરૂપને ઓળખવું મુશ્કેલ થઈ જાય છે. સાધના અને ઉપાસના કરતાં કરતાં પણ ચારે ઘડીએ વિચલિત થઈ જવાય છે. આવી અસફળતાઓ જ જીવન લક્ષ્યમાં અવરોધક બને છે.

શ્રદ્ધારૂપી પ્રકાશ આત્માને સત્યની પ્રાપ્તિ માટે બનાવેલા માર્ગનું હંમેશાં માર્ગદર્શન કરતો રહ્યો છે. જ્યારે પણ મનુષ્ય એક પળ માટે પણ ભૌતિક ચમકદમક, કામિની અને કંચન તરફ મોહાસકત બને છે ત્યારે માતાની જેમ ઠંડા પાણીથી મોં ધોવડાવીને જગાડનારી શક્તિ આ શ્રદ્ધા જ હોય છે. સત્યના સદ્ગુણ, ઐશ્વર્ય સ્વરૂપ અને જ્ઞાનનો પાર બુદ્ધિથી પામી શકાતો નથી. તેના પ્રત્યે જે વિનય સહિત પ્રેમ ભાવના વિકસિત થાય છે તેને જ શ્રદ્ધા કહેવાય છે. શ્રદ્ધા સાધકને સત્યની સીમા સુધી સંભાળતી રહે છે.

શ્રદ્ધાના બળે જ મનુષ્યનું મલિન મન અશુદ્ધ ચિંતનને છોડીને વારંવાર પરમાત્માના ચિંતનમાં જોડાયેલું રહે છે. બુદ્ધિ પણ જડ પદાર્થોને છોડીને પરમાત્મજ્ઞાનમાં સૂક્ષ્મદર્શી થઈને દિવ્ય ભાવોમાં બદલાઈ જાય છે. મનુષ્યનું પોતાનું જ્ઞાન અને તાર્કિક શકિત એટલી બળવાન નથી હોતી કે આત્માને અનુકૂળ હોય તે રીતે જ તે સતત યોગ્ય, અયોગ્ય અને ઉપયોગી બિનઉપયોગીના યથાર્થ અને દૂરવર્તી પરિણામો વિચારી શકે. તર્ક મોટેભાગે ખોટાં સાબિત થાય છે. આવા સમયે પોતાના કર્મોની યોગ્યતા અયોગ્યતા પરમ પ્રેરક શકિતના હાથમાં સોંપવાથી મનમાં એક પ્રકારની નિશ્ચિતના આવી જાય છે. મનનો બોજ હળવો થઈ જાય છે. જેનું સુકાન પરમાત્માના હાથમાં હોય તેને કોનો ભય હોય ? સર્વશક્તિમાન સાથે સંબંધ સ્થાપિત કરવાથી જ મનુષ્ય નિર્ભય બની છે જાય છે, તેના સ્પર્શ માત્રથી જ મનુષ્યમાં અજેય બળ આવી જાય છે. વ્યક્તિત્વ સદ્ગુણોથી સભર અને દિવ્ય બની જાય છે. જીવનમાં આનંદ છલકાય છે. આ સંબંધ અને સ્પર્શની જ્યાં સુધી પૂર્ણ અનુભૂતિ થતી નથી ત્યાં સુધી તે શ્રદ્ધાના રૂપમાં પ્રગટતો અને વિકસતો રહે છે. તે એક પ્રકારે પાથેય છે, તેથી જ લક્ષ્ય, આત્મા, સત્ય અથવા તો પરમાત્માની પ્રાપ્તિ જેટલું તે મહત્ત્વ અને મૂલ્ય પણ ધરાવે છે.

પરમાત્મા પ્રત્યે અત્યંત ઉદારતાપૂર્વકની જે આત્મભાવના ઉત્પન્ન થાય છે તે જ શ્રદ્ધા છે. સાત્ત્વિક શ્રદ્ધાની પૂર્ણતામાં અંતઃકરણ આપોઆપ પવિત્ર થઈ જાય છે. શ્રદ્ધાપૂર્ણ જીવનને કારણે મનુષ્યનો સ્વભાવ એટલો સુંદર થઈ જાય છે કે જેને જોઈને શ્રદ્ધાવાન જાતે જ સંતુષ્ટ થઈ જાય છે. શ્રદ્ધા એ સરળ હૃદયની એવી પ્રીતિયુકત ભાવના છે જે શ્રેષ્ઠ પથ પર અગ્રેસર થવાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિદ્ધિ આપી જાય છે.

જ્ઞાનભક્તિનું નિરૂપણ કરતાં તુલસીદાસજી ઉત્તરકાંડમાં લખે છે -

**સાત્વિક શ્રદ્ધા ધેનુ સુહાઈ ।**
**જો હરિકૃપા હૃદય બસ આઈ ॥**
**જપ તપ વ્રત હમ નિયમ અપારા ।**
**જો શ્રુતિ કહ શુભ ધર્મ અચારા ॥**
**તેઈ તૃન હરિત ચરૈ જબ ગાઈ ।**
**એહિ વિધિ લેશૈ દીપ તેજરાશિ વિજ્ઞાનમય ।**
**જાતહિ જાસુ સમીપ જરહિં મદાદિક સુલભ સબ ॥**

જ્યાં સુધી મનુષ્યના અંતઃકરણમાં શ્રદ્ધારૂપી ગાયનો જન્મ થતો નથી, ત્યાં સુધી જપ, તપ, યમ, નિયમ વ્રત વગેરે જેટલાં પણ ધર્માચરણ છે તેમાં મનુષ્યની બુદ્ધિ સ્થિર રહેતી નથી. આ શ્રદ્ધા જ મનુષ્યને જીવનની મુશ્કેલીઓમાંથી પાર ઉતારે છે અને આત્મગુણોનો વિકાસ કરાવીને વિજ્ઞાનયુક્ત પરમાત્માના પ્રકાશ સુધી તેને પહોંચાડે છે.

સરળતા અને પવિત્રતાના સંયોગથી જ શ્રદ્ધાનું પ્રાગટ્ય થાય છે. પાર્થિવ વસ્તુઓથી ઊંચા ઊઠવા માટે સરળતા અને પવિત્રતા આ બંને ગુણો અત્યંત જરૂરી છે. ઇચ્છામાં જેટલી સરળતા અને પ્રેમમાં જેટલી પવિત્રતા હશે તેટલી જલદી શ્રદ્ધા બળવાન થશે. સરળતા દ્વારા પરમાત્માની ભાવાનુભૂતિ થાય છે અને પવિત્ર પ્રેમના માધ્યમથી તેની રસાનુભૂતિ થાય છે. શ્રદ્ધા આ બંનેનું સમ્મિલિત રૂપ છે. તેમાં ભાવનાઓ પણ છે અને રસ પણ છે. જ્યાં જ્યાં તેનો ઉદય થાય છે ત્યાં ત્યાં લક્ષ્ય પ્રાપ્તિનો માર્ગ સરળ બનતો જાય છે. અશ્રદ્ધાવાન વ્યક્તિઓ પાસે થોડુંક પણ કામ આવે તો તેઓ ગભરાઈ જાય છે પરંતુ આ જ કામને સાહસ અને ભાવના સાથે હાથ ધરવામાં આવે તો ગભરામણ અને મુશ્કેલીઓ પણ આનંદમાં ફેરવાઈ જાય છે. જે કામ એક બોજ જેવું લાગતું હતું તે કામ સરળ બની જાય છે.

પ્રાચીનકાળમાં પવિત્ર અંતઃકરણવાળા મહાન પુરુષો શ્રદ્ધાના બળે જ અજ્ઞાનના અંધકારમાં ભટકતા લોકોને સત્યમાર્ગ પર અગ્રેસર કરતા રહ્યાં છે. શ્રદ્ધાના પૂર્ણ પાઠ અને સાધનાની સ્થિરતા માટે તપ જરૂરી હતું. યુગ અને પરિસ્થિતિ બદલાવાં છતાં આજે પણ તે એટલું જ જરૂરી છે. પરમાત્મા સત્ય છે, તેના ગુણ અને સ્વભાવ અપરિવર્તનશીલ છે. તેને આજે પણ અનુભવી શકાય છે, મેળવી શકાય છે. પરંતુ તે મુજબની સ્થિતિ પ્રાપ્ત કરવામાં પરિર્વતન, હલચલ સાધનાઓ જેવી અનેક મુશ્કેલીઓ આવે છે. આ મુશ્કેલીઓથી ડર્યા વિના લક્ષ્ય પ્રાપ્તિની ભાવનાની સ્થિરતા માટે શ્રદ્ધા જરૂરી છે.

શ્રદ્ધા એક પ્રકારનું તપ છે. તે મનુષ્યને ઈશ્વરીય આદેશ પ્રમાણે ચાલતાં રહેવાની પ્રેરણા આપે છે. આળસથી બચાવી, કર્તવ્યપાલનમાં પ્રમાદને દૂર કરી સેવા ધર્મ શીખવાડે છે. શ્રદ્ધા અંતરાત્માને પ્રફુલ્લિત રાખે છે. આ પ્રકારના તપ અને ત્યાગથી શ્રદ્ધાવાન વ્યક્તિનું હૃદય પવિત્રતા અને શક્તિના ભંડારથી ભરાતું રહે છે. ગુરુ કંઈ ન આપે તો પણ શ્રદ્ધામાં રહેલી શક્તિ અનંત આકાશમાંથી તત્ત્વ અને સાધનને પોતાની સફળતા માટે આશ્ચર્યજનક રીતે ખેંચી લે છે. ધ્રુવ, એકલવ્ય, અજ, રાજા દિલીપને મળેલી સફળતાઓમાં તેમના અંતઃકરણમાં રહેલી શ્રદ્ધા જ કારણભૂત બની છે. તેમના ગુરુઓએ તેમનામાં રહેલી શ્રદ્ધાને પારખી લીધી હતી. જો આ પ્રકારની ઇચ્છાઓ પર ચાલવા માટે તૈયાર થઈ જઈએ તો વિશ્વશાંતિ, ચિરસંતોષ અને અનંત સમૃદ્ધિની પરિસ્થિતિ આપોઆપ ઊભી થઈ જશે. તેના દ્વારા સત્યનો ઉદય, પ્રાગટ્ય અને પ્રાપ્તિ જરૂર થાય છે. આ વાતને શાસ્ત્રોમાં ટૂંકમાં આ રીતે કહેવાઈ છે.

**શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાન લબ્ધવા પરાં શાન્તિચિરેણાધિગચ્છતિ ॥**
**(ગીતા)**

"જિતેન્દ્રિય તથા શ્રદ્ધાવાન પુરુષોને જ જ્ઞાન મળે છે. જ્ઞાનથી જ પરમાત્માની પ્રાપ્તિ થાય છે અને સત્ય નિકટતમ આવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્યનું શરણ જ સ્વીકાર્ય

સત્યની બાબતમાં મોટેભાગે એમ કહેવાય છે કે તે ધર્મ અધ્યાત્મનો વિષય છે. લોકવ્યવહાર સાથે તેને કોઈ લેવાદેવા નથી. ભૌતિક જગતમાં તો સર્વત્ર અસત્યની જ બોલબાલા છે. સત્યની પૂછતાછ ક્યાં થાય છે ? અહીંયાં ઈમાનદારી બેમોત મરી રહી છે. બેઈમાની ફૂલીફાલી રહી છે.

પ્રથમ દૃષ્ટિમાં આ તર્ક વાસ્તવિક જણાય છે. પરંતુ સહેજ ઊંડેથી વિચાર કરતાં તેમાં કોઈ સાર જણાતો નથી. આજકાલ ડગલે ને પગલે છળકપટનો આશરો લઈને અનૈતિક કાર્યો કરવામાં આવે છે. આમ છત્તાંય એ કહેવું ખોટું ગણાશે નહીં કે સત્યનો આશરો લીધા વિના કોઈ કાર્યને વેગ મળશે નહીં, પછી ભલે તે નકલી સત્ય કેમ ન હોય. પરંતુ આજની પ્રપંચપૂર્ણ દુનિયામાં એનું શરણ કોઈ સત્યશોધક જેટલું જ એક લૌકિક વ્યક્તિને માટે પણ જ અનિવાર્ય જણાય છે. એક કડવું સત્ય છે કે એક દગાબાજ પણ પોતાનો સોદો સત્ય અને તથ્યના આધાર પર જ નક્કી કરે છે, પછી ભલે તેનું જીવન જૂઠા વાયદાઓથી ભરપૂર હોય. જ્યાં સુધી તેને એ ભરોસો ન બેસે કે જે કંઈ કહેવામાં કે કરવામાં આવી રહ્યું છે તે સોએ સો ટકા સત્ય છે, ત્યાં સુધી તે તેના પર વિચાર કરવા માટે વિવશ બનશે નહીં. આવી સ્થિતિમાં એમ કેવી રીતે કહી શકાય કે વ્યાવહારિક જીવનમાં સત્યનું મહત્ત્વ ઓછું અને નહીંવત છે ? યથાર્થતા તો એ છે કે આજે દરેક વાતમાં આપણે સાચાખોટાનો જેટલો આશરો લઈએ છીએ, તેને અભૂતપૂર્વ જ કહેવો જોઈએ. કદાચ આ બાબત જોઈને જ ગોસ્વામી તુલસીદાસને આ લખવા માટે મજબૂર થવું પડ્યું હશે, **'જૂઠે લેના, જૂઠે દેના, જૂઠે ભોજન, જૂઠ ચલેના.'** આ આજની સ્થિતિનું વાસ્તવિક વર્ણન છે, પરંતુ આ વાતને પણ દરગુજર કરવી જોઈએ નહીં કે આ જૂઠા સત્યએ વ્યક્તિ અને સમાજને જેટલી દુષ્ટતા અને ભ્રષ્ટતા તરફ ધકેલ્યો છે તેટલી વસ્તુસ્થિતિને વાસ્તવિક રૂપમાં બતાવી દેવાથી અને સ્વીકારી લેવાથી સંભવિત થતી નથી. આથી એ કહેવું ખોટું નથી કે યથાર્થ સચ્ચાઈથી આ અનેકગણું ખતરનાક અને હાનિકારક છે. જો એનો ત્યાગ કરવામાં આવે, તો સમાજમાંથી ન માત્ર અનિચ્છનીયતાઓ અને અનૈતિકતાઓ ઘટશે, બલ્કે નાનામોટાની અને અમીરગરીબની અસમાનતાઓ નામશેષ થઈ જશે. બનાવટી સત્યની છત્રછાયામાં એમની વૃદ્ધિ થવાનો સારો અવસર મળી જાય છે. આ વ્યવહારની વિકૃતિ ન થાય, તો કદાચ અસલીની નકલના ધોખામાં આવીને ઠગવાનો-ઠગાવવાનો મોકો પણ ન રહે. આ પણ એ વાતને સાબિત કરે છે કે લૌકિક જીવનમાં સત્યથી બિલકુલ પિંડ છોડાવી શકાતો નથી. આ બીજી વાત એ છે કે ત્યાં તેનો ઉદ્દેશ થોડા સ્તરની સ્વાર્થસિદ્ધિ હોય છે.

સાધનસામગ્રી બનાવનારી કંપનીઓ પોતપોતાના સામાનને સર્વશ્રેષ્ઠ સ્તરનો જાહેર કરે છે અને તેમના ગુણો અને વિશેષતાઓના સંદર્ભમાં એવી લલચાવનારી જાહેરાતો આપે છે, માનો કે તેમની આગળ બીજી કંપનીઓને બંધ થવું પડે, પરંતુ કસોટીમાં તેમની વિશેષતાઓ ઠગારી નીવડે છે. ખોટા સિક્કા અને ખોટો માલ બનતો અને વેચાતો રહે છે. દેખાવમાં ગમે તેટલો અસલી જણાય છે, પરંતુ તેમનું નકલીપણું પ્રગટ થઈને જ રહે છે. ભલા, હીરાની હરીફાઈ કાંઈ કાચ કરી શકે ? સોનાની સામે રોલ્ડગોલ્ડ (બનાવટી સોનું)ની શી વિસાત ? ક્યાં રાજા ભોજ અને ક્યાં ગંગૂ તેલી ? જ્યાં આ વિશાળ ભેદ પારખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય, ત્યાં સર્જનકારના કૌશલ્યની પ્રશંસા જ કરવી જોઈશે, જેઓ પ્રથમ નજરમાં ખોટાની જગ્યાએ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાચા હોવાનો ભ્રમ પેદા કરે છે. કેટલાય લોકો આવી ભ્રાન્તિમાં પડીને આજકાલ છેતરાઈ જાય છે. વાસ્તવમાં અસત્યને ચલાવવા માટે સત્યની જાળ પાથરવી પડે છે અને ત્યારે જ કામ થાય છે. ખેતરના ચાડિયાથી કોણ પરિચિત નથી ? બધા લોકો જાણે છે કે ખેડૂતો પશુપક્ષીઓને છેતરવા અને બનાવટી ચોકીદારની ભૂમિકા નિભાવવા માટે નિર્જીવ અને નકલી રખેવાળ ઊભો કરે છે. તેને લેંઘો-ઝભ્ભો અને ટોપી પહેરાવીને અસલી માનવાકૃતિ સર્જે છે. એનાથી પક્ષીઓને યથાર્થ રખેવાળનો ભ્રમ થાય છે અને તેઓ તેનાથી દૂરને દૂર રહે છે. આ એ વાત પ્રમાણિત કરે છે કે સત્યમાં અસીમ શક્તિ છે, પછી ભલે તે ખોટું હોવાને કારણે તેનો પ્રભાવ સામાજિક ન હોય, પરંતુ મનીષીઓ આ તથ્યથી સંમત છે કે તે શક્તિશાળી છે અને તેનામાં પ્રભાવ અને આકર્ષણ જન્માવવાની અદ્ભુત ક્ષમતા છે. એનાથી વિપરિત જ્યારે તેની વાસ્તવિકતાની ખબર સર્વસાધારણ લોકોને પડી જાય છે ત્યારે તેની પોકળતા ખુલ્લી પડી જાય છે અને તે વેળા તેની પ્રત્યે લોકોને નફરત જન્મે છે.

બનાવટકારો પોતાની વસ્તુઓની શુદ્ધતાની બાબતમાં એવા એવા સોગંદ લે છે, જેમકે કળિયુગમાં કોઈ સતયુગી સત્યપ્રેમી જન્મી ગયો હોય અને જેને અસત્યનો સ્પર્શ પણ ન થયો હોય. આવા આધારો પર તેઓ પોતાનો માલ ખપાવે છે અને બજાર મેળવે છે. જ્યાં સુધી બનાવટ છુપાયેલી રહે છે ત્યાં સુધી તેઓ ખૂબ ધન કમાય છે. અસલિયત ખુલી જતાં, બીજા નામ અને બીજા લેબલથી તેમને ફરીથી વેચવા લાગે છે. આ વેળાએ પણ શ્રેષ્ઠતાની ઢોંસ મારતાં રહે છે, પરંતુ પડતીની વેળા આવતાં બધું જ ખોટું સાબિત થાય છે.

આધ્યાત્મિક સિદ્ધાંતોના પ્રબળ પક્ષકાર ધર્મતંત્રના દાવા પણ હવે સત્ય અને તથ્ય પર ક્યાં પાકાં ઉતરે છે ? મોટાભાગના મામલામાં તેનું આચરણ દ્વિમુખી વ્યક્તિત્વ જેવું જણાય છે. મોં સામે ઉચ્ચ આદર્શોની વાતો હોય છે, પરંતુ પાછળ વ્યક્તિત્વમાં પોકળતા દેખાય છે. પરંતુ તે આકર્ષક મોહરાને કારણે ધર્મ-અધ્યાત્મ પ્રત્યે હજુ પણ લોકોનું આકર્ષણ ટકેલું છે. સાચો માર્ગ બતાવનાર અને યોગ્ય માર્ગ પર લઈ જનારી તો એકલ-દોકલ જ સંસ્થાઓ હોય છે, બાકીની તો ગેરરસ્તે દોરે છે. આમ છતાંય ધર્મ અને ધાર્મિકતા હજુ પણ જીવિત છે. તેનું કારણ એક જ છે - સત્યનો સ્વાંગ.

એવું કહેવાય છે કે શાસનસત્તા અથવા રાજનીતિ અસત્યનો આશરો લીધા વિના ચાલે નહીં, પરંતુ તેમાં સચ્ચાઈનો સાધારણ અંશ પણ નથી. જો રાજનીતિના તત્ત્વાર્થ પર વિચાર કરવામાં આવે, તો આપણને જોવા મળશે કે રાજસત્તાના સંચાલન માટે જે નીતિ નિર્ધારિત થાય છે, વાસ્તવમાં તે જ 'રાજનીતિ' છે. એમાં અનીતિ, કૂટનીતિ જેવા શબ્દોનો લેશમાત્ર પણ ભાવ નથી. આથી એ કહેવું ખોટું જણાશે કે અન્યાયનો આધાર લીધા સિવાય કોઈ રાજનેતા બની શકતો નથી. વાસ્તવમાં આજે રાજનીતિ જે રીતે પતિત અને ભ્રષ્ટ થઈ છે કે, જ્યારે એની ચર્ચા થાય છે ત્યારે ધ્યાન એના શબ્દાર્થ પ્રત્યે ન જતાં અનાયાસ ભાવાર્થ તરફ ખેંચાઈ જાય છે. વર્તમાન સમયમાં આ બુરાઈનો પર્યાય બની છે. આથી શાસનતંત્ર સિવાયના અન્ય ક્ષેત્રોમાં પણ લોકો બીજાના દાવપેચયુક્ત વ્યવહારને નિર્દેશ કરવા માટે કથિત શબ્દનો મોટાભાગે ઉપયોગ કરે છે. વાસ્તવમાં જો રાજનીતિ આ જ છે, તો હવે એનો યજ્ઞોપવીત સંસ્કાર થવો જ જોઈએ અને અર્થબોધ કરાવીને એ દીક્ષા આપવી જોઈએ કે ગરિમાને અનુરૂપ વ્યવહાર થાય, નહીંતર નિમ્ન અવસ્થામાં પડી રહીને રાજનેતાઓને વિશેષ નિમ્ન બનાવશે તથા રાષ્ટ્રને ઘોર વિપત્તિમાં ધકેલીને જનતાનું અપાર અહિત કરશે. આમ નીતિનો અર્થ સત્ય, ધર્મ, સદાચાર છે. આ દૃષ્ટિએ રાજનીતિ તેને કહેવાય જેમાં આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બધા તત્ત્વોનો સમાવેશ હોય. આ તે સ્થિતિ છે, જેમાં તે પોતાના સંપૂર્ણ ભાવને પ્રગટ કરે છે. આ રીતે વિચારતાં એ જ જણાશે કે રાજનીતિ પણ બીજી રીતે આપણને સત્ય આચરણની જ પ્રેરણા આપે છે. એમાં અન્યાયને અપનાવવાની અથવા અનીતિનો આશરો આપવા જેવી વાત નથી.

જે સત્ય આચરણને માત્ર અંતઃકરણ માટે આવશ્યક ગણાવે છે, તે વાસ્તવમાં આપણને ગેરરસ્તે દોરે છે. જે એમ કહે છે કે ધ્યાન જ સત્ય છે અને એના દ્વારા સત્યના પ્રકાશ સુધી પહોંચી શકાય છે, તે પણ એક પ્રકારનો દેખાવ છે. સાચું તો એ છે કે બાહ્ય જીવનને ચારિત્ર્યવાન બનાવ્યા સિવાય ધ્યાન લાગી શકતું નથી કે ન તો અન્તર્જગતમાં પ્રવેશ કરી શકાય છે. સત્યનું પરિપાલન અન્તર્જગતનો વિષય છે અને બહારની દુનિયામાં એની કોઈ જરૂરત નથી, એ કથન એકદમ ખોટું છે. જો બહારનું દ્વાર જ બંધ હોય, તો અંદર પ્રવેશ મેળવવો કઈ રીતે સંભવ થશે ? મનુષ્યનું વ્યાવહારિક જીવન જો મલિન અને વિકૃત રહે, તો ભલા આશા કેવી રીતે કરી શકાય છે કે અંતઃકરણ પવિત્ર હશે અને ધ્યાન પ્રખર. પ્રવેશ દ્વાર બહારથી અંદરની તરફ ખૂલે છે, બહાર બંધ રહેવાથી અંદર જવાનો માર્ગ પણ રોકાઈ રહેશે. જેઓ વ્યવહારને ગંદો રાખીને અંતર મનને નિર્મળ બનાવવાની વાત વિચારે છે, તેઓને નાદાન જ નહીં, નાસમજ પણ કહેવા પડશે, કારણ કે માનવીસત્તા એક સંપૂર્ણ એકમ છે, તે અંદર-બહાર અલગ અલગ હોઈ શકે નહીં. એકનું સંપાદન થવાથી બીજાની પ્રાપ્તિ આપોઆપ થઈ જાય છે. આથી એમ કહેવું ઉચિત ગણાશે નહીં કે દૈનિક જીવનમાં નૈતિક બનવાની આવશ્યકતા નથી.

કાંટાથી કાંટો કાઢવાનો સિદ્ધાંત પ્રસિદ્ધ છે. લોખંડને કાપવા માટે લોખંડ જોઈએ. વિષનો ઈલાજ વિષથી કરવો પડે છે. દીપક જ દીપકને પ્રગટાવવામાં સમર્થ છે. આ જ રીતે સત્ય (જ્ઞાન)ની પ્રાપ્તિ સત્યથી જ થઈ શકે છે. અસત્ય આચરણ તો એનાથી માઈલો દૂર લઈ જાય છે. આથી એ કહેવું ઠીક જ છે કે સત્યની જેટલી આવશ્યકતા આત્મોન્નતિ માટે છે, તેનાથી સહેજ પણ ઓછી આવશ્યકતા બાહ્ય વ્યાપાર અને લોકવ્યવહારમાં નથી, કારણ કે બંને એકબીજા પર આધારિત છે. પહેલાંના લોકોને આ તથ્ય પર દૃઢ શ્રદ્ધા હતી, આ કારણે આ પ્રયોગ લાખો વર્ષ પૂર્વે સતયુગમાં થયો અને સંપૂર્ણ રીતે સફળ રહ્યો. ભૌતિક પ્રગતિમાં એનાથી કોઈ પડદો પડતો હોય એવી કોઈ વાત નથી. એનાથી તો સાર્વજનિક જીવનમાં વિશ્વસનીયતા અને પ્રામાણિકતા સવિશેષ વધે છે તથા સમાજનું સહજ સન્માન પ્રાપ્ત થાય છે. આથી આ કથનમાં કોઈ તથ્ય નથી કે બેઈમાનીની અહીં બોલબાલા છે અને સત્યની હાર થાય છે. જો વસ્તુસ્થિતિ આ જ હોત, તો ઈમાનદારોની પૂજા કોઈ પણ જગ્યાએ અને ક્યારેય પણ ન થાત, તેને ઈનામ ન મળત, સર્વત્ર તેનું અપમાન જ થાત. છળકપટથી બેઈમાન ભલે જીતી જાય, પરંતુ ઊંડાણથી આ વાતની તપાસ કરવામાં આવે કે સાચા અર્થમાં કોણ જીત્યું, કોણ હાર્યું તે જોઈશું તો ખબર પડશે કે હારેલા સત્યમાં તે ગર્વ, ગૌરવ અને સંતોષ થાય છે, જેને અસત્ય જીતીને પણ પ્રાપ્ત કરી શકે નહીં. તેનો અંતરાત્મા તેને ધિક્કારે છે. મહાભારતના યુદ્ધમાં જ્યારે કર્ણનો અન્યાયપૂર્વક વધ થયો ત્યારે જોવા જઈએ તો પાંડવોની જીત સુનિશ્ચિત થઈ ગઈ, પરંતુ તે કહેવાતા વિજય પર ભગવાનનું મન કેટલું ઉદાસ હતું, તેને યુધિષ્ઠિરને કહેવાયેલા ભગવાનના નીચેના કથનથી સ્પષ્ટ જાણી શકાય છે -

ઉદાસીનતામાં ભગવાન બોલ્યા -

**न भूले आप केवल जीत को ले, नहीं पुरुषार्थ केवल जीत में है, विभा का सार शील पुनीत में है ।**

\- રશ્મિરથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાબા ભારતી અને ખડ્ગસિંહની વાર્તા પણ એ બતાવે છે કે અનૈતિકતા ક્યાંય ચાલતી નથી, તેનો સર્વત્ર પરાજય થાય છે. આ દૈનિક જીવનમાં સત્યનો ખોટો ઢોંગ ન રચવામાં આવે, તો ભલા કોણ કોને છેતરી શકે ? સત્યનો સજાવેલ બાગ જ વ્યક્તિને કુચક્રમાં ફસાવે છે. આ જ અસત્યની નૈતિક હાર છે. આ દૃષ્ટિએ વિચારવાથી એ નિષ્કર્ષ પર પહોંચવું પડશે અને એ જ કહેવું પડશે કે, **"સત્યમેવ જયતિનાનૃતં"**, સત્યનો જ વિજય થાય છે, અસત્યનો થતો નથી. મુંડક ઉપનિષદના ઋષિ માત્ર આટલું જ કહીને અટક્યા નહીં, તેઓ આગળ પણ કહે છે, **"સત્યેન પન્થા વિતતો દેવયાનઃ । યેનાક્રમન્ત્યૃષયો હ્યાપ્તકામા, યત્ર તત્સત્યસ્યપરમં નિધાનમ્ ।** અર્થાત્ જે માર્ગથી પ્રિયવર ઋષિગણ જાય છે અને જ્યાં તે સત્યનો ભંડાર છે, એવો દેવોનો-દિવ્યતાનો તે માર્ગ અમારા માટે સત્ય દ્વારા જ ખુલે છે. સ્પષ્ટ છે કે સત્ય પથ સિવાય મનુષ્યની કોઈ ગતિ નથી.

અહીં એ કહેવું ઉપર્યુક્ત ન ગણાશે કે સાંસારિક જવાબદારીઓના નિભાવમાં આપણે અસત્યનો જ આશરો લઈએ છીએ. આશરો તો સત્યનો જ લઈએ છીએ, તફાવત ફક્ત એટલો જ છે કે તે મિથ્યા માટે હોય છે અને મિથ્યાના પાયા પર જ ઊભો હોય છે. આપણે થોડું સાહસ કરીએ, પરાક્રમ બતાવીએ, છલાંગ લગાવીએ તો આગળના કદમમાં તે પણ શક્ય બની શકે છે, કે જેમાં સત્યનો આધાર ફક્ત સત્યના માટે હોય, મિથ્યાને માટે ન હોય. આ જ અપનાવવા યોગ્ય છે, આ જ લક્ષ્ય છે, આ જ ઉદ્દેશ છે અને એમાં જ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

❖

---

જ્યારે પતિ-પત્ની પરસ્પર હળીમળીને રહે છે ત્યારે ઘર સ્વર્ગસમાન બની રહે છે. ચારેબાજુ આનંદ જ આનંદ વ્યાપી જાય છે. પરિસ્થિતિઓ ગમે તેટલી વિકટ હોય પ્રેમમાં ઓટ આવતી નથી.

મૅરી અને ટોમસનું દામ્પત્યજીવન અનન્ત પ્રેમથી ભરેલું હતું. તેઓ દર વર્ષે લગ્ન જયંતી ઉજવતા અને નાની મોટી ભેટ એક બીજાને આપતાં.

એ વર્ષે લગ્નનો એ દિવસ ફરી આવ્યો. બંને એકબીજાને ઉપહાર આપવાની યોજના ઘડવા લાગ્યા. પણ ગરીબ હોવાથી ખિસ્સા ખાલી હતા.

ટૉમસે પોતાની પત્ની માટે સુંદર વાળ માટેની સુંદર ક્લિપ ખરીદવાની વાત વિચારી. મૅરી વિચારવા લાગી પતિના હાથની ઘડિયાળ માટે સુંદર ચેઈન ખરીદવી. બંનેના મનોરથો મનમાં હતા. એની વ્યવસ્થા થઈ શકતી ન હતી. દિવસ નજીક આવી પહોંચ્યો.

ટૉમસ જૂની ઘડિયાળ ખરીદનારની દુકાને ગયો અને ઘડિયાળ વેચીને સુંદર ક્લિપ ખરીદી. મનમાં ખૂબ પ્રસન્નતા હતી.

મૅરી શું કરત ? એણે સુંદર વાળ ખરીદનારની દુકાને જઈ પોતાના વાંકડિયા વાળ કપાવીને મળેલા પૈસાથી ઘડિયાળની ચેઈન ખરીદી લાવી. માથા પર ટોપો પહેરી લીધો.

દિવસ આવ્યો ઉપહાર આપવાનો. બંનેએ એકબીજા તરફ હાથ લંબાવ્યો. ક્લિપ ક્યાં લાગે વાળ તો હતા નહિ. ચેઈન ક્યાં બાંધે ઘડી ગાયબ. પૂછતાં તથ્ય બહાર આવ્યું. બંને ઉપહાર કામ આવે એમ ન હોવા છતાં બંનેએ એકબીજાના દિલ સદા માટે જીતી લીધા. બંનેની આંખોમાં પ્રેમના આંસુ હતા. આ રીતે એ લગ્નદિવસની જયંતી ઉજવાઈ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રેમ સિવાયનું સર્વસ્વ નિરર્થક

પ્રેમરૂપી પ્રકાશનો આધાર લઈને મનુષ્ય આ સંઘર્ષમય જીવનયાત્રાને સફળતાથી પાર પાડી શકે છે. પ્રેમ જીવનની સર્વોચ્ચ પ્રેરણા છે, બાકીની બધી પ્રેરણાઓ અંધકારમય છે. પ્રેમ પ્રેરિત કર્મોથી સંસારની રચના થાય છે, જ્યારે અન્ય પ્રેરણા તો સંસારમાં વિનાશ અને ખરાબીઓ વધારવાનું કારણ બને છે. જીવનને સમૃદ્ધ બનાવવા માટેનો અને પરમ ધ્યેયની પ્રાપ્તિ માટેનો એક જ રસ્તો, એક જ નિયમ છે - પ્રેમ. પ્રેમ એ આત્માનો પ્રકાશ છે. આ મંગલમય સૃષ્ટિ માટે પ્રભુનું વિધાન પ્રેમ છે. જે જીવનમાં પ્રેમને પ્રાધાન્ય આપે છે તેને માટે સંસાર સ્વર્ગ બની જાય છે, સંસાર જ ભગવાનનું મંદિર અને જીવન સુંદર બાગ બની જાય છે.

પ્રેમમાં સોદાબાજી થતી નથી. પ્રેમ પામવાની ઇચ્છાથી નહીં પણ કંઈક આપવાની ભાવનાથી થાય છે. પ્રેમ કોઈ બદલો કે ઈનામની આશા રાખતો નથી. પ્રેમ તો આપવાની વસ્તુ છે, તેમાં સતત આપતાં રહેવાનું છે, લેવાનું હોય તો તે છે પ્રેમ. પ્રેમની પૂર્તિ પ્રેમથી જ થાય છે. પોતાને કૃતાર્થ કરવા માટે પ્રેમ કરાય છે. પ્રેમ સ્વાર્થ માટે નહીં, પરંતુ પ્રેમ પામવા માટે કરવો જોઈએ. તમારી પાસે જે કંઈ હોય તે પ્રેમ માટે ઉન્મુક્ત ભાવે લૂંટાવતા રહો.

પ્રેમ કોઈ બંધનોમાં બંધાતો નથી. તેને સમય, મર્યાદા, રંગ, રૂપ, જાતિ, વર્ણ વગેરે કોઈ પણ બંધનો નડતાં નથી. તે દરેક સમયે બધાંને માટે એકસરખો અચળ છે. પ્રેમ સાધનાનો આ બીજો નિયમ છે. સવારે કોઈને પ્રેમ કરીએ અને સાંજે ન કરીએ આ એક પ્રકારનો ધોખો છે. મંદિરમાં આંસુ સારતો પ્રેમ દીનદુઃખીઓને જોઈને વ્યથિત ન બને તો તે પ્રેમ પ્રેમ નહીં એક ઢોંગ છે. બીજાનું ખૂન કરનાર વ્યક્તિ ઘરના સભ્યો સાથે પ્રેમ કરે તો તે પ્રેમ પ્રેમ નહીં પણ સ્વાર્થ છે, ભોગ છે. બીજાઓના બાળકો સાથે કડવું વર્તન કરનાર માબાપ પોતાના બાળકોને પ્રેમ કરી શકતાં નથી. બીજાઓની સાથે છળકપટ અને ધોખો કરનાર વ્યક્તિ કોઈને પ્રેમ કરે તે મુશ્કેલ છે. ઘર, બહાર, મંદિર, મસ્જિદ, સમગ્ર જાતિ, વર્ણ બધામાં એકસરખી રીતે ફેલાઈને આપણી નસેનસમાં સમાઈ જાય અને જીવનનું એક અંગ બની જાય તે જ સાચો પ્રેમ છે અને તે જ પ્રેમી કહેવડાવવાને લાયક છે. જો આ કસોટી પર પાર ઉતરનારા પ્રેમપૂજારીઓની સંખ્યા વધી જાય તો આ ધરતી સ્વર્ગ બની જાય. સંત કબીરે કહ્યું છે -

**પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન ચિન્હે કોય ।**
**જેહિ પ્રેમહિ સાહિબ મિલૈ પ્રેમ કહાવૈ સો ય ॥**

પ્રેમ આત્માનો સહજ પ્રકાશ છે જે પ્રત્યેક જીવનમાં રહેલો છે. તેને મેળવવા માટે ધનદોલતની જરૂર પડતી નથી. પ્રેમનો અગાધ સમુદ્ર આપણી ચારેબાજુ અંદર બહાર ઉછાળા મારી રહ્યો છે. આપણી હૃદય નગરીમાં ભરાયેલી ગંદકી, વિક્ષેપ, અહંકાર, સ્વાર્થ, પદ, પ્રતિષ્ઠા વગેરેને દૂર કરીને આ પ્રેમ સમુદ્રનું મધુર અમૃત હૃદયમાં ભરી લેવાની જરૂર છે, પરંતુ દુઃખ એ વાતનું છે કે મનુષ્યની અમીરી, પદ, પ્રતિષ્ઠા અને અહંકાર આ સહજભાવને સફળ થવા દેતા નથી. જો આપણે પરમાત્માનો પ્રકાશ પ્રાપ્ત કરવો હોય તો આ બનાવટને દૂર કરવી જોઈએ. પીડિત માનવો, દીનદુઃખીઓ અને પશુ-પક્ષીઓ વચ્ચે હૃદય ખોલીને આવવું પડશે અને તેમની હારમાં ઊભાં રહેવું પડશે. અહીંયાં કોઈ સબળનિર્બળ, અમીરગરીબ કે ઊંચનીચ નથી. બધા એક જ ઈશ્વરના સંતાનો છે. દિલ ખોલીને અને બધાં ભૌતિક આવરણો ઉતારીને પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ. બધાંની સાથે સહાનુભૂતિ અને સહયોગ સાધી આપણાં કર્તવ્યને નિભાવવાનું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રેમ બધાં ભૌતિક આવરણોથી ઉપરની ચીજ છે. ભૌતિક આવરણોનો ત્યાગ કર્યા વિના સાચી પ્રેમ સાધના શક્ય નથી.

પ્રેમ માટે સ્વયંને ત્યાગનાર જીવન જ વાસ્તવમાં જીવન કહેવડાવવાને લાયક છે. જીવનમાં વિચાર, પરિસ્થિતિઓ, મનુષ્યનો વિશ્વાસ અને સ્થૂળ દેહ પણ બદલાતો રહે છે. આ પરિવર્તનશીલ સંસારમાં બધું જ નાશવંત છે, અજર અમર કોઈ હોય તો તે છે પ્રેમ.

પ્રેમની કિંમત બલિદાનથી ચૂકવી શકાય છે. મહાત્મા ગાંધીએ દેશ સાથે અને માનવતા સાથે પ્રેમ કર્યો હતો અને તેના માટે જ પોતાની જાતનું બલિદાન આપવું પડ્યું. દેશપ્રેમી રાણાપ્રતાપ અરવલ્લીના ઘાટોમાં ભૂખો તરસ્યો ફર્યો. ધર્મ સાથે પ્રેમ કરનાર તેગ બહાદૂર ગુરુ ગોવિંદસિંહના બાળકોએ મુસલમાનોના હાથે બલિદાન સ્વીકાર્યું હતું. આઝાદીના લડવૈયાઓએ શૂળી, ફાંસી, ગોળીઓ અને તોપોનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. આવા પ્રેમીઓની વિદેશોમાં પણ ખોટ નથી. જેમણે પોતાના વિશ્વાસ, ધ્યેય, ઉદ્દેશ, લક્ષ્ય વગેરેને પ્રેમ કર્યો છે, તેઓએ પોતાના જીવનની પળેપળે સમર્પિત કરી અને તેને માટે હસતાં હસતાં બલિદાનની વેદી પર ચઢી ગયા છે.

પોતાના આરાધ્યના પ્રેમમાં મસ્તાન મીરા ગાતી હતી -

**એરી મૈં તો પ્રેમ દીવાની, મેરા દરદ ન જાને કોય ।**
**શૂલી ઉપર સેજ પિયાકી, કિસ વિધ મિલના હોય ॥**

બેશક પ્રેમ માર્ગ પર કાંટા તો હોય છે જ, પરંતુ પ્રેમી જ્યારે પોતાના પ્રેમ માટે તે કાંટાને ફૂલ સમજીને ગળે લગાડે છે અને આગળ વધે છે ત્યારે મીરાનું ઝેર અમૃત બની જાય છે અને ગાંધીની ગોળી તેના અમર જીવનનું કારણ બની જાય છે. ભટકતા રાણાપ્રતાપ મેવાડના મુગટ બની ગયા. કૃષ્ણ પ્રેમમાં મસ્ત સૂરદાસ અને રામ પ્રેમી તુલસીદાસ આજે ઘરેઘરે માનવહૃદયમાં મૂર્તરૂપે વિરાજમાન છે. પ્રેમ જ્યારે કાંટા પરથી પસાર થઈ સ્થિર બને છે ત્યારે જ તેનું વાસ્તવિક રૂપ નિખરી ઊઠે છે. જેઓ આ અવરોધોની પરીક્ષામાં પ્રેમપંથ પર ચાલીને અંતિમ સિદ્ધિ સુધી પહોંચી જાય છે તેઓ જ સાચું જીવન જીવ્યા છે અને આજે પણ જીવિત છે.

પોતાની પ્રેમસાધનાના બળ પર સત્યની ઉપર્યુક્ત કસોટી પર આગળ વધો. તુચ્છ સ્વાર્થો અને લેણ-દેણ માટે પ્રેમ શબ્દનો દુરુપયોગ કરી તેને કલંકિત ન કરો. સમગ્ર માનવજાત સાથે, પ્રાણીમાત્ર સાથે અને સમગ્ર વસુધા સાથે ઉન્મુક્ત ભાવે પ્રેમ કરો. પ્રેમમાં અમીરગરીબ, ઊંચનીચ, તારુંમારું, નાતજાત, ભાષાવાદ કે પ્રાંતીયતા જેવા કોઈ ભેદભાવને સ્થાન નથી. આ સંકુચિત બંધનોને તોડીને જ્યારે તમે પ્રેમ પંથ પર અગ્રેસર થશો ત્યારે જ તે વિશ્વપ્રેમ સ્વરૂપનો પૂર્ણ સાક્ષાત્કાર થઈ શકશે. જ્યોર્તિમય આત્માના પૂણ્ય પ્રકાશમાં જીવન લક્ષ્ય તરફ અગ્રેસર બનો.

"આ દુનિયા નશ્વર છે મહાત્મન્ ! મને આમાં કંઈ સાર દેખાતો નથી. હવે તો બસ મને ઈશ્વરને મેળવવાની ઇચ્છા છે. આપ મને દીક્ષા આપીને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ દેખાડો." આમ કહેતાં કહેતાં તે નવયુવકે આચાર્ય રામાનુજને પ્રણામ કર્યા અને તેમની નજીકમાં એક બાજુ બેસી ગયો. આચાર્ય રામાનુજે એક સીધો જ સવાલ પૂછ્યો, "તેં કોઈને પ્રેમ કર્યો છે ?" તે યુવકે ઉત્તર આપ્યો - "મારે કોઈની સાથે પ્રેમ નથી. મને તો દુનિયા પ્રત્યે કોઈ મોહ જ નથી, તો કોને પ્રેમ કરું ? હું તો ભગવાનને મેળવવા ઇચ્છું છું." આચાર્ય રામાનુજ બહુ મીઠી વાણીમાં બોલ્યા, "ઈશ્વરને પામવાની તો એક જ કસોટી છે અને તે છે પ્રેમ. જેના હૃદયમાં પ્રેમ ન હોય તે ઈશ્વરને મેળવી શકતો નથી. પ્રેમ જો સાંસારિક હોય તો તેને શુદ્ધ કરી શકાય છે, પરંતુ જેણે પ્રેમની ચોટ અનુભવી જ નથી તે પરમાત્માને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? તેથી હું લાચાર છું. તને દીક્ષા કેવી રીતે આપી શકું ?"

આચાર્ય રામાનુજ જેવા મહાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અધ્યાત્મવાદીના મુખેથી પ્રેમને પરમેશ્વર સમકક્ષ કહેવો કોઈ આશ્ચર્યજનક વાત નથી. વાસ્તવમાં દુનિયામાં જો કંઈ અપાર્થિવ હોય તો તે છે પ્રેમ. જો પ્રેમને વાસનામાં ન ફેરવવામાં આવે તો મનુષ્ય ધરતી પર હોવા છતાં પણ અલૌકિક સુખ અને ઈશ્વર તત્ત્વની અનુભૂતિ કરી શકે છે, કેમકે શુદ્ધ પ્રેમ જ પરમેશ્વર છે.

મીરા "મૈં તો પ્રેમ દીવાની" કહીને નાચતી હતી. ત્યાં કોઈ દેહધારી તો હતો નહીં, પરંતુ પ્રેમની પ્રાણ સત્તામાં જ તેને પરમેશ્વરની ઝાંખી થતી હતી. મીરાની સખીઓ તેને પૂછતી કે, "મીરા તું બાવરી બની ગઈ છે, કે પોતાનું બધું છોડીને ભટકી રહી છે. તારો ભગવાન તો નિષ્ઠુર છે, તારી પાસે કદી આવતો જ નથી." સખીઓની આટલી વાતથી તો મીરા નારાજ થઈ જતી અને કહેતી - "સખી રે, મારી સંગ સંગ નાચે ગોપાલ." સખીઓ આમાં કશું સમજી શકતી નહીં, પરંતુ મીરા જાણતી હતી કે તે દિવ્ય પ્રેમના દોરે જ તેણે અવિનાશ સત્તાને બાંધી રાખી છે. તેના પ્રેમમાં ઓતપ્રોત ભગવાન તેની આસપાસ ફરી રહ્યા હતા. મીરા જે રીતે નચાવતી તે રીતે તેઓ નાચતા હતાં.

---

એક વૃદ્ધ તીર્થયાત્રા કરવા ત્રણ વર્ષ માટે નીકળ્યો. ચારે દીકરાને બોલાવીને પોતાની ભેગી કરેલી મૂડી એમના હાથમાં સોંપી દીધી. કહ્યું પાછો આવીશ ત્યારે લઈ લઈશ. જો પાછો ન ફરું તો એ તમારી. ચારેને સો સો રૂપિયા આપી દીધા.

એકે એમને સલામત રીતે રાખી દીધા. બીજાએ એ રૂપિયા વ્યાજે મૂકી દીધા. ત્રીજાએ મોજશોખમાં ઉડાવી દીધા. ચોથાએ વ્યવસાય કરવાનું શરૂ કર્યું.

ત્રણ વર્ષ પછી જ્યારે એ વૃદ્ધ પાછો ફર્યો ત્યારે મૂડી પાછી માગી. એકે જેવી હતી એવી પાછી આપી દીધી. બીજાએ વ્યાજ સાથે પાછી આપી. ત્રીજાએ ખર્ચાઈ ગયાની કથા સંભળાવી અને આપવાની અશક્તિ દર્શાવી. ચોથાએ વ્યવસાય કરીને ચાર ગણી મૂડી પાછી આપી.

બાપે ચોથાની સૌથી વધુ પ્રશંસા કરી અને તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો. ત્યાર પછી એની બુદ્ધિની પ્રશંસા કરવામાં આવી જેણે વ્યાજ સાથે મૂડી પાછી આપી હતી.

વૃદ્ધે બધાંને સમજાવતાં કહ્યું, "રૂપિયા વ્યાજે મૂકવાથી અને ધંધામાં રોકવાથી એ વધી શકે છે એ બધાને ખબર છે. પણ એના માટે પ્રયાસ પુરુષાર્થ તો એ જ કરે છે જે પોતાના સ્વાર્થથી ઉપર ઊઠીને કૌટુંબિક જવાબદારીઓનું પાલન શીખે છે. કુટુંબમાં રહીને પણ આ ભાવ વિકસિત ન કરી શકતાં બુદ્ધિના ઉપયોગનો ઉમંગ નથી ઉભરાતો. તમારી આ જ પરીક્ષા લેવા માટે હું તીર્થયાત્રાએ ગયો હતો.

❑❑❑

પ્રતિષ્ઠા અર્જિત કરવા માટે આખી જિંદગી ખપાવવી પડે છે. બદનામી તો એક દિવસમાં પણ હવાની સાથે ફેલાઈ શકે છે.

OOO

આળસ અને પ્રમાદના ચોરને પતન અને પરાભવનાં ગુપ્તચરો સહજ રીતે જ શોધી લે છે અને એને નિમ્ન અપરાધીઓની પંક્તિમાં લાવીને ખડા કરી દે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નાગેશનું તપ

ધર્મ અને દર્શન, સાહિત્ય અને સંસ્કૃતિનું પતન જોઈને નાગેશ ભટ્ટનું સ્વાભિમાની મન વિચલિત થઈ ઊઠયું. તેમણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આંર્ષ સાહિત્યનો અનિચ્છનીય ભાગ સુધારીશ નહીં, જ્યાં સુધી શુદ્ધ અને સાચા દર્શનનું નિર્માણ કરીશ નહીં ત્યાં સુધી ભૂખે મરવું પડે તો પણ કોઈ કામ કરીશ નહીં.

સાંજ સુધીમાં જે કંઈ મળે તે ખાઈને આખો દિવસ તેઓ આર્ષગ્રંથોની શોધ, પઠનપાઠન, મનનચિંતન અને લેખનસંકલનમાં મગ્ન રહેતા હતા. પોતાની સંસ્કૃતિને જીવિત કરવાની અદમ્ય ભાવનાને કારણે પોતાના સ્વાસ્થ્ય તરફ પણ તેમણે ધ્યાન આપ્યું નહીં. જેમ જેમ ઉંમર ઢળતી ગઈ તેમ તેમ તેઓ નિર્બળ બનતાં ગયાં. એટલું જ નહીં પીઠમાં ખૂંધ નીકળી. લોકો તેમને જોઈને હસતાં અને કહેતાં - "આ જુઓ ભગવાનનું કામ. કહેવાય છે કે જે ધર્મની રક્ષા કરે છે ધર્મ સ્વયં તેની રક્ષા કરે છે. હવે ભગવાનને એવું તે શું થયું કે પોતાના પ્રેમીની જ રક્ષા ન કરી શક્યા ? સંભળાવનારા તો નાગેશની સામે પણ ઘણું બકી જતાં પરંતુ કમળપત્ર પરથી સરકતાં પાણીની જેમ બધું સરકી જતું. જે દિવાલને સહારે તે બેસતા હતા તે દિવાલ પણ જ્યારે ખૂંચવા માંડી અને ખૂંધને કારણે કષ્ટ પડવા માંડયું તો નાગેશ ભટ્ટે તે દિવાલમાં ખૂંધ સમાઈ જાય એવડું મોટું કાણું પડાવ્યું.

આમ નિર્ધનતા અને અભાવ વચ્ચે નાગેશની સાધના સતત ચાલતી રહી. ખેડૂત દ્વારા ખેતરમાંથી દૂર કરાતાં નીંદણની જેમ સ્વાર્થી લોકોએ ભેળવેલા શ્લોકો અને મિથ્યા વિચારોને નાગેશભટ્ટ આપણાં સાહિત્યમાંથી વીણીવીણીને ફેંકવા માંડયા. નાગેશ ભટ્ટની ગણતરી પ્રકાંડ પંડિતોમાં થવા લાગી. તેમની સામે કોઈ પણ પ્રતિક્રિયાવાદી ટકી શકતો નહીં.

આ બધી જ વાત જ્યારે મહારાજ પેશ્વા બાજીરાવે સાંભળી તો તેઓ સ્તબ્ધ થઈ ગયા. આ દેશમાં હજુ પણ આવા પંડિત અને લગનશીલ તપસ્વી થઈ શકે છે તે વાત પર તેમને વિશ્વાસ ન બેઠો. આવા મહાન સાધક અને સંસ્કૃતિનિષ્ઠ દેવપુરુષના દર્શન કરવાનો અને તેમને મદદ કરવાનો પેશ્વા બાજીરાવે નિર્ણય કર્યો.

પેશ્વા બાજીરાવ જાતે જ મહારાષ્ટ્રથી વારાણસી ગયા. જેવું સાંભળ્યું હતું તેવું જ અનુભવ્યું. નાગેશ ભટ્ટનું શરીર કાળનો કોળિયો બની ગયું હતું, પરંતુ હજુ પણ પુસ્તકોના ઢગલાં વચ્ચે તેઓ તેમની સાધનામાં મગ્ન હતાં. સંસાર તો તેમના માટે સ્મશાનવત્ બની ગયો હતો. સંસારમાં ભૌતિક સુખોને પણ તેઓ જાણતાં ન હતાં.

તેમને જોઈને પેશ્વાની આંખો ભરાઈ આવી. પોતાના દુર્ભાગ્ય પર તેમને બહુ પસ્તાવો થયો. આવા મહાપુરુષને તો અગાઉથી મદદ કરી હોત તો હાલના કરતાં કંઈક સેંકડો ગણું વધારે કામ કરી શક્યા હોત.

બાજીરાવે આગળ વધીને તેમને પ્રણામ કર્યા અને આદર સાથે કહ્યું, "આચાર્ય પ્રવર ! હું તમને કંઈક મદદ કરી શકું તો તેને મારું સૌભાગ્ય સમજીશ."

બાજીરાવની વાતથી ધ્યાનભંગ થયેલા નાગેશ ભટ્ટે માથું ઊંચું કર્યું અને બહુ જ આદર સાથે પોતાની પાસે બેસાડીને કહ્યું, "હા મહારાજ ! આત્માના અસ્તિત્વને પ્રમાણિત કરનારું એક સૂત્ર બહુ મુશ્કેલીથી હાથમાં આવ્યું છે પણ તેની વ્યાખ્યા થઈ શકતી નથી. તો જો તમે મને આમાં મદદ કરી શકો તો તમારી બહુ મોટી મહેરબાની."

આર્થિક સહાયતા આપવા માટે આવેલાં મહારાજ પેશ્વા આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયાં અને બોલ્યા - "આપની સાધના અદ્વિતીય છે તેને કોઈ રોકી શકે નહીં."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શૌર્યનું રહસ્ય

આજે પંજાબના મહારાજાએ સવિશેષ બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે પોતાના બધા સામંતો, સરદારો અને સેનાપતિઓને આમંત્રણ આપ્યું હતું. મંત્રણાના વિષયની સમસ્યા ગંભીર હતી. તેમના પાડોશી દેશ કાબુલના શાસકો અને નિવાસીઓએ તે સમસ્યા પેદા કરી હતી. કાબુલના આતંકવાદીઓ અચાનક પંજાબની સરહદમાં ચોરીછૂપીથી ઘુસણખોરી કરીને લૂંટમાર કરતાં હતાં. આથી સરહદની નજીકના ગ્રામવાસીઓ એટલા બધા પરેશાન થઈ ગયા કે તેઓ ગામડાંઓ છોડીને નાસી જવા લાગ્યા.

પંજાબના મહારાજા આ પ્રકારે સતત ચાલુ રહેતાં આક્રમણોથી ચિંતિત રહે તે સ્વાભાવિક હતું. તેમણે પોતાના બધા સરદારોને આ ચિંતાથી પરિચિત કરાવવા બોલાવ્યા હતા. વસ્તુસ્થિતિ સમજીને બધા જુસ્સામાં આવી ગયા.

મહારાજાએ પોતાના મુખ્ય સેનાપતિ હરિસિંહ નવલા પ્રત્યે ઈશારો કરીને તેના સમાધાનનો ઉપાય પૂછયો. તે હજુ સુધી ચૂપચાપ બેસીને બધાની વાતો સાંભળી રહ્યો હતો. તે યુવાન સેનાપતિ દેખાવમાં જેટલો કામણગારો અને મોહક હતો તેટલો જ વિચારશીલ પણ હતો. સાથોસાથ તે શૌર્યવાન પણ હતો. પંજાબના દરેક ગામમાં તેની બહાદુરીના કિસ્સાઓ પ્રચલિત હતા. મહારાજાનો ઈશારો મળતાં તેણે બોલવાનું શરૂ કર્યું, "આપણે હિન્દવાસીઓ શાંતિપ્રિય અચૂક છીએ, પરંતુ કાયર નથી. આપણે કાબુલવાસીઓને આ વાત તેમના દેશમાં જઈને બતાવવી પડશે." હાજર રહેલા બધા સરદારોએ હરિસિંહની આ વાતને સમર્થન આપ્યું. સેનાએ તેના નેતૃત્વ હેઠળ કાબુલ તરફ પ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો.

હરિસિંહ નલવાનું વ્યક્તિત્વ અનોખું હતું. તેઓ જેટલા બહાદુર હતા તેટલા ઉદાર પણ હતા. દીન-દુઃખીઓને સહાય કરવી અને સ્ત્રીઓનું સન્માન કરવું તે તેમની વિશેષતા હતી. તેમના આક્રમણથી સર્વત્ર હાહાકાર મચી ગયો. કાબુલવાસીઓ નાસભાગ કરીને જંગલોનું શરણ લેવા લાગ્યા. કાબુલનો સરદાર નિરાશ થઈ ગયો. આ શૌર્યનું તોફાન કેવી રીતે મિટાવવું તેની ચિંતા થવા લાગી. તેણે પોતાના સેનાપતિ અને વીર સામંતોને બોલાવ્યા. આ મંત્રણામાં સરદારની પુત્રી શાહજાદી મેહર પણ સામેલ થઈ.

મેહર ખૂબ જ ખૂબસૂરત હતી. તે વીરાંગના પણ હતી. જ્યારે તે સફેદ પોષાક પહેરીને ઘોડેસ્વારી કરતી ત્યારે સ્વર્ગમાંથી જમીન પર ઉતરેલી પરી જેવી દેખાતી. આ વખતે પણ તે સભામાં સફેદ પોષાક પહેરીને પોતાના પિતાની પાસે બેઠી હતી. તે યુવતીની કાજળયુક્ત આંખો પિતાના તે સૈનિક સમૂહ પર મંડાયેલી હતી કે જેમના બળે સરદારે પંજાબ જેવી વીરભૂમિના નાગરિકોને છંછેડયા હતા.

કાબુલી સૈનિકો અર્ધરાત્રિએ નલવાના તંબૂ તરફ આગળ વધવા લાગ્યા, પરંતુ નલવા અને તેમની સેના સજાગ હતી. તેમણે ચારેતરફથી કાબુલીઓને ઘેરી લીધા અને યુદ્ધ કરવા લાગ્યા. કાબુલના કેટલાય સૈનિકોને મારી નાખ્યા. હરિસિંહની તલવાર વીજ જેવી ચમકતી હતી. કાબુલની સેના પર કેર વર્તાવતો તે કાબુલના સરદારના મહેલમાં ઘુસી ગયો. મેહરે સાંભળ્યું તો તે પણ પોતાને ઘોડો દોડાવતી ત્યાં પહોંચી, પરંતુ ત્યાં સુધીમાં તો હરિસિંહ અને તેમના પિતાની વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું હતું. કાબુલનો સરદાર ટક્કર ન લઈ શક્યો. તે હરિસિંહના હાથથી માર્યો ગયો. હરિસિંહે સરદારનું માથું ધડથી વિખૂટું પાડી દીધું. લોહીનો ફુવારો ફૂટી પડયો. મેહર ચીસ પાડીને ભાગવા લાગી. નલવાએ તેને પકડવાનો કોઈ પ્રયત્ન કર્યો નહીં.

મેહર નાસભાગ કરતી ગાઢ જંગલોમાં પહોંચી ગઈ. મેહરનું મન પોતાના પિતાના મોતથી ઘણું જ જખમી હતું. તે કોઈ પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંજોગોમાં હિન્દના તે બહાદુર સેનાપતિ સાથે બદલો લેવા માટે દૃઢ સંકલ્પબદ્ધ હતી. તે વિચારતી રહેતી કે જો બદલો ન લઈ શકી તો રૂપજાળમાં ફસાવીને તેને ખલાસ કરીશ. છેવટે તે હજુ યુવાન છે અને બહાદુર હોવાની સાથોસાથ મોહક પણ છે. તેનું પ્રચંડ પૌરુષત્વ મારા માદક યૌવનને જોઈને ઓગળી જશે.

એક દિવસે મેહરને હરિસિંહના તંબૂનો પત્તો મળી ગયો. તે રાત્રિના અંધારામાં એકલી જ તલવાર લઈને નીકળી પડી. રાત્રિનો બીજો પ્રહર વીતી ગયો હતો, પરંતુ નલવાના સૈનિકો સંપૂર્ણ ચાલાકીથી હાજર હતા. મેહરને તેમણે અટકાવી દીધી અને પૂછ્યું, "તું અહીંયાં કેમ આવી છે ?"

તેણે કહ્યું, "તમારા સેનાપતિને મળવું છે." પહેરેગીર ચોંકી ઊઠયો અને બોલ્યો કે આટલી મોડી રાત્ર ? "તું સવારે આવજે. આમેય અમારા સરદાર કોઈ છોકરીને મળતા નથી. તું ચાલી જા."

"અસંભવ ! હું હરિસિંહને મળ્યા સિવાય જઈશ નહીં. તમે અંદર જઈને કહો કે કાબુલના સરદારની બેટી મેહર આવી છે."

હરિસિંહે સંદેશો સાંભળીને તેને સાદર અંદર બોલાવી લીધી.

મેહરનો પહેરવેશ અને ચહેરાનો હાવભાવ તેના સૌંદર્યને વધુ માદક બનાવી રહ્યો હતો. રાત્રિની પળો અને નિર્જન એકાંતવાસ કોઈ પણ પુરુષને ઉન્મત કરી દેતો હોય છે, પરંતુ હરિસિંહ કોઈ જુદી જ માટીનો પુરુષ હતો. તેમણે તેની તરફ એક નજર નાખીને હસતાં હસતાં કહ્યું, "બહેન બેસો."

હરિસિંહના નિષ્કપટ હાસ્ય અને બહેનનાં સંબોધનથી મેહરના મનની બધી જ વિકૃતિ ધોવાઈ ગઈ. તે નિરાશ થઈને બોલી, "તમે મને બહેન કહ્યું, "હા, તું ઉંમરમાં મારા કરતાં નાની છે. મને તારા પિતા મરવાનું ઘણું જ દુઃખ છે, પરંતુ મારી મજબૂરી સમજવાની કોશિષ કરો. શું તું તારા લોકોના આતંકથી પરિચિત નથી. અમારી સતત ચેતવણીથી પણ જ્યારે તેઓ માન્યાં નહીં ત્યારે અમારે સૈનિક અભિયાન માટે લાચાર થવું પડ્યું."

મેહર સત્ય વાતથી પરિચિત હતી, પરંતુ હજુ સુધી તેને વિશ્વાસ જ આવી રહ્યો ન હતો કે કોઈ વ્યક્તિ આટલો સંવેદનશીલ અને ઉજ્જ્વળ ચારિત્ર્યવાન પણ હોઈ શકે છે, કારણ કે આ વાત તેના દેશ માટે તો અસંભવ જેવી હતી. તેણે માથું નમાવીને કહ્યું, "ભાઈજાન ! અમે તમારી બહાદુરીના ઘણા જ કિસ્સા સાંભળ્યા હતા, પરંતુ આજે જાણી લીધું કે તેનું વાસ્તવિક રહસ્ય શું છે."

હરિસિંહ હસીને બોલ્યા, "મારું જ નહીં, કોઈના પણ શૌર્યનું રહસ્ય તેના ઉજ્જ્વળ ચારિત્ર્યમાં સમાયેલું હોય છે." હવે તે સંતુષ્ટ હતી. તે ધીમેથી પગલાં ઉઠાવીને શિબિરના દરવાજા તરફ ચાલી નીકળી.

---

મહાત્મા ઈશુ પોતાના શિષ્યોસહિત ક્યાંક જઈ રહ્યા હતા. રાત્રે એક જગ્યાએ રહ્યા. જોયું તો પાસે પાંચ રોટલીઓ હતી. એનાથી બધાનું પેટ કેવી રીતે ભરાય ? આ પ્રશ્ન સૌને સતાવતો હતો. આ સમસ્યા જ્યારે ઈસુ ખ્રિસ્તે સાંભળી તો એમણે બધી રોટલીના ટુકડા કરીને એક પાત્રમાં નાખ્યા. બધા લોકો એક એક ટુકડો કાઢીને ખાતા જાય. બધાને સમાન રૂપે ભોજન મળી જશે.

બધાએ શ્રદ્ધાપૂર્વક ગુરુની આજ્ઞા માની. વિચાર્યું સમાન રીતે જેટલાના પેટમાં ભોજન પહોંચે એટલું સારું.

ભોજન શરૂ થઈ ગયું તો બધાનું પેટ ભરાઈ ગયું. ટુકડા હાથમાં આવતા ગયા. શિષ્યો બોલ્યા આ ગુરુદેવનો ચમત્કાર છે. પરંતુ ઈશુ બોલ્યા આ તમારા સદ્‌ભાવભર્યા સહકારનો ચમત્કાર છે. તમે સ્વાર્થ ભરી ખેંચાખેંચ કરત તો આ સંભવ ન હતું. જ્યાં સદ્‌ભાવભર્યો કૌટુંબિક સહકાર હોય છે ત્યાં પ્રભુનો સહયોગ મળતો જ હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હે ઈશ્વર તારી લીલા અપરંપાર

પરબ્રહ્મને અચિંત્ય, અગોચર અને અગમ્ય કહેવામાં આવ્યો છે. તત્ત્વવેત્તાઓએ તેની વ્યાખ્યા અને વિવેચના કરવામાં ચર્ચાઓ તો કરી છે, પરંતુ નેતિ નેતિ કહીને પોતાના જ્ઞાનની સીમિતતાને પણ સ્વીકારી લીધી છે. વાસ્તવમાં સમગ્ર બ્રહ્મનું વિવેચન બુદ્ધિ, વિજ્ઞાન કે સાધનોના માધ્યમથી શક્ય નથી. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ઈશ્વર દર્શન, ઈશ્વર પ્રાપ્તિની જે ચર્ચાઓ થાય છે તે હકીકતમાં છે શું ? અહીંયાં તેના માટે એટલું જ કહી શકાય કે જીવ અને બ્રહ્મના મિલન પાછળ જે ઈશ્વરની વિવેચના થાય છે તેનો સાક્ષાત્કાર અને અનુભવ શક્ય છે.

આકાશ અને પૃથ્વી જ્યાં ભેગા મળે તેને ક્ષિતિજ કહે છે. ક્ષિતિજની સુંદરતા સૂર્યોદય કે સૂર્યાસ્ત સમયે જોવા મળે છે. બે રંગોના મળવાથી એક ત્રીજો જ રંગ બને છે. ભૂમિ અને બીજનો સમન્વય થવાથી અંકૂર ફૂટે છે. પતિ પત્નીના મિલનના પરિપાકરૂપે સંતાન પેદા થાય છે. જીવ અને બ્રહ્મના મિલનની પ્રતિક્રિયાને ઈશ્વર કહી શકાય છે. ઑક્સિજન ગેસ અને હાઈડ્રોજન ગેસ મળીને પાણીમાં ફેરવાય છે. શરીર અને પ્રાણનું મિલન જીવનરૂપે દેખાય છે. અગ્નિ અને પાણીના મિલનથી બાષ્પ બને છે. નેગેટિવ અને પોઝેટિવ પ્રવાહ મળવાથી શક્તિશાળી વિદ્યુતપ્રવાહ બને છે. આત્મા અને પરમાત્માના મિલનની પ્રતિક્રિયારૂપે જે અનુભવાય છે તે ઈશ્વર છે.

ઈશ્વરના રૂપ સ્વરૂપની ચર્ચા જેટલી વેદાંત દર્શનમાં કરવામાં આવી છે તેટલી બીજે ક્યાંય થઈ નથી. 'તત્ત્વમસિ', 'અયમાત્મા બ્રહ્મ', 'શિવોહમં', 'સચ્ચિદાનન્દોહમ્', 'સોહમ્' વગેરે સૂત્રોમાં કહેવાયું છે કે આ આત્મા જ બ્રહ્મ છે. અહીંયાં આત્માનું તાત્પર્ય પવિત્ર અને સફાઈદાર ચેતના સાથે છે. અતિ માનસ્ સુપર ઈગો, પૂર્ણપુરુષ, ભગવાન પરમહંસ, સ્થિતપ્રજ્ઞ વગેરે શબ્દોમાં જેને દેવાત્મા અને પરમાત્મા પણ કહી શકાય તેવા ઉચ્ચ સ્તરના વ્યક્તિત્વનો સંકેત કરાયેલો છે. આ સ્થિતિને મેળવવી તે જ સાક્ષાત્કાર કરવો, કે ઈશ્વર પ્રાપ્તિ થવી વગેરે નામથી ઓળખાય છે. આ સ્થિતિને જ બંધનમુક્તિ કે જીવનમુક્તિ કહેવાય છે.

આત્મા ચિનગારી છે અને પરમાત્મા જ્વાળા છે. જ્વાળાની (આગની) બધી જ શક્યતાઓ ચિનગારીમાં સમાયેલી છે. અગ્નિ રાખમાં ઢંકાયેલો છે. સહેજ અવસર મળતાં જ ચિનગારીમાંથી આગ બની પોતાનું પ્રચંડ રૂપ દેખાડે છે. બીજની અંદર વૃક્ષ છુપાયેલું છે. યોગ્ય પરિસ્થિતિના અભાવે બીજ લાંબા સમય સુધી ક્ષુદ્ર સ્થિતિમાં પડી રહે છે, પરંતુ યોગ્ય પરિસ્થિતિ મળતાં જ નાનકડું બીજ વિશાળ વૃક્ષ બનીને ઊભેલું નજરે પડે છે. નાના એવા શુક્રાણુમાં એક પૂર્ણ મનુષ્ય પોતાની સાથે અગણિત વંશપરંપરા છુપાવી રાખે છે. ઉચિત અવસરના અભાવમાં તે શુક્રાણુ જેમનો તેમ પડી રહે છે, પરંતુ ગર્ભના રૂપે વિકસિત થવાની પરિસ્થિતિ જો તેને પ્રાપ્ત થાય તો તે એક શક્તિશાળી મનુષ્યનું રૂપ ધારણ કરે છે. અણુની રચના સૌર્યમંડળના સમતુલ્ય છે. ફરક ફક્ત આકાર અને વિસ્તારનો છે. જીવ એ ઈશ્વરનો એક અંશ છે અને અંશમાં અંશીના બધાં જ ગુણ જોવા મળે છે. સોનાના નાનાં મોટાં કણમાં અંતર ફક્ત પ્રમાણનું છે. તાત્ત્વિક દૃષ્ટિએ તો બંને સોનું જ છે.

ઉપાસના અને સાધનાના છીણી હથોડાથી અણઘડ જીવને કલાત્મક દેવ પ્રતિમાના રૂપમાં ફેરવી શકાય છે. અધ્યાત્મ શબ્દનું તાત્પર્ય જ આત્માનું દર્શન અને વિજ્ઞાન છે. વ્યક્તિત્વને ચેતનાની ઉચ્ચતમ, શુદ્ધ, સુવિકસિત અને સુસંસ્કૃત સ્થિતિમાં પહોંચાડવા માટે આ પ્રકારના બધાં જ કાર્યો નક્કી કરવામાં આવ્યાં છે. આ લક્ષ્યની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાપ્તિનું નામ જ ઈશ્વર પ્રાપ્તિ છે. આત્મસાક્ષાત્કાર અને ઈશ્વરદર્શન બંનેનો અર્થ એક જ છે. આત્મામાં પરમાત્માનું દર્શન અથવા તો પરમાત્મામાં આત્મસત્તાનો વિસ્તાર, દ્વૈતને દૂર કરી અદ્વૈતને પ્રાપ્ત કરવું મનુષ્ય જીવનનું લક્ષ્ય છે. આની પૂર્તિ માટે ઈશ્વરે મનુષ્ય જેવું બનવું પડશે અથવા તો મનુષ્યે ઈશ્વરતુલ્ય બનવાનો પ્રબળ પુરુષાર્થ કરવો પડશે.

અધ્યાત્મ ક્ષેત્રમાં પણ ભ્રમણાઓની કમી નથી. બાળક બુદ્ધિવાળા લોકો આત્મા પર ચઢેલા મનોવિકારોને દૂર કરવા માટેનો મુશ્કેલ માર્ગ છોડીને સસ્તી પગદંડી શોધતા ફરે છે. તેઓ વિચારે છે કે પાઠપૂજાના સસ્તા કાર્યો દ્વારા ઈશ્વરને ભોળવીને, લલચાવીને મનુષ્ય સ્તરનો બનવા માટે ફોસલાવી શકાય છે. જે નિમ્ન સ્તરે છીએ તે સ્તર અમારા માટે યોગ્ય છે. અમારા દૃષ્ટિકોણ તથા કૃત્યોમાં કોઈ ફેરફાર કરવો પડશે નહીં. પંડિતો દ્વારા બતાવેલી પૂજાવિધિ ઈશ્વરને અનુકૂળ બનાવી શકાય છે. પછી ઈશ્વર મનુષ્યનો આજ્ઞાકારી બની તેની યોગ્યઅયોગ્ય મનોકામનાઓ પૂર્ણ કરવા માટે હંમેશાં ખડે પગે તૈયાર રહે છે. ઉપાસના ક્ષેત્રમાં મોટે ભાગે આ પ્રકારની ભ્રમણા ફેલાયેલી છે. મનોકામનાઓ પૂર્ણ કરવા માટે કહેવાતા ભક્તજનોના મનમાં પૂજાઅર્ચનનો આ સિદ્ધાંત ઘર કરી ગયેલો છે. તેમના મનોરથ પૂરાં થાય તો જ તેઓ ઉપાસનાને સાર્થક થયેલી માને છે. જો કોઈવાર મનોરથ પૂર્ણ ન થયાં તો દેવતા, મંત્ર, પૂજા વગેરેને ભરપેટ ગાળો દેતાં પણ તેઓ અચકાતા નથી. પાણીનું એક ગંદુ નાળું ગંગાને પોતાના ચંગુલમાં ફસાવવા માગે છે, પરંતુ પોતાને સમર્પિત કરીને ગંગાજળ કહેવડાવવા લાયક બનવાની તેનામાં હિંમત નથી.

પરબ્રહ્મ એક એવી ચેતના છે જે બ્રહ્માંડની અંદર અને બહાર એક નિયમના રૂપમાં ઓતપ્રોત થઈ રહી છે. તેના બધાં જ કાર્યો એક સુનિયોજિત વ્યવસ્થા પ્રમાણે કાર્યરત થઈ રહ્યાં છે. તે નિયમોનું પાલન કરનારા પોતાની બુદ્ધિમત્તા અને અથવા તો ઈશ્વરની કૃપાનો લાભ મેળવે છે. ભગવાનને વીજળીની ઉપમા આપી શકાય છે. વીજળીનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી અનેક પ્રકારના યંત્રો ચલાવી શકાય છે અને અગણિત લાભો મેળવી શકાય છે, પરંતુ જો નક્કી કરેલાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો પૈસા ખર્ચીને મેળવેલી વીજળી તે જ લોકોનો જીવ પણ લઈ લે છે. ઈશ્વરને રીઝવવા માટે નહીં પણ આત્માની સજાવટ કરવા માટે ઉપાસના કરવામાં આવે છે. નાની મોટરમાં પાવર થોડો હોવાથી તે થોડું કામ કરે છે. જ્યારે મોટી મોટર લગાવવાથી વધારે પાવર મળવાથી લાભ પણ મોટો મળે છે. વીજળી ઘરમાં વીજળીનો પ્રચંડ ભંડાર ભરેલો હોય છે, પણ જ્યાં સુધી ઘરનું ફીટીંગ, મીટર, મોટર વગેરે સારાં ન હોય ત્યાં સુધી ફક્ત પ્રાર્થનાઓ કરવાથી તે વધારે શક્તિ આપતી નથી. પ્રાર્થનાના સત્પરિણામોની ચર્ચાઓ બહુ જ થાય છે. ભગવાનની કૃપાના પણ અનેક ચમત્કરો જોવા સાંભળવા મળે છે. આ બધાંની પાછળ એક વાત બહુ સ્પષ્ટપણે જોડાયેલી છે કે પૂજા ઉપાસના પ્રત્યે ઊંડી શ્રદ્ધા ઉત્પન્ન થવાથી જ ભક્તનું ચિંતન અને કાર્યો દેવોપમ થઈ ગયાં. આ બાબત જ્યાં પરિપૂર્ણ થઈ છે ત્યાં નિશ્ચિતપણે ઈશ્વરની કૃપા વરસતી રહી છે, પરંતુ જ્યાં ઈશ્વરને ફોસલાવવાની શઠતાને ભક્તિનું નામ અપાયું છે ત્યાં છેવટે નિરાશા જ પ્રાપ્ત થાય છે.

ઈશ્વરનો સૃષ્ટિ વિસ્તાર અકલ્પનીય છે. તેમાં રહેનારા પ્રાણીઓની ગણતરી કરવી અશક્ય છે. પૃથ્વી પર રહેનારાં જળચર, ભૂચર, ખેચર, દૃશ્ય, અદૃશ્ય પ્રાણીઓની સંખ્યા એટલી બધી છે કે તેની ગણતરી કરવા માટે પૃથ્વીને કાગળ બનાવવામાં આવે તો તે પણ નાનો પડે. આટલાં પ્રાણીઓના જીવનક્રમમાં વ્યક્તિગત રીતે હસ્તક્ષેપ કરવો, તેમના માટે અલગ અલગ નીતિ નિર્ધારિત કરવી અને તેને સમય સંજોગ પ્રમાણે બદલતાં રહેવું ઈશ્વર માટે પણ શક્ય નથી. આમ કરવાથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો તેના પર વ્યક્તિવાદી રાગદ્વેષનો આરોપ લાગશે અને સૃષ્ટિ સંતુલનનો કોઈ આધાર જ નહીં રહે. ઈશ્વરે નિયમ મર્યાદામાં રહીને ક્રિયા પ્રતિક્રિયા રૂપે પોતાની બધી જ વ્યવસ્થા બનાવી દીધી છે અને આ ચક્રમાં ફરતાં ફરતાં જ જીવધારી પોતાના પુરુષાર્થ અને પ્રમાદ પ્રમાણે સારાંનરસાં પરિણામ ભોગવતો રહે છે. ઈશ્વર એક દૃષ્ટા અને સાથીની જેમ આ બધું જોતો રહે છે. તેના જેવી મહાન સત્તા માટે તટસ્થભાવ રાખવો જ યોગ્ય અને શોભનીય છે. પૂજા કરનારા પ્રત્યે પક્ષપાત અને ન કરનારા પ્રત્યે ઉપેક્ષા અથવા તો દ્વેષભાવ જો ઈશ્વર રાખે તો આ સંસારમાં ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થાનો કોઈ અંત જ ન રહે. ઈશ્વરને ફોસલાવીને મનોવાંછિત ઇચ્છાઓ પૂરી કરવા માટે જો લોકો પૂજાઅર્ચના કરતાં હોય તો તેઓ બહુ મોટી ભૂલ કરી રહ્યાં છે. પૂજાને કર્મવ્યવસ્થાની હરીફ ન બનાવી શકાય. આપણે ભગવાનને અનુકૂળ થઈને રહીએ તે વાત બરાબર છે, પણ તેને આપણી કઠપૂતળી બનાવીને આપણી ઇચ્છા મુજબ નચાવવાની વાત વિચારીએ તો તે એક બાળસુલભ મશ્કરી સિવાય બીજું કંઈ નથી. આપણે ઈશ્વર પાસેથી વ્યક્તિગત રાગદ્વેષની ઉપેક્ષા ન રાખવી જોઈએ, પરંતુ ઈશ્વરે બનાવેલ વિધિ વ્યવસ્થાના રાજમાર્ગ પર ચાલીને વધારેમાં વધારે લાભ મેળવવો જોઈએ. એટલા માટે જ કહેવાયું છે કે - હે ઈશ્વર ! તારી લીલા અપરંપાર છે.

ભગવાનને ઇષ્ટદેવ માનીને તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઇષ્ટનો અર્થ છે - લક્ષ્ય. આપણે ઈશ્વર જેવાં બનીએ. ઈશ્વર જેવી ઉદારતા, વ્યાપકતા, વ્યવસ્થા, શ્રેષ્ઠતા અને તત્પરતા અપનાવીએ એવી આપણી રીતિનીતિ હોવી જોઈએ. આ દિશામાં દૃઢ મનોબળ રાખીને જેટલા આગળ વધીશું તેટલા પ્રમાણમાં ઈશ્વરીય સંપર્કનો આનંદ અને તેની કૃપાનો લાભ મેળવી શકીશું. વાસ્તવમાં આત્મસત્તાને ક્રમશઃ વધારે ને વધારે પવિત્ર અને પરિશુદ્ધ બનાવવાનો જ અધ્યાત્મ સાધનાનો એકમાત્ર ઉદ્દેશ છે. ઈશ્વરની પ્રાપ્તિ માટે તે માર્ગ પર ચાલનારાને મળતી વિભૂતિઓ મેળવવાનો આ એક જ સુયોગ્ય રાજમાર્ગ છે.

---

ચાર પનિહારીઓ એક કૂવા પર પાણી ભરવા માટે ગઈ. વારાફરતી ઘડાને દોરીથી બાંધીને કૂવામાં ઉતારીને પાણી ખેંચતી . પાણી ખેંચવામાં એક વ્યસ્ત રહેતી તો બાકીની ત્રણ નવરી રહેતી. આ ગાળામાં તેમની વચ્ચે કોઈ ચર્ચા થઈ. બધી સ્ત્રીઓ પોતપોતાના પુત્રના ગુણની પ્રશંસા કરવા લાગી. એકે કહ્યું કે મારા પુત્રનો કંઠ એટલો બધો મધુર છે કે કોઈ રાજદરબારમાં તેને માન મળશે. બીજી સ્ત્રીએ કહ્યું કે મારા પુત્રનું શરીર સૌષ્ઠવ એટલું સુંદર છે કે મોટો થતાં કુસ્તીબાજીમાં પહેલવાનોને હરાવશે. ત્રીજી સ્ત્રીએ કહ્યું કે મારો પુત્ર એટલો બધો બુદ્ધિશાળી છે કે હંમેશાં પ્રથમ વર્ગમાં જ પાસ થાય છે. ચોથી સ્ત્રીનું માથું નીચે નમેલું હતું. તેણે કહ્યું કે મારો પુત્ર ગામના બીજા છોકરાઓ જેવો સાધારણ જ છે. એટલામાં ચારે છોકરા શાળા છૂટતાં ઘર તરફ જવા નીકળ્યા. રસ્તો કૂવા પાસેથી પસાર થતો હતો. એક છોકરો ગીત ગાતો આવી રહ્યો હતો. તો બીજો કૂદતો હતો, ત્રીજાના હાથમાં ખુલ્લું પુસ્તક હતું. ત્રણે છોકરાના ગુણોની સાબિતી નજરોનજર મળી ગઈ. ચોથી પનિહારીનો છોકરો આવ્યો અને ચારે સ્ત્રીઓને ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યા અને પોતાની માતાનો પાણી ભરેલો ઘડો માથા પર લઈને ઘર તરફ ચાલી નીકળ્યો. તે કૂવાની બાજુમાં એક વયોવૃદ્ધ બેઠેલા હતા. તેણે ચારે વહુઓને રોકીને કહ્યું કે આ ચોથો છોકરો સર્વશ્રેષ્ઠ છે. એનો શિષ્ટાચાર જુઓ. કોઈ પણ માણસનું ભવિષ્ય તેના શિષ્ટાચારથી ઘડાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## મુક્તિનો શંખનાદ

દિવસનો અંત આવી ગયો. જેલમના રેતીલા તટ પર અને સમગ્ર કાશ્મીરની સુંદર સુરમ્ય ગિરિકંદરાઓ પર કાલિમાએ પોતાની કાળી ચાદર ઓઢાડી દીધી. નાના નાના પહાડો પરથી ઝરણાં રૂપે વહી રહેલી વિતસ્તાની તેજ જળધારાઓ કલકલના મધુર અવાજથી સાંજની નિઃસ્તબ્ધતા ભંગ કરી રહી હતી. ઉપર આકાશમાં પક્ષીઓ પોતપોતાના માળામાં પાછા ફરી રહ્યાં હતાં. ઈન્દ્રપુરી નગરમાંથી ઢોલ ત્રાંસાનો કોલાહલ ભર્યો અવાજ મંદમંદ વહેતી પશ્ચિમી હવાના ઝોકા સાથે ક્યારેક ક્યારેક તેજગતિએ સંભળાઈ રહ્યો હતો. નગરનો કોલાહલ વિતસ્તા નદીના શાંત સુરમ્ય તટની તરફ આગળ વધી રહ્યો હોય તેવું લાગતું હતું.

માધવના ચહેરા તરફ નજર નાખતી રત્ના બોલી - "ભૂલ ! ભૂલ તો મનુષ્ય એક વાર કરે છે, પરંતુ તે જ ભૂલ વ્યક્તિ વારંવાર કરવા લાગે તો તે ગુનો બની જાય છે અને ગુનો પણ વ્યક્તિગતરૂપે કોઈ વ્યક્તિ સામે કર્યો હોય ત્યાં સુધી તે ક્ષમ્ય છે, પરંતુ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે કરેલો ગુનો ગુનો નહીં દેશદ્રોહ કહેવાય છે અને ગુનો કરનાર વ્યક્તિ દેશદ્રોહી કહેવાય છે. દેશદ્રોહની સજા શું થાય છે, તે જાણો છો ? મૃત્યુદંડ. અને માધવ તું એક દેશદ્રોહી છે. તું 'ઈન્દ્રપુરી' ગણરાજ્યના એક ઉપરાજ્યનો સ્વામી છે. સ્વામી હોવાં છતાં તેં દેશદ્રોહ કર્યો છે. તને તો મૃત્યુદંડથી પણ કોઈ આકરી સજા હોય અને તે સજા કરવામાં આવે તો પણ ઓછી પડે તેમ છે."

માધવ તે જ રીતે માથું નીચું રાખીને બોલ્યો, "પણ રત્ના ! મને એટલું તો જણાવ કે મેં એવું કયું કર્મ કર્યું છે જે દેશદ્રોહની કક્ષામાં આવી શકે છે ? મેં એવો કયો ગુનો કર્યો છે કે જેને કારણે હું દેશદ્રોહી ગણાઉં ?" રત્નાએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, "અરે ! એક ઉપરાજ્યના તમે કેવા અધિપતિ છો જે અત્યાર સુધી પોતાનો ગુનો જાણી શક્યા નથી ? ઘાતકી હુણોથી શોષિત અને પીડિત રાષ્ટ્ર મુક્તિની યાચના કરી રહ્યું છે, ગુલામીની બેડીઓમાં જકડાયેલું રાષ્ટ્ર પોતાના પુત્રો પાસે બલિદાન માગી રહ્યું છે, ભારત માની ઇજ્જત સાથે ખેલી રહેલા લૂંટારા હુણો મા બહેનોને નિર્વસ્ત્ર કરી ચાર રસ્તા પર તેમની ઇજ્જત લૂંટી રહ્યાં છે. આવી વિષમ પરિસ્થિતિમાં ભારત માનો વીર સપૂત માના કરુણ પોકારને અવગણીને પ્રેયસી પાસે પ્રણયની ભિક્ષા માગતો હોય તો તેને હિમાલયના બરફાચ્છાદિત શિખરો પરથી નીચે ધકેલી દેવામાં આવે તો પણ તેને માટે તે સજા ઓછી ગણાય. અત્યારે તમે પણ એવાં જ બન્યા છો. જ્યાં સુધી તમે તમારી આ દુર્બળતા પર વિજય પ્રાપ્ત નહીં કરો ત્યાં સુધી મારા પતિ તો શું મિત્ર કહેવડાવવાને પણ લાયક નથી."

રત્નાની કડવાહટ ભરી વાણીની અસર માધવ પર થઈ. હૃદયના તાર ઝણઝણી ઊઠયા. ભારત માની કરુણ કથા સાંભળી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. મા ભારતીની પીડા અને અત્યાચાર સાંભળી મન આક્રંદ કરવા લાગ્યું. પોતાની જાત પ્રત્યે નફરત જાગી. રત્નાએ તે સૂતેલા વીર પુરુષને જગાડી દીધો. આત્મા પર પડેલો ભોગવિલાસનો પડદો દૂર થઈ ગયો. રાત્રિના પહેલા પહોરનો ગાઢ અંધકાર બધું ગળી ગયો. બાકી રહી ગયો નિઃસ્તબ્ધ રાત્રિનો સૂસવાટા કરતો સન્નાટો અને વિતસ્તાની તેજધારાનો કલકલ અવાજ. થોડીક ક્ષણોની ખામોશી પછી માધવે કહ્યું, "રત્ના ! મારી આ ભૂલનું પ્રાયશ્ચિત શું થઈ શકે ? તેં મને સાચી વાતનું ભાન કરાવ્યું છે. હવે તું જ મારું માર્ગદર્શન કર. હું તને વચન આપું છું કે આજથી રાજસી રહેણીકરણી છોડીને હું સંન્યાસી વેશ ધારણ કરીશ. ઈન્દ્રપુરીને ઘાતકી હુણોના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પંજામાંથી મુક્ત કરાવવી એ જ મારું જીવન ધ્યેય છે. હવે બતાવો ! આ ઘાતકી હુણોની વિશાળ સેના સાથે કેવી રીતે મુકાબલો કરવો ? ઇન્દ્રપુરીને કેવી રીતે મુક્ત કરવી ?"

અંધારુ ગાઢ બનતાં બંનેના ચહેરા અંધકારમાં વિલીન થઈ ગયા. બંને એકબીજાને જોઈ શકતાં ન હતાં. ફક્ત અવાજ ઉપરથી જ એકબીજાની ઉપસ્થિતિનો અનુભવ થઈ રહ્યો હતો. રત્નાએ ઊંડો શ્વાસ લઈને પોતાપણાના ભાવથી માધવને આશ્વાસન આપતાં કહ્યું, "માધવ ! આ ક્ષણે તું મારી સાથે આચાર્યશ્રીના આશ્રમમાં ચાલ." માધવે આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું, "પણ રત્ના ! તે આશ્રમ તો અહીંથી ખૂબ જ દૂર છે અને તેને તો હૂણ શાસક મિહિરકુલ નષ્ટ કરી ચૂક્યો છે. આટલી રાતે ત્યાં જવું શક્ય નથી અને તારા માતાપિતા પણ શું વિચારશે ?" માધવની વાતનો જવાબ આપતાં રત્ના બોલી, "તમે એની ચિંતા ન કરો. પહેલાં મારી સાથે ત્યાં ચાલો. બંને ઊંચાનીચા પહાડોને પાર કરતાં ઉબડખાબડ માર્ગે ચાલતાં ચાલતાં અડધી રાતે એક નાશ પામેલા ખંડેર પાસે પહોંચ્યા. ગાઢ કાળી રાત્રિના અંધારામાં પણ ઊભેલું ખંડેર એ વાતની સાક્ષી પૂરી રહ્યું હતું કે ક્યારેક આ સ્થળનો વૈભવ દેવલોક જેવો રહ્યો હશે. આ આશ્રમ ચોવીસે કલાક શિક્ષા વિદ્યાના પૂજારીઓ દ્વારા ભરાયેલો રહેતો હશે, પરંતુ આજે આ વૈભવશાળી શિક્ષા કેન્દ્ર ભયાનક ખંડેર બનીને સૂમસામ ઊભું હતું. માધવને માર્ગ દેખાડતી રત્ના બહુ સાવધાનીથી આગળ વધી રહી હતી. ખંડેરો વટાવ્યા પછી એક અર્ધનાશ પામેલાં ઓરડામાંથી દીવાનો પ્રકાશ ગાઢ અંધારામાં ઝગમગતો દેખાયો. નજદીક પહોંચ્યા પછી એક માનવ આકૃતિ કળાઈ. એક સપાટ વિશાળ ખંડમાં ખાટલાના બિસ્તર પર એક દુર્બળ ઋષિ આરામ કરી રહ્યાં હતાં. માથે ચાંદી જેવા સફેદ વાળ ચમકી રહ્યાં હતાં. હાથે બનાવેલો કામળો ઓઢીને સૂતેલા ઋષિનો ચહેરો ભવ્ય અને તેજસ્વી લાગતો હતો. ઋષિને જોતાં જ રત્ના અને માધવે દંડવત્ પ્રણામ કર્યા. પછી રત્ના બોલી, "પૂજ્યવર ! આજે મેં તમારી આજ્ઞા પૂર્ણ કરી છે. હવે આપ મને આગળની આજ્ઞા જણાવો. ઋષિ કંઈ જ બોલ્યા નહીં. ફક્ત એટલું જ કહ્યું કે રાત ઘણી વીતિ ગઈ છે, અત્યારે આપ શયન કરો, સવારે કંઈક વિચારીને પછી કહીશ. સવારે સૂર્યોદય પહેલાં મગધ રાજાનો એક દૂત ઋષિવર પાસે આવ્યો. તેણે જણાવ્યું કે મગધ સમ્રાટ યશોધર્મને ઇન્દ્રપુરી રાજ્યને હુણોના પંજામાંથી મુક્ત કરાવવાનો નિશ્ચય કરી લીધો છે. તેને માટે તેઓ તૈયાર છે. તેઓ કાલથી ઇન્દ્રપુરી ગણરાજ્ય પર હુમલો કરવા ઇચ્છે છે. બીજા દિવસે રાત્રિના પહેલા પહોરમાં જ મગધ સમ્રાટ યશોધર્મનનું સૈન્ય વિતસ્તા નદીને કાંઠે આવી પહોંચ્યું. પ્રવર ઋષિની આજ્ઞા મુજબ પ્રાતઃકાળે આક્રમણ શરૂ કર્યું. બધી સેનાઓ ઝડપી પગલે ઇન્દ્રપુરી ભણી ચાલી નીકળી. સેનાની ૨૦ ટુકડીઓને હૂણ શાસક મિહિરકુળના મહેલ પર હુમલો કરવાની આજ્ઞા આપીને માધવ અને રત્ના બાકીના સૈન્ય સાથે હૂણ સૈનિકોની છાવણી તરફ ચાલી નીકળ્યા. પહોંચતાવેંત જ આર્યસેનાએ હૂણ સેના પર હુમલો કર્યો. આર્ય સૈનિકોએ હૂણોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. જોતજોતામાં ચારેતરફ હાહાકાર મચી ગયો. આર્યસૈનિકોએ સેંકડો હૂણોને કાપાકાપીમાં મોતને ઘાટ ઉતારી દીધાં, પરંતુ હૂણ સૈનિકોની સંખ્યા વધારે હોવાને કારણે તેઓ ચેતી ગયા અને બંને બાજુએ ઘમાસાણ યુદ્ધ શરૂ થયું. લાગ જોઈને આર્યસેના વિતસ્તાની પહાડીઓમાં છુપાઈ ગઈ. મહેલ તરફ ગયેલી સેના પણ હૂણોને મારી કાપીને પાછી આવી ત્યાં સંતાઈ ગઈ. સવાર થતાંથતાંમાં આખા ઇન્દ્રપુરીમાં હલચલ મચી ગઈ. હૂણ શાસક મિહિરકુળ ગભરાઈ ગયો. તેણે પોતાના બધાં હૂણોને આજ્ઞા કરી, "જાઓ, અને તપાસ કરો કે કયા આર્યસપૂતે ઇન્દ્રપુરી પર હુમલો કરવાની હિંમત કરી છે. આર્યોમાં એકાએક એવો કયો વીર યોદ્ધો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પેદા થયો છે કે જેણે હૂણો સામે ટક્કર લેવા માટે માથું ઊંચક્યું છે." હૂણ શાસકની આજ્ઞા લઈને હૂણ સેનાપતિ આર્ય સૈનિકોની શોધમાં નીકળી પડ્યાં. સતત ત્રણ દિવસ સુધી ભૂખ્યા તરસ્યા રહીને હૂણ સેનાપતિ આર્ય સૈનિકોને શોધતો રહ્યો પણ તેને નિષ્ફળતા મળી. ચોથા દિવસે વહેલી સવારે તે જ્યારે પોતાના સૈનિકો સાથે હારી થાકીને ઇન્દ્રપુરી પાછો ફરી રહ્યો હતો ત્યારે કેટલાંક સૈનિકોની નજર નાશ પામેલા આશ્રમના ખંડેર પર પડી. જે આશ્રમનો પોતાના હાથે નાશ કર્યો હતો આજે તે આશ્રમ ફરીથી આલિશાન બનીને ઊભો છે તે જોઈને સહુ આશ્ચર્યચકિત થઈ ગયા. આનું કારણ શું છે ? હૂણ સૈનિકોએ આ વાત પોતાના સેનાપતિને જણાવી. સેનાપતિએ સૈનિકોને આશ્રમ તરફ આગળ વધવાનો હુકમ કર્યો, પરંતુ અચાનક જ આશ્રમ પરથી મોટી મોટી શીલાઓ ગબડવા લાગી. આ અણધાર્યા આક્રમણમાંથી હૂણ સૈનિકો બચી ન શક્યા. ઘણાં શીલા હેઠળ કચડાઈ મર્યા, પરંતુ હૂણ સૈનિકો હજારોની સંખ્યામાં હતાં તેથી આશ્રમ સુધી પહોંચવામાં તેઓ સફળ થયાં. હૂણોએ આશ્રમને ચારેબાજુથી ઘેરી લીધો. હવે સામસામે યુદ્ધ કર્યા સિવાય કોઈ ઉપાય ન હતો. જય ભવાની અને હર હર મહાદેવના નારા સાથે આર્ય સૈનિકો હૂણો પર ભૂખ્યાં વરુની જેમ તૂટી પડયાં. ક્ષણભરમાં તો આર્ય સૈનિકોએ સેંકડો હૂણોના માથાં અને ધડ અલગ કરી નાખ્યાં. પર્વત પર લોહીની નદીઓ વહેવા લાગી. ચારેબાજુ નર માથા અને લાશોના ઢગલાં નજરે પડતા હતા, પરંતુ હજારો હૂણો સામે મુઠ્ઠીભર આર્યો કેવી રીતે ટકી શકે. લગભગ બપોર સુધી ઘમાસાણ યુદ્ધ ચાલ્યું, લડતાં લડતાં મોટાભાગના આર્ય સૈનિકોએ વીરગતિ પ્રાપ્ત કરી. આચાર્ય પ્રવર માધવ અને રત્ના પણ જ્યારે લડતાં લડતાં લોહીલુહાણ થઈ ગયાં અને બધો શસ્ત્રસરંજામ ખલાસ થઈ ગયો ત્યારે હૂણોએ તેમને બંદી બનાવી દીધાં. રત્ના સહિત ત્રણેય વીર યુદ્ધમાં ક્રુર રીતે ઘવાઈને બેહોશ પડયાં હતાં. આચાર્ય પ્રવર અને માધવના કપડાં લોહીથી લથબથ થઈ ગયાં હતાં. ત્રણેયને હોંશમાં લાવવા માટે હૂણોએ પાણી છાંટયું. હૂણ સેનાપતિ માધવ અને આચાર્ય પ્રવરને ઓળખી ચૂક્યો હતો. જ્યારે ત્રણેય ભાનમાં આવ્યા ત્યારે હૂણ સેનાપતિ બોલ્યો, "અરે, મહારાજ માધવ, આર્યશાસક, તમે તો હૂણોના વિશ્વાસું હતાં. મહારાજ મિહિરકુળ તમને દર મહિને પગાર પહોંચાડતા હતા. પછી તમે આ આક્રમણ શા માટે કર્યું ? અને આ બાબા, તમારા કુળગુરુને તો અમે આ જ આશ્રમમાં એકવાર મારી નાખ્યાં હતાં તો તે ફરીથી કેવી રીતે જીવતાં થઈ ગયાં. વાસ્તવમાં આર્યો બહુ હિંમતવાન અને ચમત્કારી હોય છે. પોતાની જન્મભૂમિ માટે મર્યા પછી પણ પાછા લડવા માટે આવી જાય છે. આ લોકોને પોતાની જન્મભૂમિ માટે ખૂબ પ્રેમ હોય છે." આટલું કહીને હૂણ સેનાપતિએ ત્રણેયને ઝાડ સાથે બાંધી દેવાની આજ્ઞા આપી. હૂણ સૈનિકોએ આજ્ઞાનું પાલન કર્યું. સાંજ ઢળવા લાગી હતી. ધીમે ધીમે અંધારું ગાઢ થતું હતું. પશ્ચિમી હવા તેજ ગતિએ વહી રહી હતી. મશાલના મંદ પ્રકાશમાં લોહીથી લથબથ ત્રણેયના ચહેરા બિહામણા લાગતા હતા, પરંતુ તેમની આંખોમાંથી અંગારા વરસી રહ્યા હતા. અચાનક હૂણ સેનાપતિએ કહ્યું, "માધવ ! તું મહારાજ મિહિરકુળનો ગુનેગાર છે. તેં બળવો કર્યો છે, છતાં હજુ પણ મહારાજ મિહિરકુળ તને એક શરતે માફ કરી શકે છે." આટલું સાંભળતાં જ માધવ પૂરી તાકાતથી બૂમ પાડી ઊઠયો, "નહીં, મને મા ભારતીના દુશ્મનોની કોઈ શરત મંજૂર નથી. તમે ઇચ્છો તો મારો જીવ લઈ શકો છો, પરંતુ ભારત માને હું જરૂર મુક્ત કરાવીશ, આ મારી પ્રતિજ્ઞા છે."

સેનાપતિ ક્રોધથી ગર્જી ઊઠયો, "મેં આર્યો બાબતે જેવું સાંભળ્યું હતું તેવું જ છે. આ આર્યો તો તેનાથી પણ વધીને ભારતની ધરતીના ટુકડા સાથે પ્રેમ કરે છે" અને તેણે આદેશ આપ્યો કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તને આ મંજૂર ન હોય તો મરવા માટે તૈયાર થઈ જા. અમે અમારી શરત તો તારા મર્યા પછી પણ પૂરી કરીશું, પણ મહારાજ માધવ મારી એક વાત કાન ખોલીને સાંભળી લે, તારી પત્ની રત્ના એક અદ્વિતીય સુંદરી છે. અમારા મહારાજને કાળી કૂબડી હૂણ સ્ત્રીઓ પસંદ નથી. રત્નાને તે પોતાની પટરાણી બનાવશે એટલું કહીને પાસે ઊભેલા એક હૂણ સૈનિકની મ્યાનમાંથી તેણે તલવાર ખેંચી કાઢી. મશાલના અજવાળામાં બેધારી તલવાર ચમકી ઉઠી. તલવાર જોઈને રત્ના બેહોશ બની ગઈ. તેણે હવામાં તલવાર વીંઝીને ખચાક કરતી માધવની ગરદન કાપી નાખી. માધવના ધડમાંથી લોહીનો ફૂવારો છૂટયો. તુરત જ હૂણ સેનાપતિ ફર્યો અને મશાલના પ્રકાશમાં આચાર્ય પ્રવર તરફ એક નજર નાખી અને બંને હાથો વડે આચાર્ય પ્રવરના ગળા પર ઘા કર્યો. ક્ષણમાત્રમાં તેમનું માથું પણ ધડથી અલગ થઈ ગયું. ત્યારબાદ હૂણ સૈનિકો રત્નાને પીઠ પર ઉપાડીને ઈન્દ્રપુરીમાં મિહિરકુળના મહેલમાં લઈ આવ્યાં. રત્ના એક આર્યકન્યા હતી. તે સતીત્વ, દેશ, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરતાં કરતાં મરી જવાનું શીખી હતી. રત્ના જાણતી હતી કે વિરોધ કરીને જીવવું અહીંયાં મુશ્કેલ છે અને તેના જીવનનો એકમાત્ર આધાર જ્યાં રાષ્ટ્રની બલિવેદી પર ન્યોછાવર થઈ ગયો તો હવે કાયરની જેમ જીવીને શું કરીશ ? તેણે મનમાં એક ખતરનાક યોજના ઘડી કાઢી. એટલામાં લડખડાતી ચાલે હૂણ શાસક મિહિરકૂળે તેના ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે કદાચ દારૂ પીધો હતો. આવતાંવેંત બોલ્યો, "રત્ના ! તું મારી પટરાણી બનીને રહે તો હું તારા બધાં જ ગુના માફ કરી દેવા તૈયાર છું. રત્ના કંઈ બોલી નહીં. રત્નાના મૌનને સ્વીકૃતિ માનીને મિહિરકૂળ પાસે પડેલો શરાબ પીવા લાગ્યો. તે નશામાં બડબડાતો રહ્યો - બસ રત્ના હવે વધારે ન પિવડાવ નહીં તો હૂણ યુવકોની જેમ હું પણ જીવ ખોઈ બેસીશ. નશાની ખરાબ લતને કારણે જ હૂણ યુવકો આર્યકન્યાઓને ભોગવી શકતાં નથી. ઊલટું આર્યકન્યાઓ તેમને મારી નાખે છે. હું એટલો મૂર્ખ નથી. હું તને અચૂક ભોગવીશ. તને રાણી બનાવીને રાખીશ." રત્ના સમજી ગઈ કે અત્યારે હૂણ શાસક નશામાં ચકચૂર છે. તેણે મિહિરકુળની તલવાર ખેંચી લીધી અને એક ક્ષણની પણ રાહ જોયા વગર તલવારના એક જ ઝાટકામાં મિહિરકુળનું માથું ધડથી અલગ કરી નાખ્યું અને પછી તે જ તલવારથી પોતાના જીવનનો પણ અંત આણી દીધો. આખા મહેલમાં રોક્કળ મચી ગઈ. આ બધામાં વચ્ચે સમાચાર આવ્યા કે મગધ સમ્રાટ યશોધર્મને ઈન્દ્રપુરી પર આક્રમણ કર્યું છે. સતત બે દિવસ સુધી આર્ય સૈનિકો અને હૂણો વચ્ચે સૈનિકો તૂટી ગયાં. આર્ય સૈનિકોએ હૂણોને બહુ ખરાબ રીતે કાપી કાપીને ઢગલો કરી દીધો. બચેલાં હૂણ સૈનિકો જીવન બચાવવા નાસી છૂટયાં. ત્રીજા દિવસે ઈન્દ્રપુરી ગણરાજ્ય પર આર્યધ્વજ લહેરાઈ ઊઠયો. આખી ઈન્દ્રપુરીએ મુક્તિનો શંખનાદ કરનારા વીરોની સામૂહિક અંત્યેષ્ટિ કરી. આચાર્ય પ્રવર, માધવ અને રત્નાની સમાધિ પહાડી પરના આશ્રમ પાસે બનાવવામાં આવી. ઈન્દ્રપુરીના લોકો તે મુક્તિદાતાઓને શ્રદ્ધાંજલિ આપવા દરેક વર્ષે ત્યાં અચૂક જતાં હતાં.

સાચા ધર્મોપદેશકની પરિભાષા આપતાં રામકૃષ્ણ પરમહંસે ધર્મોપદેશકોની મંડળીને કહ્યું 'જેની પાસે પોતાની મૂડી નથી એ બીજાને શું આપશે ?' તમે લોકો પોતાની જાતને ધર્મના અનુશાસનમાં બાંધો કે જેથી વચન અને કર્મનો સમન્વય થઈ શકે. તમે પ્રવચન કરો તો એનાથી પ્રભાવિત થઈ શ્રોતાઓ સાંભળવા ઉપરાંત એને જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નિર્મળ મનવાળો મનુષ્ય મને પામી શકે છે

સાચી આસ્તિકતા કોઈપણ વ્યક્તિને નિર્મળ અને નિષ્પાપ બનાવીને જ રહે છે અને તે સદાચારી સજ્જન બની શકે છે. પાપના કીચડમાં ડૂબેલ વ્યક્તિ ભજનનો આડંબર કરતો હોવાં છતાં તે વાસ્તવમાં નાસ્તિક જ રહે છે. આસ્તિકતા અને દુષ્ટતા બંને એક સાથે રહી શકતી નથી. જે ઈશ્વરથી ડરે છે, પાપકર્મોથી ડરે છે તેને સંસારમાં બીજા કોઈનો ડર રાખવાની જર નથી. જે મનુષ્ય સદ્‌આચરણવાળો, સદ્‌ભાવયુક્ત, સન્માર્ગી અને સજ્જન છે તે હકીકતમાં ઈશ્વરનો સાચો ભક્ત છે પછી ભલે તેનાથી ઉપાસનાત્મક ક્રિયાઓ સારી રીતે ન થઈ શકતી હોય.

ઉપાસકના મનમાં એવો દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે ઈશ્વર મારી ચારેબાજુ રહેલો છે, તેની હજાર આંખ વડે તે મારા દરેક કાર્યોને નિહાળી રહ્યો છે અને મારા દરેક સારાનરસાં કર્મનું ફળ તે પુરસ્કાર કે દંડરૂપે નક્કી કરી રહ્યો છે. મનુષ્ય જ્યારે આ તથ્યને બરાબર સમજી લે છે ત્યારે સૌ પ્રથમ પોતાના સ્વભાવ અને ચારિત્ર્યની સજાવટ તથા સંશોધન કરવાની જરૂરિયાત ઊભી થાય છે. જ્યાં પણ જે ત્રુટિ છે તેનું સમાધાન કરવું પડે છે. આટલું કર્યા પછી જ્યારે અંતઃકરણ નિર્મળ અને વ્યવહાર નિષ્પાપ બની જાય ત્યારે ઈશ્વર સાથે સાચી મિત્રતા બાંધવાના દ્વાર ખૂલી જાય છે. ચોરના હૃદયમાં જ્યાં સુધી અપરાધભાવ હોય છે ત્યાં સુધી તે પોલિસ, જેલ કે અદાલતથી ડરતો રહે છે, પરંતુ તેનું વર્તન સુધરતાં જ તે નિર્ભય બની જાય છે અને અધિકારીઓ પાસેથી માન પામે છે. આવી જ રીતે ઈશ્વર પાસે મિત્રતા રાખવા માટે સૌથી પહેલાં નિર્મળ અને નિષ્પાપ બનવું જરૂરી છે. આનાથી ઓછામાં ન તો ભગવાનને આપણાં બનાવી શકાય છે ન આપણે ભગવાનનાં બની શકીએ છીએ. સંત તુલસીદાસે તો કહ્યું છે -

**નિર્મલ મન મન સો મોહિ પાવા ।**
**મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥**

ઉપાસનાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે ઉપાસકે સૌથી પહેલાં જીવનશુદ્ધિ કરવી જોઈએ. જીવનમાં રહેલી ગંદકીને દૂર કરી શ્રેષ્ઠતાને સ્થાન આપવું જોઈએ. આ સ્થિતિ જેટલી ઝડપથી પ્રાપ્ત કરી શકાય તેટલી જલદી ઈશ્વર સાથે મિત્રતા બાંધી શકાય છે. ડર, લજ્જા, ભય અને સંકોચમાં ડૂબેલો નિમ્ન કક્ષાનો મનુષ્ય આટલી ઊંચી કક્ષાની વ્યક્તિ સાથે મન મૂકીને પ્રેમ કરવાનું સાહસ કરી શકતો નથી. જ્યારે જીવ સ્વચ્છ હોય ત્યારે જ ઈશ્વર સાથે મિત્રતા કરવાનું સાહસ કરી શકાય છે. ચિંતન, આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, આત્મનિર્માણ અને આત્મવિશ્વાસમાં જોડાઈ જવું - આ બધાં જ વાસ્તવમાં તો ઈશ્વરીય મિત્રતાના આધારભૂત સાધનો છે. આ પ્રગતિ થતાંની સાથે જ ઈશ્વર ઉપાસક તરફ અને ઉપાસક ઈશ્વર તરફ આગળ વધે છે અને તે સાથે માનવનો ઈશ્વર સાથે તાદાત્મ્યતા અને એકાત્મતા સાધવાનો મહાન ઉદ્દેશ પૂર્ણ થાય છે.

નિર્મળ મન અને શુદ્ધ આચરણથી શરૂ કરેલી આધ્યાત્મિક ઉપાસનાનું પરિણામ પૂર્ણ નિર્ભયતાના રૂપમાં પ્રાપ્ત કરી શકાય છે. ઈશ્વર હર ઘડી આપણી સાથે છે તેવો ભાવ અનુભવાય છે. એક સહયોગી સહચર, અંગરક્ષક અને સુરક્ષા અધિકારીની જેમ તે સતત આપણી આગળ પાછળ ચાલતો દેખાય છે. હથિયારધારી પોલિસની ફોજ જ્યાં આપણી સુરક્ષા માટે સતત આપણી રખેવાળીમાં હાજર રહેતી હોય અને સાથે ચાલતી હોય તો આવી રહેલાં ભયનો કે શત્રુનો ડર ક્યાંથી હોય ? સશક્ત અને સશસ્ત્ર સંરક્ષક સાથે હોય તો ડર દૂર થઈ જાય છે અને નિર્ભયતા તથા સાહસ વધે છે. સર્વશક્તિમાન ઈશ્વર જેની આગળ પાછળ સંરક્ષક તરીકે ચાલતો હોય તેને મોટામાં મોટો ભય પણ તુચ્છ લાગે છે. ભવિષ્યની આશંકાથી તે સહેજ પણ વિચલિત થતો નથી. આટલી મોટી શક્તિ જ્યારે સાથી સહચર કે સંરક્ષકરૂપે જેની સાથે હોય તે આ દુનિયામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈનાથી પણ ડરતો નથી અને તેને કારણે તેનું સાહસ અને સદ્દમાર્ગ પર ચાલવાનો ઉત્સાહ જાગેલો રહે છે. નિર્જન વનમાં સિંહની જેમ એકલો ગર્જના કરતો રહે અને પોતાના સામર્થ્યથી, બળથી, પુરુષાર્થથી પોતાની સમસ્યાઓ ઉકેલતો રહે છે.

જેને ઈશ્વર પર અટલ વિશ્વાસ છે તેની પાસે અલ્પસાધન હોવા છતાં મોટી મોટી યોજનાઓ બનાવીને તેને પાર પાડવા માટે તે ક્રિયાશીલ રહેતો હોય છે. ઈશ્વર હંમેશાં સત્કર્મોમાં સહાય કરે છે. કર્તવ્યપથ પર ચાલવાની શક્તિ આપી પરમાર્થીઓનો તે સાથીદાર બને છે. જેને તેનામાં દૃઢ વિશ્વાસ છે તેને તે પ્રકારના પ્રમાણ પણ મળે છે. ખરેખર આ અતૂટ શ્રદ્ધા જ સાધનસામગ્રી રૂપે સાકાર બને છે. ઇતિહાસમાં એવાં અનેક ઉદાહરણો અને પ્રમાણો પડેલા છે કે અકિંચન સ્થિતિમાં જન્મેલા, સાધનોના અભાવવાળા તથા સાથીઓનો સહયોગ ન મેળવનારા પણ પરમાર્થના રસ્તે ચાલવાનું દુઃસાહસ કરતાં રહે છે અને તેમના ઉદ્દેશો પૂર્ણ થતાં રહ્યાં છે. જાણે આ મહાન કાર્યો પહેલેથી જ તેમને માટે કરવાના બાકી રહ્યાં હોય એમ લાગે છે. સારા ઉદ્દેશથી કરેલાં પ્રયત્નોમાં હંમેશાં ઈશ્વરી સહાય મળતી રહે છે. જે પોતાના વ્યક્તિત્વને ઈશ્વરીય પ્રેમ માટે લાયક બનાવીને આ પ્રયોગ કરી શકે છે. તે નિર્વિવાદરૂપે સત્યને પ્રાપ્ત કરે છે.

ઉપાસકની મનોભૂમિમાં જો ઉપરોક્ત વિશેષતાઓનો સમાવેશ થતો હોય તો ઈશ્વરની નિકટતા કેળવવામાં કોઈ મુશ્કેલી રહેતી નથી. ધ્યાનની સાથે આ તત્ત્વ જેટલું ભળશે તેટલો ઉપાસનામાં આનંદ વધતો જશે. પ્રેમની નિકટતા હંમેશાં સુખદ હોય છે. ભગવાનને પોતાના માતાપિતા, ગુરુ કે પ્રિયસખાના રૂપમાં પ્રાપ્ત કર્યા પછી તેમની સાથે રહેવું બહુ સુખદાયી લાગે છે. મનનો સ્વભાવ હોય છે કે પ્રિય વસ્તુ, પાત્ર કે પ્રિય કલ્પનાના સાંનિધ્યમાં રહેવું તે વધુ પસંદ કરે છે. દોડીદોડીને મન છેવટે ત્યાં જ પહોંચી જાય છે. જો આપણે પરમેશ્વરને આપણું પ્રિયપાત્ર બનાવી લઈએ તો મન ક્યાંય ભાગશે નહીં અને પરમેશ્વરમાં એકાકાર થઈ તેનામાં ફરતું રહેશે અને વધારેમાં વધારે સમય તેની સાથે વિતાવવાનું ઇચ્છશે. પછી મન ન લાગવાનો કે જીવ ઊંચો થઈ જવાનો કોઈ પ્રશ્ન જ નહીં રહે. પ્રિય પાત્ર સાથે રહેવાથી જે સુખ અનુભવાય છે તેવું જ સુખ ઈશ્વરના સાંનિધ્યમાં અનુભવીએ અને ઈશ્વરને પોતાના પ્રિય સંબંધી બનાવી દઈએ તો મનને વશમાં રાખવાની અને ચિત્તવૃત્તિઓને એકાગ્ર કરવાની મૂંઝવણ ટાળી શકાય છે. મનને વશમાં રાખવાનો અને ચિત્તવૃત્તિને એકાગ્ર કરવાનો આનાથી સારો બીજો કોઈ માર્ગ નથી.

---

મહર્ષિ મવાલિએ તે પર્વત પર બ્રહ્મકમળ ખીલેલું જોયું. તેની શોભા અને સુગંધ પર મુગ્ધ થયેલાં ઋષિ વિચારવાં લાગ્યા કે આટલું સુંદર કમળ તો ભગવાન શિવજીના ચરણોમાં ચઢાવવું જોઈએ. ઋષિને નજીક આવેલાં જોઈ પુષ્પ પ્રસન્ન તો થયું પણ સાથેસાથે આશ્ચર્ય સહ ઋષિના આગમનનો ઉદ્દેશ પણ પૂછ્યો.

જાવાલિએ કહ્યું, "તને શિવનું સામીપ્ય અર્પવાની ઇચ્છાથી તોડવા માટે આવ્યો છું."

પુષ્પ ખિન્ન થઈ ગયું. પ્રસન્નતાનું સ્થાન ખિન્નતાએ લઈ લીધું. તેની ઉદાસીનું કારણ પૂછતાં ફૂલે કહ્યું, "શિવ સામીપ્યનો લોભ ન રાખનારાં પણ ઓછાં નથી અને દેવતાઓને પુષ્પ જેવી તુચ્છ વસ્તુની કમી હોતી નથી. તો અહીંયાં રહીને પતંગિયાં અને મધમાખી જેવાં ક્ષુદ્ર કીટકોની સહાયતા કરું તો શું વાંધો છે ? હું જે ક્ષેત્રમાં ઊગ્યું અને વિકસિત થયું તે ક્ષેત્રને પણ ખાતરની જરૂરિયાત તો હશે જ."

ઋષિ પુષ્પના મહાન ભાવોને સમજ્યાં. તેમણે પુષ્પની ખૂબ ખૂબ પ્રશંસા કરી અને ત્યાંથી પાછા ફરી ગયાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ચારે યુગમાં જીવનપર્યંત મનુષ્ય જીત્યો છે

યુગોની દૃષ્ટિથી કાલને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે - સતયુગ, ત્રેતા, દ્વાપર અને કલિયુગ. આમ મનુષ્યની પણ બચપણ, કિશોર, યુવાની અને ઘડપણ ચાર અવસ્થાઓ છે. આ અવસ્થાઓનું વિભાજન જીવનની સુવિધા અને સ્થિતિ પ્રમાણે થયેલું છે, તેની વિશિષ્ટતા અનુસાર થયું નથી.

જિંદગીનું વર્ગીકરણ જો વિશિષ્ટતાના હિસાબે કરવાનું હોય, તો તેનો ઉપાય કંઈ ભિન્ન હોવો જોઈએ. બચપણ, કિશોરાવસ્થા, યૌવન અને વૃદ્ધાવસ્થા. આ ચાર તો સાધારણ સ્થિતિઓ છે, જે પ્રત્યેકના જીવનમાં આવે છે. આથી એમને સાધારણ જ કહેવી જોઈશે. વ્યક્તિત્વની સ્થિતિ અને દશાનો પરિચય એનાથી મળતો નથી. તેના માટે એ જોવું જોઈશે કે તે કેટલો સક્રિય અથવા નિષ્ક્રિય ભૂમિકામાં રહેલો છે. આ આધાર પર જ તેનું વાસ્તવિક વિભાજન સંભવ છે. આવું એટલા માટે પણ જરૂરી જણાય છે, કારણ કે કેટલીક વખત યુવક અને આધેડ જેવા જણાતાં લોકો પણ કિશોરો જેવી સમજ ધરાવે છે અને પ્રવૃત્તિઓ આચરતાં જોવા મળે છે. આવી દશામાં તેમને પરિપક્વ કહેવા ઉચિત જણાતું નથી. તેમની અવસ્થા એક સ્થિતિનો ખ્યાલ આપે છે, જ્યારે કામકાજ સર્વથા બીજી સ્થિતિ બતાવે છે. એમાં ભ્રમ પેદા થવો સ્વાભાવિક છે. એટલા માટે ઋષિઓએ વ્યક્તિત્વનું એક બીજું વિભાજન પણ જરૂરી ગણ્યું. આ જ સાચા અર્થમાં જીવનનું યથાર્થ વર્ગીકરણ છે. આ એક એવું વર્ગીકરણ છે કે જેના આધાર પર આ અનુમાન કરવું સહજ સંભવ થઈ શકે કે, મનુષ્ય ચેતનના કયા ચરણમાં રહેલ છે. આ આધાર પર સમગ્ર વ્યક્તિત્વને યુગો જેવા જ ચાર નામ આપીને ચાર ખંડોમાં વિભાજિત કરવામાં આવ્યું.

કલિયુગ વ્યક્તિત્વનો તે હિસ્સો છે કે જેમાં મનુષ્ય નિદ્રાગ્રસ્ત જેવી મનોદશામાં પડી રહે છે. તે વાસના, તૃષ્ણા, અહંતાના કીચડમાં એવી ખરાબ રીતે ફસાયેલો હોય છે કે સ્વાર્થ સાધ્યા સિવાય તેને કંઈ સૂઝતું નથી. તેનું એક માત્ર લક્ષ્ય નીતિ-અનીતિનો વિચાર કર્યા સિવાય ગમે તે રીતે વધુ પડતું એકઠું કરવાનું અને કોઠારો ભરી લેવાનું હોય છે. જ્યાં પ્રત્યેક વ્યક્તિનું ચિંતન આ જ વિસ્તારમાં ફરતું હોય અને સંકુચિત વૃત્તિ હોય તો, ત્યાં શ્રેષ્ઠ આચાર અને ઉત્તમ વિચારની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? ત્યાં સુવ્યવસ્થા અને સ્વચ્છ શાસન કેવી રીતે આવી શકે ? ત્યાં શાંતિ અને પ્રગતિની આશા રાખવી નિરર્થક છે. તત્ત્વજ્ઞાનીઓએ એને **'તમસાચ્છન્ન'** સ્થિતિ કહી છે અને **'તમસો મા જ્યોતિર્ગમય'** જેવા સૂત્રો દ્વારા એનાથી ઉગારવાની અને ઊંચે લઈ જવાની પ્રાર્થના કરી છે. **અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન શલાકયા, ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।** આ શ્લોક પણ ઉપર્યુક્ત ભાવને જ સ્પષ્ટ કરીને સદ્ગુરુને અજ્ઞાનના અંધકારથી પાર ઉતારવાની ઇચ્છા પ્રગટ કરે છે. વાસ્તવમાં આ અજ્ઞાન શું છે? સાધારણ ભાષામાં કહીએ, તો એને લોભ અને મોહ કહેવું પડશે. હાથકડી અને બેડી પણ કહી શકીએ છીએ. આ બે એવા બંધનો છે કે જેના કારણે મનુષ્ય ક્ષુદ્રતાના વિસ્તારમાંથી બહાર નીકળી શકતો નથી. એક તેને સ્વાર્થી બનાવે છે, તો બીજો સંકુચિત. આ બંનેનું યુગ્મ જ કોઈ પણ વ્યક્તિને પતનની ખાઈમાં ધકેલવા માટે પર્યાપ્ત છે. ચેતનાની દૃષ્ટિએ ગબડવું અને નિદ્રાગ્રસ્ત સ્થિતિમાં રહેવું લગભગ એક જેવી જ અવસ્થાઓ છે, કારણ કે બંને તેની નિમ્ન અને અધોમુખી ગતિઓ છે. સૂતેલા અને બેહોશ વ્યક્તિમાં કોઈ વિશેષ તફાવત નથી. આ દશામાં તે ક્યાં, કેવી રીતે અને કેમ પડયો છે ? એનું તેને સહેજ પણ ભાન થતું નથી. નીચ લોકોના માથા પર જ્યારે ક્ષુદ્રતા સવાર થાય છે ત્યારે તેઓ કેટલી અને કઈ કઈ હરકતો કરી બેસે છે, એનું તેમને ભાન જ ક્યાં રહે છે ? આથી બંનેની સ્થિતિ લગભગ એક જેવી જ ગણવી પડશે. એટલા માટે ઐતરેય બ્રાહ્મણના ઋષિ કહે છે, **"કલિઃ શયાનો ભવતિ"** અર્થાત્ નિદ્રાળુ અથવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિમ્ન મનોદશામાં પડી રહેવું 'કલિકાલ' છે. એને વ્યક્તિત્વની કલિ દશા અથવા વર્તમાન સામાજિક અવસ્થા પણ કહી શકાય છે.

'જાગી ઊઠવું' એ દ્વાપર સમાન છે. ખુમારી તૂટવી અને મૂર્છા હટવી વ્યક્તિગત જીવનમાં ખૂબ જ મહત્ત્વની ગણાય છે. એમની હયાતિમાં પૃથ્વી ક્યાંય કંઈ બની શકે છે ? મહત્ત્વપૂર્ણ નિર્ણય પૂર્ણ ચૈતન્યતાની સ્થિતિમાં લેવામાં આવે છે. મૂલ્ય અને મહત્ત્વ એનું જ છે. નહીંતર શરાબી શરાબ પીને ન જાણે શું શું બકતાં રહે છે, પરંતુ તેમનું કોણ સાંભળે છે ? ઘડીકમાં સ્વયંને મંત્રી,, ઘડીકમાં પોલિસ, ઘડીકમાં રાજા, ઘડીકમાં ચોર ગણાવે છે. કોઈક વાર ગાળો બોલે છે, તો કોઈક વાર કોઈકની મજાક કરે છે. સમજદાર વ્યક્તિ તેને એક કાનથી સાંભળીને બીજા કાનથી બહાર કાઢી દે છે, કારણ કે તેઓ જાણે છે કે જે કંઈ કહ્યું કે કર્યું તે બેભાન અવસ્થામાં બન્યું છે, આથી તે મહત્ત્વનું નથી. આને લીધે સજાગ કરતાં ઋષિઓ કહે છે કે જાગ્યા સિવાય હવે છૂટકો નથી, જાગૃતિ જ સર્વનો ઉકેલ છે. મૂર્છા તો મોત સમાન છે.

અહીં જાગૃતિનો અર્થ તે સદ્દચિંતનથી કરવો જોઈએ કે જેના અભાવમાં શ્રેષ્ઠ વ્યક્તિત્વનો પાયો ચણી શકાય નહીં અને ન તો લોકમંગળના કાર્યો પરિપૂર્ણ કરી શકાય. આ માટે લોકમંગળનાં કાર્યો વિશે સદ્દચિંતન કરવું અને તેનાથી થનારા લાભ વિશે અનુભવીઓની સલાહ લેતાં રહેવું. આને આધારે કરેલા નિર્ણયોમાં નુકસાન વેઠવું પડતું નથી. આ તે અવસ્થા છે કે જેની પ્રત્યે મન વારંવાર આકર્ષાય છે અને તેનાથી થનારી સિદ્ધિઓની કામનાથી મન ગદ્દગદિત થતું રહે છે. આમ થવાથી મન લોભ, મોહ, વાસના અને તૃષ્ણાની નિમ્ન લાલચોમાં બંધાઈ રહેતું નથી. સાચા અર્થમાં આ જ જાગૃતિ છે. એને જ 'દ્વાપર' કહેવામાં આવ્યો છે. આ જ ભાવને મનમાં ધરી રાખવાનું પ્રિય વચન છે, **"સંજિહાનસ્તુ દ્વાપરઃ"** નિદ્રાથી જાગી ઊઠવું દ્વાપર છે.

જ્યારે વ્યક્તિનો ચેતનાત્મક વિકાસ શરૂ થાય છે ત્યારે એક પછી એક કેટલાંક સોપાનો પાર કરવાં પડે છે. ત્યાર પછી ક્યાંય જઈને અંતમાં જીવનના પરમ લક્ષ્ય પર સ્થિર થઈ જાય છે. આ સ્થિતિ સરળતાથી મળતી નથી. આ માટે કઠોર સંઘર્ષ કરવો પડે છે અને પરિસ્થિતિઓ સામે ટક્કર લેવી પડે છે. આટલું કરી શકવાથી જે સામર્થ્ય વધે છે એનાથી જ કોઈ કાર્ય કરી શકાય છે અને સફળતા પ્રાપ્ત થાય છે. એટલા માટે આ પથના પથિકોનું કથન છે કે આ માર્ગ પર ચાલી નીકળવા માટે કમર કસ્યા પછી પાછા વળીને જોવું નહીં અને ઊઠાવેલાં કદમો પાછા ન વાળવા જોઈએ. આનું કારણ એ છે કે આ માર્ગનું એક-એક કદમ ભારે અવરોધ સમાન છે, તેને પાર કરવું દુર્ગમ હિમાલયને પાર કરવા સમાન છે. તે દિશામાં આગળ વધેલું કદમ ગર્વ અને ગૌરવ બક્ષે છે. આથી ઋષિસંકેત છે કે નિદ્રાગ્રસ્ત જો જાગી ઊઠે, તો આગળના સોપાનમાં તેણે ઊભા થઈ જવાની તૈયારી કરવી જોઈએ. આથી ઓછામાં પ્રગતિને ચાલુ રાખી શકાય નહીં, જે માટે મોહનિદ્રા ત્યાગીને પ્રગતિની શરૂઆત કરી હતી. એને હસ્તગત કરવી તે વિકાસની ત્રીજી અવસ્થા ત્રેતા છે.

**'ઉત્તિષ્ઠંસ્ત્રેતા ભવતિ.'** શાસ્ત્રોક્તિ છે કે ઊઠીને ઊભા થવું જ ત્રેતા છે. અહીં ઊભા થવાનો મતલબ છે સત્કાર્યોના માટે યોજનાઓ બનાવીને યોગ્ય આકાર આપવો તથા બીજાઓને આ કામ માટે સંમત કરીને સહકાર મેળવવો. આ પછી હળીમળીને આ પ્રક્રિયાને કેવી રીતે વેગ આપવો એ સુનિશ્ચિત કરવું પડે છે અને સફળતાના માર્ગમાં આવનારી મુશ્કેલીઓને કેવી રીતે હટાવવી તે વિચારવું પડે છે. આ એવી પ્રક્રિયા છે કે જેમાં મનોબળ તૂટવાની અને અસહકાર તથા વિરોધ થવાની ભારે સંભાવનાઓ હોય છે. જો એને ઠીક રીતે પાર કરી લેવાય, તો પછી ગાડી પાટા પર ગબડવામાં કોઈ અડચણ બાકી રહેતી નથી. આને લીધે જ આ મનઃસ્થિતિને 'ત્રેતા'ની સમકક્ષ ગણવામાં આવી છે.

જે ઊઠીને દૃઢતાપૂર્વક ઊભો થઈ ગયો હોય, તેનું ચાલી નીકળવું નિશ્ચિત છે, કારણ કે દુનિયામાં કશું પણ સ્થિર નથી, સર્વ ચલાયમાન છે. શ્વાસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચાલી રહ્યો છે, જીવન ચાલી રહ્યું છે, પ્રત્યેક અંગઉપાંગ ક્રિયાશીલ અને ગતિશીલ છે. શરીર પણ પોતાની રીતે ગતિમાન છે. તેની ચાર અવસ્થાઓ એનું જ પરિણામ છે. જે દિવસે તેમાં સ્થિરતા આવી જાય તે જ ક્ષણે મનુષ્ય એક જેવી અવસ્થામાં પડી રહેશે, તેની પ્રગતિ અટકી જશે. બાળક હંમેશાં બાળક જ બની રહેશે, તે કદાચિત જ પ્રૌઢ બની શકે. કદાચ તેથી મૃત્યુ પણ ન આવે, કારણ કે શરીરની ગતિનો હેતુ મરણ છે અને જો મોત શરીરનું અનિવાર્ય અંગ ન હોય તો મનુષ્ય માટે મુસીબત પેદા થઈ જાય. કદી સમાપ્ત ન થનારી લાંબી જિંદગી તેના માટે નીરસ અને આનંદહીન બની જશે. આને કારણે શ્રમ પછી જેમ વિશ્રામની વ્યવસ્થા છે, તે જ રીતે ભગવાને જીવાત્માને મોત બક્ષીને વિશ્રામનો સુયોગ બનાવ્યો છે. પુનઃ જન્મ, તેના પછીથી ફરીથી મરણ - આ જ તેની ગતિ-પ્રગતિ છે. પદાર્થ પણ અચળ ક્યાં છે ? નદીઓ વહેતી રહે છે, દરેક પળે વહેણ બદલતી રહે છે. એના સિવાય બીજો કોઈ ઉપાય નથી. આથી, જો વ્યક્તિ ઊભો થઈ ગયો તો તેનું ચાલી નીકળવું સ્પષ્ટ છે. તે એક જગ્યા પર સ્થિર રહી શકતો નથી. તેણે ચાલવું જ પડશે, આગળ વધવું પડશે, બદલાવું પડશે. આ જ સતયુગ છે. આ માટેનું ઋષિ કથન છે, **"કૃતં સંપદ્યતે ચરન્"** - ચાલી નીકળવું જ સતયુગ છે. એટલા માટે તેઓ આગળ કહે છે, **ચરૈવતિ, ચરૈવતિ, ચાલતા રહો, ચાલતા રહો.** આ જ વ્યક્તિત્વનો પરમ વિકાસ છે.

અહી એક વાત સ્પષ્ટ છે કે મનુષ્ય સત્કર્મની કેવળ યોજનાઓ જ યોજનાઓ બનાવતો રહે, તેમનું અમલીકરણ ન કરે એવું કદી બની જ ન શકે. એ સનાતન સત્ય છે કે જે સારું વિચારશે તે સારું જ કરશે. સમાજરૂપી મંદિરમાં આ જ ભગવાનની સર્વોપરિ સેવા છે. એમાં આ તુચ્છ જીવન સમર્પિત થઈ જાય, એનાથી ચઢિયાતું ઉદાત્ત અને સર્વશ્રેષ્ઠ બીજું શું હોઈ શકે છે ? દુનિયામાં જો કંઈ સુખદ, સુંદર અને શ્રેષ્ઠ છે, તો તે પરમસત્તાની પ્રત્યે નિષ્ઠાવાન બનવાની અને બનાવવાની પ્રક્રિયા ઉપરાંત બીજું કંઈ હોઈ શકતું નથી. આ વિશ્વમાં પરમ આનંદની, સ્વર્ગમુક્તિ જેવી કોઈ અવસ્થા છે, તો એને જ તે અવસ્થા કહેવી પડશે, જેને મેળવીને જીવાત્મા ધન્ય બને છે અને પરમાત્માના આશીર્વાદ મેળવે છે. આના માટે આ વ્યક્તિત્વ ખંડને સતયુગ-સુવર્ણયુગ કહીને સન્માનિત કરવામાં આવ્યો છે.

આ રીતે ઉપર્યુક્ત વિવેચનથી વ્યક્તિત્વની સતયુગ, ત્રેતા, દ્વાપર અને કલિયુગ સંબંધી માન્યતાઓ સ્પષ્ટ થવી જોઈએ. એને જો શરીરની ચાર અવસ્થાઓમાં ઘટાવીએ તો બાળપણને સતયુગ, કિશોરાવસ્થાને ત્રેતા, યૌવને દ્વાપર અને ઘડપણને કલિયુગ કહેવું પડશે, કારણ કે બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તેની મનોભૂમિ એકદમ નિર્મળ અને નિર્વિકાર હોય છે. જીવનના બીજા તબક્કામાં આવીને તે સાચુંખોટું, સારુંનરસું, લાભગેરલાભ, સ્વાર્થપરમાર્થ કંઈને કંઈ સમજવા અને કરવા લાગે છે. પરિણામે આ ત્રેતા સમાન છે. આયુષ્યના ત્રીજા તબક્કામાં આ બધું જીવનચર્યાનું અવિભક્ત અંગ બની જાય છે અને સત્યનો થોડો અંશ બાકી રહે છે, આથી આ દ્વાપર કહેવાય. જીવનના ચોથા તબક્કામાં બુદ્ધિ બહેર મારી જાય છે. વધીઘટી સારાસ સ્વાર્થહિતમાં ગુમાવીને મનુષ્ય સર્વ કંઈ સ્વાહા કરી લે છે. આને લીધે એને આજની પરિભાષામાં કલિયુગ માનવો તે ઉચિત લેખાશે.

સંપૂર્ણ વ્યક્તિત્વની આ દાર્શનિક વ્યાખ્યા થઈ. અહીં એક કહેવું ઠીક નથી કે કલિયુગ, સતયુગ જેવી સ્થિતિઓ શાસ્ત્રોમાં નિર્ધારિત કાલના આવાગમન પર જ આધારિત છે. વાસ્તવમાં આ દરેક વ્યક્તિની પોતપોતાની ઇચ્છા અને રુચિ પર નિર્ભર છે. તે ઇચ્છે તો જીવનપર્યંત કલિયુગ જેવી નિમ્ન અવસ્થામાં પડી રહે અને ઇચ્છે તો તાત્કાલિક પોતાની દશા શ્રેષ્ઠ અને ઉચ્ચ સ્તરની સતયુગી બનાવી લે. ત્રેતા અને દ્વાપર બંને મધ્ય અવસ્થાઓ છે. એટલા માટે ઉપર્યુક્ત વિભાજનને કાળના સંદર્ભમાં સમજવાને બદલે વ્યક્તિત્વના સંબંધમાં સમજવું વધુ ઉચિત, ન્યાયસંગત અને સમયાનુકૂળ ગણાશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સુખદાયક રામનામ ભજી લો

તેઓ સાચા વૈરાગી હતા. તેઓ સંન્યાસી, સંત અને ઈશ્વર ભક્ત રામનામના મતવાળા હતા. તેમને ન તો કોઈ ચિંતા હતી કે ન તો કોઈ જરૂરિયાત હતી. તેમની ઈચ્છાઓ તૃપ્ત હતી. મન સંતૃપ્ત હતું, અંતઃકરણ સરળ, નિર્મળ, શુદ્ધ, અને પવિત્ર હતું. તેમને ભગવાનના ભજન અને ઈશ્વરના પૂજા અર્ચનની એક જ ધૂન હતી. તેથી ઊઠતાંબેસતાં, હરતાંફરતાં હર ઘડી ઈશ્વરના ગુણગાન ગાતાં હતાં. સવારનો સમય હતો. રામનામમાં મગ્ન ઈશ્વરના ગુણ ગાતાં ગાતાં તેઓ મુગલ બાદશાહ અકબરની રાજધાનીમાં ક્યારે પ્રવેશ્યા તેનો કંઈ ખ્યાલ રહ્યો નહીં. લાંબી પહોળી સડકો હતી. ઊંચા ઊંચા મહેલોની ઊંચી ઊંચી અગાસીઓ હતી. પરંતુ તે સંતોને તો આ બધાંની સાથે કોઈ લેવા દેવા ન હતી. તેથી આજુબાજુ નજર નાખ્યાં વિના ભગવાનના ગુણ ગાતાં ગાતાં ચાલ્યા જતાં હતાં. એટલામાં એકાએક બાદશાહના સૈનિકોએ આવીને કંઈ પૂછપરછ કર્યા વિના તેમને કેદી બનાવી દીધાં. તેઓ આ બાબતમાં કંઈ કહે તે પહેલાં તો તેમને અકબર બાદશાહના દરબારમાં હાજર કરી દેવામાં આવ્યાં. અકબર બાદશાહે તે તમામ સાધુ સંતોનો હવાલો પોતાના દરબારના વિખ્યાત સંગીતજ્ઞ તાનસેનને આપી દીધો. સભા ભરાઈ. સાધુ સંતો અને તાનસેન સામસામે બેઠાં. તાનસેને કહ્યું- "શું તમને ખબર નથી કે આગરાની સીમામાં સંગીત સમ્રાટ તાનસેનનો મુકાબલો કરનાર જ ગીત ગાઈ શકે છે ? જે મુકાબલો ન કરી શકે તે ગીત ગાઈ શકતો નથી અને કદાચ ગાય તો તેને મોતની સજા કરવામાં આવે છે. આ સીધા સાદા ભગવાન ભક્તોને કદાચ આ વાતની ખબર ન હતી. તેથી સાધુનુ વૃંદ તો મુંઝવણમાં પડી ગયું. અકબરે રાજ આજ્ઞાનું પાલન કરવાનો આદેશ આપ્યો. બધા સાધુસંતોને તાનસેનની દયા પર છોડી દેવામાં આવ્યાં. તાનસેન રાજ્યના સંરક્ષણમાં અહંકારથી ચૂર હતો. તેની વિદ્વતાને, તેના શિક્ષણના અભિમાનને નષ્ટ કરી નાખ્યું હતું. તે સારાસારનો વિવેક ભૂલી ગયો હતો. તેથી તે બધાં સંતસાધુઓને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી. આ સાધુ સંતો સાથે આવેલો એક નાનકડો બાળક અબોધ હોવાથી તેને છોડી દેવામાં આવ્યો. બાળક રોતો કકળતો જંગલમાં પોતાની ઝૂંપડાએ ગયો. આખી રાત તે બાળક સુમસામ ઝૂંપડીમાં રોતો તડપતો રહ્યો. આજે તેણે અનુભવ્યું કે હું એકલો છું. આ દુનિયામાં મારું કોઈ નથી. હવે મને ગીત-સંગીત કોણ શીખવાડશે? કોણ મને પ્રેમ પ્યાર કરશે ? પરંતુ ત્યાં તો તેને બાબાએ કહેલા શબ્દો યાદ આવ્યા. બાબા કહેતા હતાં કે- બેટા, બૈજુ ! આ સંસાર આવનજાવનનો મેળો છે. અહીં કોઈ સ્થાયી રહેતું નથી. સૌ આવે છે અને જાય છે. માટે આ દુનિયાનો મોહ રાખીશ નહીં. ઈશ્વરમાં મન લગાવજે તે જ સૌના પાલનકર્તા છે. તેમણે આ દુનિયા બનાવી છે. માયા મોહનો ખેલ પણ તેમણે જ રચ્યો છે. જીવ સંસારમાં આવીને માયા મોહના ખેલમાં અટવાઈ જાય છે, માટે બેટા, બૈજુ ! આ સંસારમાં આવીને ક્યારેય ગર્વ કે અભિમાન કરીશ નહીં. અભિમાન કરવાથી જીવ ઈશ્વરના સાંનિધ્યને પામી શકતો નથી.

**ભજલે રામનામ સુખદાઈ, યહ જીવન દો દિનકા !**
**હરિ સુમિરન કર ભાઈ, તોડ દે બંધન જનમ મરણકા !!**

આવા વિચારોમાં ડૂબેલો બૈજુ ક્યાંય સુધી રડતો રહ્યો. અચાનક કોઈકે આવીને તેની પીઠ પર હાથ ફેરવી તેને નામ દઈને બોલાવ્યો તો તે એક ક્ષણ માટે તો તે આશ્ચર્યચકિત થઈ ગયો, પરંતુ બીજી જ પળે તેણે આંખ ખોલીને પાછળ જોયું તો એક વૃદ્ધ બાબા તેને બોલાવી રહ્યાં હતાં. બાબાનો ચહેરો અપૂર્વ તેજથી ઝળહળી રહ્યો હતો. બાબાને જોતાં જ તેનાં બધાં જ દુઃખ દર્દ અદૃશ્ય થઈ ગયાં. તે પોતાનું દુઃખ ભૂલીને બાબાની સેવામાં લાગી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગયો. ઝૂંપડીમાં જે કંઈ હતું તેનાથી બાબાને અલ્પાહાર કરાવ્યો. બાબા જ્યારે અલ્પાહાર લઈ નિવૃત્ત થયાં તો બોલ્યા, "બેટા બૈજુ ! તું ધન્ય છે! ધન્ય છે, તારું પાલન પોષણ કરનાર ઋષિગણ, કે જેમણે તને આટલી નાની ઉંમરમાં સહનશીલતા અને આદર સન્માન શીખવ્યાં. હું તારું દુઃખ સમજી ગયો છું. હવે તું ચિંતા ન કર. જે થવાનું હતું તે થઈ ગયું. કદાચ ઈશ્વરને આ જ મંજૂર હશે. યાદ રાખ, આ જગતમાં જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે, તે જ માતા છે, પિતા છે, પાલન પોષણહાર છે. બેટા બૈજુ ! આ દુનિયામાં લોકો મને બાબા હરિદાસના નામે ઓળખે છે. પરંતુ બેટા ! હરિદાસ તો એને કહેવાય કે જે હરિની સેવા કરે. તેથી હું પણ એ પ્યારા કૃષ્ણ કનૈયા યોગિરાજની સેવા કરીને તેમનો દાસ બનવા માગું છું. તેમની કૃપાથી તો જન્મ સફળ થઈ જાય. માટે બેટા બૈજુ ! તું પણ મારી સાથે ચાલ, ભગવાન શ્રી કૃષ્ણ કનૈયાની રમણભૂમિ વૃંદાવનમાં મારી કુટિર છે ત્યાં તું ચાલ, મારી સાથે તું ત્યાં રહેજે."

બાબાએ હાથ પકડીને બૈજુને બેઠો કર્યો. બૈજુ જાણે સંમોહનની નિદ્રામાંથી જાગ્યો હોય તેમ બાબાને આશ્ચર્યથી જોઈ રહ્યો. તે બાબાના પગમાં પડી ગયો. બાબાએ બૈજુને ઊભો કર્યો અને પ્રેમથી ગળે લગાડ્યો. બૈજુએ કહ્યું- બાબા ! આપ તો સંગીતના સાગર છો, આપનું નામ તો સાત સમંદર પાર સુધી પ્રખ્યાત છે. આપને કોણ નથી જાણતું ? "નહી બેટા"- બાબાએ કહ્યું -"હું તો ભગવાનના એક ભક્ત સિવાય બીજું કાંઈ નથી." બૈજુ બાબાની સાથે વૃંદાવન આવ્યો અને તેમની સાથે ઝૂંપડીમાં રહીને સંગીતનું શિક્ષણ લેવા લાગ્યો. આ રીતે સંગીત-શીખતાં શીખતાં વીસ વરસના વહાણા વીતી ગયાં. બૈજુ હવે એક અબોધ બાળકમાંથી એક અપૂર્વ તેજસ્વી સંન્યાસી બની ગયો હતો. તેના સંગીતમાં જાદૂ હતો. તે જ્યારે પોતાના સંગીતના સૂર છેડતો તો સ્વયં ભગવાન તેનું સંગીત સાંભળવા સાક્ષાત ઉપસ્થિત રહેતા અને બૈજુ તેમને પોતાનું સંગીત સંભળાવતો રહેતો. દિવસ વીતતાં રાત ઢળતી પણ બૈજુ તો બાવરો બનીને ભગવાનના ભજનમાં મગ્ન રહેતો હતો. તેનું નામ જ બૈજુ બાવરા પડી ગયું. ઈશ્વર ભક્તિ અજબ હોય છે. પોતાનાં પારકાંનો ભેદ મિટાવીને બધામાં ઈશ્વર અંશ આત્માના દર્શન કરાવે છે. મિત્ર શું કે શત્રુ શું, ભગવાનના ભક્ત માટે બધાં સમાન હોય છે. તેને ક્યારેય ખરાબ લાગતું નથી. ચારેતરફ સારું જ દેખાય છે. ભારતીય અધ્યાત્મવાદની આ જ મુખ્ય ઓળખાણ છે. બૈજુ બાવરા પણ સમયના વહેતા પ્રવાહમાં બધું ભૂલી ગયો. તે સાચો ભક્ત હતો. સાચો અધ્યાત્મવાદી હતો. તેથી જ તો બૈજુ બાવરો કહેવાયો. ભક્તિમાં બધાં પાગલ દીવાના બની જાય છે. જ્યાં સહેજ પણ ગર્વ કે અભિમાન રહી જાય ત્યાંથી જીવનું ભટકવું ચાલું થઈ જાય છે. અહંકારીનું અંતે પતન થાય છે. પરંતુ બૈજુ તો આ બધાંથી ઉપર, દૂર તે પરમ પદ પર પ્રતિષ્ઠિત થઈ ચૂક્યો હતો જેને મેળવવા માટે મોટાં મોટાં જ્ઞાની, વૈરાગી અને સાધુ સંતો જપ તપ કરતાં રહે છે. તે તો ભગવાન શ્રી કૃષ્ણની સ્થિતપ્રજ્ઞ સ્થિતિને પ્રાપ્ત કરી ચૂક્યો હતો. તેનામાં પોતાના, પારકાં કે મિત્ર શત્રુનો ભેદ જોવા ક્યાંથી મળે ? ત્યાં પહોંચતાં જ બધું ભગવાનનું થઈ જાય છે. બધું જ ઈશ્વરમાં વિલીન થઈ જાય છે. બાકી રહે છે એક જ્યોતિ, એક ઈશ્વરના અંશરૂપ આત્મા, બાકી કંઈ શેષ રહેતું નથી. બૈજુ ભૂલી ગયો કે તેનો કોઈ દુશ્મન છે કે તેનાથી તેને બદલો લેવાનો છે. તેના નિર્દોષ બાબાને કોઈકે મારી નાખ્યાં હતાં. આ વેરભાવનાને તે ભૂલી ગયો. યાદ રહ્યાં ફક્ત સંગીતના સ્વર અને ઈશ્વરની આરાધના. બસ, આ રીતે ઈશ્વર ભક્તિમાં ડૂબેલો બૈજુ તેના બાબાની જેમ ઈશ્વરનું ભજન કરતાં કરતાં અચાનક એક દિવસ ફરીથી આગ્રા પહોંચી ગયો. બાબાને તો તેમનું મોત આગ્રા ખેંચી ગયું હતું. કહેવાય છે કે ભગવાન મોતનો દોષ પોતાના માથે લેતા નથી, મોત તો કોઈ ને કોઈ બહાનું બનીને આવે છે. તેથી તાનસેન સાથેનો તેમનો મુકાબલો અને હાર તે તો એક બહાનું માત્ર હતું. જો બાબાને મોત ન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોકારતું હોત તો તે હારત નહીં. શરત મુજબ આજે બૈજુ બાવરાનું મોત થશે પણ હારજીત તો ઈશ્વરના હાથમાં છે. તેથી જો મોત આવ્યું હશે તો બૈજુ બાવરા હારશે, નહીં તો જીતશે. બૈજુ બાવરા જેવો સંગીત સાધક આ ધરતી પર બીજો ભાગ્યે જ જોવા મળે. અને તેની સૌથી મોટી ખાસિયત તો એ હતી કે તેનામાં અભિમાન લેશમાત્ર ન હતું. જ્યારે તાનસેન સારો સંગીતજ્ઞ હોવા છતાં પણ અહંકારને કારણે તેનું જ્ઞાન અને સાધના નષ્ટ થઈ ચૂકી હતી. બૈજુ ઈશ્વરને માટે જ ગાતો, જ્યારે તાનસેન પોતાના માટે ગાતો વગાડતો. તે એમ માનતો કે આ બધું હું જ કરી રહ્યો છું. અભિમાનને કારણે તેની વિવેક બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. ભગવાનના ભજનમાં લીન બૈજુ આગ્રાની સડકો પરથી જઈ રહ્યો હતો કે અચાનક તે જ સૈનિકો આવ્યા અને બૈજુને પકડીને સમ્રાટ પાસે લઈ ગયાં. સમ્રાટે ફરીથી તેને તાનસેનને હવાલે કરી દીધો. તાનસેને ફરીથી તે શરત જણાવતાં કહ્યું કે, "મારો મુબાબલો કર્યા વિના કોઈ અહીંયાં ગાઈ શકતું નથી અને હારનારને મોતની સજા મળે છે." તાનસેનની વાત સાંભળી બૈજુ બાવરો ધીરેથી હસ્યો. તે કંઈ બોલ્યો નહીં. તાનસેને ફરીથી કહ્યું, "યુવાન ! શું તે સાંભળ્યું નહીં. આખા આગ્રા રાજ્યમાં સંગીતની બાબતમાં તાનસેનની આજ્ઞા ચાલે છે." બૈજુએ સ્વીકૃતિ સૂચક શિર હલાવ્યું. તાનસેન ગર્વથી બોલ્યો- "તો પછી મુકાબલા માટે તૈયાર થઈ જાઓ. બોલો, આ હરીફાઈ મહેલમાં યોજીશું કે જંગલમાં ?" યુવકે નમ્ર સ્વરે કહ્યું, "જંગલમાં" ઠીક, કાલે સવારે સૂર્યોદય પછી તરત જ હરીફાઈ શરૂ થશે.

સવાર પડી. આખા આગ્રામાં જેને દેખો તેની જીભ પર હરીફાઈની ચર્ચા હતી. જે લોકોએ બૈજૂને જોયો હતો તે લોકો ભગવાનને પ્રાર્થના કરતા હતા કે, -હે ભગવાન ! ગમે તેમ કરીને આ સુન્દર સંન્યાસીને બચાવી લેજે. તાનસેન બહુ જાલિમ છે. જંગલમાં સભા ભરાઈ. સભામાં સમ્રાટ અકબર અને બીજા ખાસ દરબારીઓ પણ આવ્યા. નગરની જનતા પણ આવી. સભાને જોઈને લાગતું હતું કે આખું નગર આજે જંગલમાં ઉમટી પડ્યું છે. બધાંને કુતૂહલ છે, સાથેસાથે આશંકા છે કે, હવે સંન્યાસીનું મોત નક્કી જ છે. હવે તેને કોઈ બચાવી શકશે નહીં. રાજાનો આદેશ મળતાં જ સંગીત સ્પર્ધા શરૂ થઈ. તાનસેને શરૂઆત કરી. સંગીત વિદ્યા સંબંધી કેટલાંક પ્રશ્નો તાનસેને બૈજુને કર્યા. બૈજુ બાવરાએ પોતાની મધુર વાણીમાં સ્પષ્ટ, ભાવપૂર્ણ અને સાચા ઉત્તરો આપ્યા. તાનસેને થડકારો અનુભવ્યો. તેનું અભિમાન વધારે પ્રજવળી ઊઠ્યું. તે મનમાં વિચાર કરવા લાગ્યો- 'આજકાલનો છોકરો મારા પ્રશ્નોના ઉત્તર કેવા ધીર ગંભીર અને યોગ્ય આપી રહ્યો છે, તેની બુદ્ધિ અને વિવેક પર આશ્ચર્ય થાય છે. હમણાં સુધી તો મારા પ્રશ્નોના ઉત્તર આપવામાં ભલભલાં વિદ્વાન સંગીતજ્ઞો ગોથાં ખાઈ જતા હતા અને આ એક આવડો અમથો છોકરો બાજી મારી ગયો. ગમે તેમ હોય પણ તે મારી બરાબરી કેવી રીતે કરી શકે ? સંગીત વિદ્યાના પ્રશ્નો અને હરીફાઈમાં તો મેં મોટાં મોટાને પછાડ્યાં છે અને મોતને ઘાટ ઉતાર્યા છે. આ છોકરો પણ આજે મોતના મોંમા જશે. લોકોએ બૈજુની જીતની ખુશીમાં જય જયકાર કર્યો ત્યારે તાનસેનની વિચારતંદ્રા ભંગ થઈ. તાનસેનનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો. એ બૈજુનો વારો હતો. બૈજુએ સિતાર ઉઠાવી અને તાર પર પોતાની આંગળીઓ ફેરવવા માંડ્યો. થોડીક ક્ષણો બધું જ નિઃશબ્દ બની ગયું. સંગીતની સ્વર લહેરીઓ જંગલના વૃક્ષે વૃક્ષે અને પાને પાને છવાઈ ગઈ. બધે જ સંગીતનો જાદુ પ્રસરી ગયો. લોકો મંત્રમુગ્ધ થઈ ગયાં. ચારેતરફ સ્વર્ગીય આનંદ છવાઈ ગયો. અભય અમૃતની જાણે કે વર્ષા થવા લાગી.

બધાં જ આત્મવિભોર થઈ ગયા. હરણ, ચિત્તા, વાઘ જેવાં પશુપક્ષીઓ સંગીતના જાદુથી ખેંચાઈને ત્યાં એકઠા થઈ ગયા. સંગીતના જાદુને કારણે એક અલૌકિક દૃશ્ય સજીવ થઈ ઊઠ્યું. સમય થંભી ગયો હતો. રાજા અને પ્રજા સંગીતના આનંદમાં ઝૂમતા હતાં. સહુના મનન ચિંતન અટકી ગયા હતાં. તેથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યાં શું થઈ રહ્યું છે તેનો કોઈને ખ્યાલ ન હતો. થોડાક સમય પછી બૈજુએ એકાએક સંગીતના સ્વર બંધ કરી દીધાં તો લોકો મૂર્છામાંથી જાગૃત થઈને વાહવાહ કરવા લાગ્યાં. રાજાએ પણ બૈજુની ખૂબ પ્રશંસા કરી. બૈજુએ પોતાના ગળામાં પડેલી માળા પાસે ઊભેલા હરણને પહેરાવી દીધી. હરણ કૂદકા ભરતું, જંગલમાં દોડી ગયું. પક્ષી ઊડી ગયાં. હવે તાનસેનનો વારો હતો. તેને પણ તે જ પશુ પક્ષીઓને બોલાવવાનાં હતાં. તાનસેને ગર્વથી મસ્તક ઊંચું કર્યું અને એક ઝાટકા સાથે સિતાર ઉપાડી. વગાડવાનું શરૂ કર્યું. પોતાની સંપૂર્ણ કલા અને વિદ્વતાની સાથે તે વગાડતો જ રહ્યો. પણ પોતાનો આત્મા તેમાં રેડી શક્યો નહીં. તેના વગાડવામાં આત્મિક સમર્પણ ન હતું. અભિમાનના ભારને કારણે તેના સંગીતમાં રાજસી ઠાઠબાઠની બનાવટ નજરે પડતી હતી. તેથી તેમાં પ્રાકૃતિક લય સમાવિષ્ટ થઈ શક્યો નહીં. તાનસેન વગાડતાં વગાડતાં થાકી ગયો છતાં તે રાગમાં મીઠાસ કે આત્મિક અલૌકિક આનંદ લાવી શક્યો નહીં. કોઈ પશુ પક્ષીઓ તેનું સંગીત સાંભળવા આવ્યા નહીં. આ રીતે અન્ય કેટલીયે શરતો પર સંગીતની લહેરો ઊઠતી રહી. આજે બૈજુએ બધું જ કરી બતાવ્યું. તેની સામે તાનસેન હારી ગયો. તે કોઈ શરત પૂરી કરી શક્યો નહીં. રાજાએ ઊભા થઈને પોતાનો ફેંસલો સંભળાવી દીધો. જોકે સમ્રાટ અકબર પોતાના આ સંગીતના જાદૂગરને દિલોજાનથી ચાહતો હતો. પરંતુ શરતને કારણે તે મજબૂર હતો. આ જ શરતને આધારે કેટલાયે નિર્દોષ લોકોને તેણે અકાળ મોતને ઘાટ ઊતાર્યા હતાં. રાજાએ કહ્યું: "બૈજૂ બાવરા જીતી ગયો, તાનસેન હારી ગયો." આટલું કહીને રાજા પોતાના આસન પરથી ઊભો થઈ ગયો અને પગપાળા જંગલના રસ્તે ચાલી નીકળ્યો. શરત મુજબ મળનારા મોતની કલ્પનાથી તાનસેન કાંપી ઊઠ્યો. કેટલો લાચાર અને બેબસ બની ગયો હતો તાનસેન, ધીરેથી ઊભો થઈ ધ્રુજતા પગે ચાલીને બૈજૂ બાવરા સમક્ષ યાચક ભાવે ઊભો રહી ગયો. હાથ જોડીને કરગરવા લાગ્યા. - "મને મૃત્યુદંડ ન આપો. હું તમારી શરણે છું. મને અપનાવી લો." બૈજૂએ કહ્યું, "તાનસેન, આપ મહાન છો. હું તો તમારો એક અદનો સેવક છું. તમે કેવી રીતે વિચારી લીધું કે હું તમને મોતની સજા કરીશ તે શરત તમારી હતી, મારી નહીં, મેં તો કોઈ શરત મૂકી જ ન હતી. જાણ્યે અજાણ્યે આ મુકાબલામાં મારી ત્રુટિને કારણે સ્વર ક્યાંય બગડી ગયો હોય તો હું તમારી ક્ષમા માગુ છું પરંતુ જો તમે માનો તો હું એક વિનંતી કરવા માંગુ છું." તાનસેન કશું બોલ્યો નહીં પરંતુ માથું નીચું કરી સંમતી આપી. બૈજુએ કહ્યું, "જો બની શકે તો આપ આગ્રા નગરમાં જે શરત રાખી છે તેને બંધ કરી દો." તાનસેને તરત જ આગ્રામાં રાખેલી શરત સમાપ્ત કરી દીધી. ચારેતરફ બૈજુનો જયજયકાર થવા લાગ્યો. બૈજૂ ધીરેથી ઊઠ્યો અને ભીડથી દૂર થઈને જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

---

ભગવાન શ્રીકૃષ્ણએ કોઈ વાત પર પ્રસન્ન થઈને કુંતીને આશીર્વાદ માગવા કહ્યું. કુંતી બોલી, "મને મુશ્કેલીઓ સામે ટક્કર લેવાની અને તેનો ઉકેલ શોધવાના અવસરો મળતા રહે." કૃષ્ણએ આશ્ચર્યથી કહ્યું કે આવું તો કોઈ માગતું નથી.

કુંતીનો ઉત્તર હતો, "તેથી જ લોકો સાહસિક, દીર્ઘદૃષ્ટા અને પ્રતિભાવાન બની શકતા નથી. પોતાનો સ્વાદ અને પ્રતિફળ હોય છે."

**ન યોગો નભસઃ પૃષ્ઠે ન ભૂમૌ ન રસતાલે**
**એક્યં જીવાત્મનો રાહ્યોમં યોગ વિશારદાઃ ॥**

- દેવી ભાગવદ

અર્થાત્ યોગ આકાશ, પૃથ્વી કે પાતાળમાં નથી. યોગતત્ત્વના જ્ઞાતા તથા પરમાત્માની એકતાને જ યોગ કહેવાય છે.

---



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંસ્કૃતિ અને સમાજ માટે જીવનાર આદર્શ દંપતિ

"જ્યોર્જિના ! મારા મનમાં કેટલાક દિવસોથી એક વિચાર ઊમટી રહ્યો છે. પરંતુ સંકોચવશ ઇચ્છા હોવા છતાં પણ હું તમને કહી શકતો નથી. જો ખોટું ન લગાડો તો કહું"

"હા-હા, અવશ્ય કહો. એમાં ખરાબ લગાડવાનો અથવા સંકોચ કરવાનો કોઈ પ્રશ્ન નથી. જો પતિ-પત્ની થઈને પણ પરસ્પર સંકોચ કરવા લાગીએ અથવા એકબીજાની સલાહ પર ખરાબ માનવા લાગીએ, તો પછી પતિપત્ની શાના કહેવાઈએ." જ્યોર્જિનાએ પોતાના પતિ મેકસમૂલરને કહ્યું.

"સારું, તો સાંભળો" મકેસમૂલરે કહ્યું, "હું ઇચ્છું છું કે આપણે બંને સમાજની સામે એક આદર્શ પતિપત્નીની ભૂમિકા રજૂ કરીએ અને સંતાન પેદા કરવાની ઝંઝટથી બચીએ. શું તું એમાં મને સાથ આપીશ ?"

જ્યોર્જિના એકદમ ઝબકી ઊઠી. તેને આશા પણ ન હતી કે અચાનક આ રીતે સામનો કરવો પડશે. મૂંઝવણમાં પડીને અસંમતિ સૂચક અવાજમાં બોલી, "ઓછામાં ઓછો એક બાળક તો હોવો જોઈએ, નહીંતર આવડી મોટી જિંદગી કેમ વીતશે ?"

"આ જ બાબત વિચારીને તો મેં આ યોજના બનાવી છે, જેનાથી જિંદગી પણ આરામથી પસાર થાય અને સમાજસેવા પણ કરી શકાય તેમજ લોકોની સામે એક અનુકરણીય ઉદાહરણ પણ રજૂ કરી શકીએ."

"આ વાત તો મને સમજાઈ નહીં. શું સંતાન હોય તો સમાજ સેવા કરી શકાય નહીં ?" પત્નીએ કહ્યું.

"સમાજસેવા તો કરી શકાય છે, પણ તેમાં ઘણી બધી તકલીફો વેઠવી પડે છે અને બીજું હું જેટલો સમય આપવા ઇચ્છું છું તે કદાચ ન આપી શકું. વધુમાં તું ઓછામાં ઓછા છ-સાત વર્ષ સુધી તો આને યોગ્ય બની પણ ન શકે કે આ કાર્યમાં મને તું સાથ આપી શકે. જ્યારે તું મને સાથ આપવા લાયક બનીશ ત્યારે કદાચિત હું આને યોગ્ય ન રહી શકું, કારણ કે તે વખતે બાળકના શિક્ષણનો ભાર મારા માથા પર હશે. હાલમાં આપણે સાધારણ નાગરિક સ્તરનું જીવન નિભાવવામાં મજાથી જિંદગી વિતાવી રહ્યા છીએ તે સંભવ છે કે ન બની શકે અને આપણે કંઈ વધારે કમાવવા માટે અયોગ્ય રસ્તો અપનાવવો પડે."

"શું તેં મહાન ભારતીય સંત રામકૃષ્ણ પરમહંસનું નામ સાંભળ્યું નથી ? ભારત યાત્રા દરમિયાન હું તેમને મળીને આવ્યો છું અને તને એ જાણીને આશ્ચર્ય થશે કે તેઓ એટલા મોટા સંત છે અને પરણેલા છે, છતાં પણ તેમણે લગ્ન ફક્ત એક અને એક મળીને અગિયાર થવા માટે કર્યા છે, જેથી સમાજસેવામાં પત્ની તેમને મદદ કરી શકે. "કામિની અને કંચન" થી તો તેમને સખત ઘૃણા છે. પોતાની પત્નીને પણ તેઓ માતાની દૃષ્ટિથી જુએ છે અને સાચું કહું તો તો તમને જોઈને મારા મનમાં એ સ્ફુરણા થઈ છે કે આપણે બંને પણ આપણા દેશ અને દેશવાસીઓના માટે તેવું ઉદાહરણ પૂરું પાડી શકીએ. મેં તે મહાન યોગીના જીવન વિશે એક નિબંધ લખ્યો છે અને ફુરસદ મળે તો તું તેને વાંચી લેજે."

તેમની પત્ની એક સરળ, સુશીલ અને ભણીગણી સ્ત્રી હતી. પતિની વાત સાચી સમજાતા તેણે સહજ જિજ્ઞાસા કરી, "આખરે. મારે શું કરવું પડશે ?"



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

"કંઈ જ નહીં, પુત્રની ઇચ્છા ત્યાગીને, બસ સાહિત્ય સેવામાં મને સાથ આપવો પડશે. હાલમાં ભારતના મહાન ગ્રંથો 'વેદો'ની અસલ પ્રતો મેળવવા ભારત જઈ રહ્યો છું. ત્યાંથી હું અનુવાદ મોકલતો રહીશ. તું અહીંયાં તેને છપાવવાની વ્યવસ્થા કરજે, જેથી આપણા દેશવાસીઓ પણ તે સાંસ્કૃતિક ગૌરવનો લાભ ઊઠાવી શકે અને પોતાની ચિંતન ચેતનામાં આધ્યાત્મિકતાનો સમાવેશ કરી શકે."

પત્નીએ હિંમત દાખવી અને મેક્સમૂલર પોતાની ઈંગ્લેન્ડ અને ભારત યાત્રાને માટે નીકળી ગયા. તે બંનેના સંયુક્ત પ્રયાસથી જ વેદોનું પ્રથમ પ્રકાશન જર્મનમાં સંભવ બની શક્યું. આ ઉપરાંત કેટલાક અન્ય ગ્રંથોનો પણ તે દંપતિએ મળીને જર્મન અને અંગ્રેજીમાં અનુવાદ કર્યો. તેમના બે ખંડોના બૃહદ જીવનવૃત્તાંતને પ્રકાશિત કરવાનું શ્રેય પણ જ્યોર્જિનાને ફાળે જાય છે. આ ગ્રંથો આજે પણ તે આદર્શવાદી મહાન વ્યક્તિત્વના જીવન સ્મારક બનીને લોકોના મનમાં પ્રેરણા પેદા કરી રહ્યા છે.

દક્ષિણ ભારતની યાત્રા કરતી વખતે એક વાર ગાંધીજી, મહાદેવભાઈ અને કાકા કાલેલકરજીને એક સાથે કામ કરવાનો અવસર મળ્યો. એક વખત તો સભાઓ અને વિચાર-ગોષ્ઠિઓ એવી ચાલી કે એમને આખા દિવસમાં વિશ્રામ કરવાનો સમય જ ન મળ્યો. મોડી રાત્રે પાછા ફર્યા ત્યારે થાકના કારણે એમનાં શરીર શિથિલ થઈ ગયા, ત્યાંથી આવતાં જ તેઓ ખાટલા પર પડતાંની સાથે સૂઈ ગયા.

ચાર વાગે આંખ ખૂલી ગાંધીજી રાત્રે સૂતી વખતે અને પ્રાતઃકાળે જાગતી વખતે પ્રાર્થના કરતા. એમના બધા સાથીઓ અને અનુયાયીઓ પણ આ નિયમનું પાલન કરતા. પ્રાતઃકાલીન પ્રાર્થના માટે એકત્રિત થતાં કાકાસાહેબ કાલેલકરને ગાંધીજીએ અત્યંત દુઃખભર્યા સ્વરમાં પૂછ્યું, "સાંજની પ્રાર્થનાનું શું થયું ?" કાકાજીએ મલકાઈને કહ્યું. "બાપુ, હું તો થાકના કારણે પડતાંની સાથે ઊંઘી ગયો અને પ્રાર્થના કરવાનું બિલકુલ ભૂલી ગયો."

મહાદેવભાઈએ ડરતાં ડરતાં કહ્યું, "બાપુ, થાકના કારણે હું પણ સૂઈ ગયો. વચ્ચે મારી ઊંઘ ઉડી ત્યારે મેં ખાટલા પર બેસીને મનોમન પ્રાર્થના કરી લીધી અને ભગવાનની ક્ષમા માગીને ફરી સૂઈ ગયો."

ગાંધીજીનું દુઃખ અત્યંત ગહન હતું. એમણે કહ્યું "મારું મન તો આજે બહુ જ અસ્વસ્થ છે. હું ગઈ કાલે જ પ્રાર્થના કેમ કરી શકયો નહિ ? શું ઊંઘ એટલી બધી જરૂરી હતી કે પ્રાર્થના યાદ ન આવી ? ત્યાર પછી સવારની પ્રાર્થના યોજાઈ ગઈ. બધા પ્રસન્ન હતા પણ બાપુનો ચહેરો ઉદાસ હતો. કાકાસાહેબે એમને સમજાવતાં કહ્યું, " બાપુ, તમે જ કહેતા હતા કે ભગવાનના નામ કરતાં એનું કામ મોટું છે. તમે એમનું કામ કરતાં સૂઈ ગયા એમાં ખોટું શું છે ?" "ભગવાનનું નામ લેવાનું કદી ન ભૂલવાનું. માતાને આપેલ વચન હું કેમ ભૂલી ગયો ? એ જ વાતનું મને દુઃખ છે. બીજું દુઃખ આળસ અને પ્રમાદનું છે જેનાથી દૂર રહેવાની સલાહ મારી માતા મને હંમેશાં આપતી કે જેમાં ડૂબીને હું ભગવાનનું નામ અને કામ બંને ભૂલી ન જાઉં.

એ દિવસે ઉપસ્થિત બધાએ એક બોધપાઠ ગ્રહણ કર્યો. સંસ્કારોની જીવન-સાધનામાં મહત્ત્વપૂર્ણ અને ક્ષુલ્લક કોઈ પણ કાર્યની ઉપેક્ષા ન કરવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સભ્ય સમાજ આ રીતે બની શકશે

પરસ્પર દુર્ભાવની ધારણાઓને કારણે જ પારસ્પરિક સંઘર્ષ અને વેરઝેરની પરિસ્થિતિઓ પેદા થાય છે. તેના પરિણામે અનિચ્છનીય, અનૈતિક અને અશોભાસ્પદ ઘટનાઓ આજકાલ થતી જોવા મળે છે. આજે સર્વત્ર અધિકારોની માંગ પ્રબળ બની રહી છે, અન્યથી વિશેષ સુવિધાઓ મળતી રહે એ અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ કોઈને કર્તવ્યનું ધ્યાન નથી. કર્તવ્યોની ઉપેક્ષા કરતાં રહીને અધિકારોની માંગ કરવાથી કલહનો જન્મ થાય છે. કર્તવ્યોનું સંપૂર્ણ પાલન કરવાથી અને અધિકારોને જતાં કરવાથી શાંતિનો માર્ગ મોકળો બને છે.

નાગરિક જીવનની સુવ્યવસ્થા એ વાત પર ટકેલી છે કે દરેક વ્યકિત અન્ય પ્રત્યેની પોતાની જવાબદારીનું સંપૂર્ણ પાલન કરે અને પોતાની નૈતિક જવાબદારીઓને તત્પરતાપૂર્વક નિભાવવા માટે કટિબદ્ધ રહે. સામાજિક સુખ, શાંતિ અને પ્રગતિનો આ જ આધાર છે. જે દેશના નાગરિકો પોતાના કર્તવ્યોનું યોગ્ય રીતે પાલન કરે છે તે રાષ્ટ્ર બળવાન ગણાય છે. જે સમાજમાં ચારિત્ર્યવાન લોકોનું પ્રમાણ વિશેષ હોય છે તે જ સમાજ સભ્ય કહેવાય છે. કોઈ વ્યકિત કે સમૂહ પોતાના કર્તવ્યો અને જવાબદારીઓ પ્રત્યે કેટલી આસ્થા રાખે છે તેને આધારે તેની શ્રેષ્ઠતા માપી શકાય છે. જૂઠા અને લબાડ, ચાલાક અને બેઈમાન, ધૂર્ત અને ઢોંગી, આળસુ અને કાયર લોકો ભલે ગમે તેટલા સાધનોથી પરિપૂર્ણ કેમ ન હોય, તેમનું તથા તેમના સમૂહનું સ્તર હંમેશાં હલકું જ રહેશે. કાયમી શાંતિ, સંતોષ અને પ્રતિષ્ઠા મેળવવી તેમના માટે કદાપિ સંભવ બનશે નહીં.

એકબીજા સાથે સદ્‌વ્યવહાર કરવાથી પરસ્પર સ્નેહ, સંતોષ, સદ્‌ભાવ અને લેણદેણ જન્મે છે. પ્રેમનો સ્રોત સજ્જનતા અને સદ્‌વ્યવહાર છે. મનમાં દુષ્ટતા અને દુર્બુદ્ધિની ભાવનાઓ રહે તો કોઈના પ્રત્યે સાચો સદ્‌વ્યવહાર કરી શકાતો નથી.

નીતિ અને ચાલાકીથી જે નકલી અને જૂઠો શિષ્ટાચાર કરવામાં આવે છે તે કોઈને લાંબો સમય ભ્રમમાં રાખી શકે નહીં. તેની અસલિયત સહજ જ ખુલ્લી પડી જાય છે. પરંતુ જ્યાં સ્વાભાવિક, સરળ અને સાચી સદ્‌ભાવનાઓ હોય છે, ત્યાં પ્રેમ અને વિશ્વાસ આપોઆપ પેદા થાય છે. જ્યારે કેટલીક વ્યકિતઓની વચ્ચે પ્રેમ અને વિશ્વાસનો સંબંધ પેદા થાય છે તો તેઓ પરસ્પર મિત્રો કહેવાય છે અને સાચા મિત્રોની જેમ એકબીજા સાથે વર્તન કરવાથી જેટલું વિશેષ સુખ મળે છે, તેની તુલનામાં દુનિયાનું કોઈ સુખ ગણનાપાત્ર હોતું નથી. કુટુંબ, મૈત્રી કે લગ્ન સંબંધ પોતપોતાની રીતે કોઈ ગુણદોષ ધરાવતાં નથી, નજદીકતા અને સદ્‌ભાવનાથી જન્મેલ પ્રેમ જ આત્મીયતાનું કારણ બને છે. અનેક કુટુંબો એવાં હોય છે કે જ્યાં પિતાપુત્ર અને ભાઈભાઈ વચ્ચે પાકી દુશ્મની જોવા મળે છે. પતિપત્ની વચ્ચે કેટલીય વખત એટલું બધું વેરઝેર દેખાય છે કે તેઓ એકબીજાની સાથે રહેવામાં દુઃખી થતાં હોય છે અને કોઈ વખત તો એકબીજાના મોતના ભાગીદાર બને છે. કેટલીક જગ્યાએ રિશ્તેદારીમાં બનાવટી વ્યવહાર થતો જોવા મળે છે. મિત્રોમાં મોટાભાગના મતલબી હોય છે. કામ પતી જતાં મોં ફેરવી લે છે. આ કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આંતરિક સદ્‌ભાવનાના અભાવમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જે પારસ્પરિક મૈત્રી, કુટુંબ, લગ્ન, રિશ્તેદારી વગેરેના સંબંધો જન્મે છે તે અવાસ્તવિક સાબિત થાય છે. આનાથી ઊલટું આવા બંધનોમાં ન બંધાયેલા લોકો પણ કેવળ માનવતા અને સજ્જનતાના નામ પર એકબીજા માટે ઘણું બધું કરી છૂટે છે અને એટલો ગાઢ સદ્વ્યવહાર આચરે છેકે તેની તુલનામાં રિશ્તેદારી વગેરેના સંબંધો બિલકુલ તુચ્છ જણાય છે. પારસ્પરિક સાચા પ્રેમથી પેદા થનારું સુખ નિઃસંદેહ આ દુનિયાનું સૌથી મોટું વરદાન છે. આ વરદાન મેળવનાર ખરેખર નસીબદાર ગણાશે. આવું સૌભાગ્ય મેળવી શકવું એ કોઈ પણ મનુષ્યની પોતાના હાથની વાત છે. જો વ્યકિત અન્યની સાથે આત્મીયતા અને મમતાપૂર્ણ સદ્વ્યવહાર કરવાની પ્રવૃત્તિઓ કરતો રહે તો પરિણામે વ્યકિત-વ્યકિત વચ્ચે સ્નેહ, સંતોષ અને મીઠાસનો અનુભવ થશે. તેના સિવાયનો શિષ્ટાચાર બનાવટી જણાશે અને તેનો પ્રભાવ પણ સીમિત જણાશે.

જે પ્રેમ અને સદ્ભાવ દાંપત્ય જીવનમાં, સંતાનોની સાથે રિશ્તેદારી કે મૈત્રીમાં દાખવવામાં આવે છે તેને થોડો વિકસિત કરીને પોતાના સંપર્કમાં આવનારા સર્વની સાથે દાખવીએ તો "વસુધૈવ કુટુંબકમ્"નો આદર્શ પૂરો કરી શકીશું અને સાચા અર્થમાં ઉદાર ચારિત્ર્યવાન બનવા માટેના અધિકારી થઈ શકીશું. જે સુખ, સાહસ અને વિશ્વાસ એક મિત્રથી બીજા મિત્રને અથવા એક સંબંધીથી બીજા સંબંધીને મળે છે તેવો જ સંબંધ સમાજમાં વ્યાપક બને તો એક મનુષ્યના સંપર્કથી બીજો મનુષ્ય અસાધારણ પ્રસન્નતા અને સંતોષ અનુભવી શકશે. જ્યારે લોકોના માનસમાં એકતા અને આત્મીયતાનો સ્નેહ સંબંધ વ્યાપક રૂપ ધારણ કરશે ત્યારે આ ધરતી પર સ્વર્ગનું વાતાવરણ પ્રત્યક્ષ જોવા મળશે. એનાથી સમગ્ર દુનિયા સુખશાંતિથી છવાઈ રહેશે.

કાયદો, વહીવટ, સમાજ વ્યવસ્થાનો ઉદ્દેશ એ છે કે મનુષ્યો પરસ્પર અથડામણથી બચતાં રહે અને સ્નેહ સદ્ભાવની પરિસ્થિતિઓ વિકસાવે. સંસ્થાઓ અને સંગઠનોનું નિર્માણ આ જ દૃષ્ટિથી થાય છે. સભા સંમેલનો, પ્રીતિભોજન વગેરેનું આયોજન એકત્રિત થતા લોકો વચ્ચે સહયોગ અને નજદીકતાના બીજ રોપવાના આશયથી થતું હોય છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, ક્લબ, સમૂહભોજન, પાર્ટીઓ, પ્રતિભોજન વગેરે જેવા અનેક કાર્યક્રમો પરસ્પર પ્રેમભાવ પેદા કરવાના આશયથી કરવામાં આવે છે. નાગરિકતા અને શિષ્ટાચારનું શાસ્ત્ર આ જ ભાવનાથી વિકસિત થયું છે કે મનુષ્ય એકબીજા માટે નુકસાનકારક સાબિત ન થાય, બલ્કે પરસ્પર સ્નેહ, સહયોગ ઉદારતા અને સજ્જનતાનો વ્યવહાર કરતો રહીને ઉપયોગી અને સહાયક બનીને રહે.

લોકો પોતાના નાગરિક કર્તવ્યો પ્રત્યે બેદરકાર રહે છે તેવી સાધારણ ફરિયાદો થતી જોવા મળે છે. વ્યકિતની સમાજ પ્રત્યે શી જવાબદારી છે અને તેને કેવી રીતે નિભાવવી જોઈએ એ પણ વિચારતાં નથી. રસ્તા પર ડાબી બાજુ ન ચાલવું, મહોલ્લામાં ઘરનો કચરો ફેંકવો, રેલગાડીમાં વધારાની જગ્યા રોકીને બેસવું, વચન મુજબ નિયત સમય પર હાજર ન રહેવું, વસ્તુઓ પરત કરવાનો વાયદો ન નિભાવવો, અશિષ્ટ આચરણ કરવું વગેરે વાતો નાગરિકતાની સભ્યતા તોડવાના પ્રતીકો ગણાય છે. ઊઠવામાં, બેસવામાં, બોલવામાં, ખાવામાં, નહાવામાં, કપડાં પહેરવામાં, કોગળા કરવામાં લોકો અસભ્યતા દાખવતા હોય છે. અશિષ્ટ આચરણ કરવામાં ગર્વ અનુભવે છે. આ બુરાઈઓને દૂર કરવા માટે નાગરિકશાસ્ત્ર અન શિષ્ટાચારનો પ્રચાર કરવો જરૂરી ગણાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ દુનિયામાં સદ્ભાવ અને સજ્જનતા વધે, ગુનાઓ અને પાપોની સત્તા ઘટે એનો એક જ આધાર છે સજ્જનતાની અભિવ્યકિત. સાચી નાગરિકતા અને વાસ્તવિક નૈતિકતા એને જ કહે છે. વિશ્વશાંતિની સમસ્યાનો ઉકેલ આ જ આધાર પર સંભવ છે. માનવ-માનવ વચ્ચે પારસ્પરિક સદ્ભાવની વૃદ્ધિ માટે અને તેનાથી મળતા આનંદને વધારવા માટે આત્મીયતાને વ્યાપક બનાવવી આવશ્યક છે. માનવીય સદ્ગુણો જ બાહ્ય જીવનમાં સુખશાંતિની પરિસ્થિતિઓ પેદા કરી શકે છે.

મગધ-સમ્રાટ અજાતશત્રુની ગીધ દૃષ્ટિ લિચ્છવી ગણતંત્ર પર મંડાયેલી હતી. વજ્જિઓની વૈશાલી અજાતશત્રુના વિજય-રથ માટે દુધર્ષ પર્વત બની ગૌરવથી મસ્તક ઊંચુ કરીને ઊભી હતી. ભગવાન બુદ્ધ અંતિમ વાર રાજગૃહના બહિવર્તી દુધકૂટમાં પધાર્યા ત્યારે અજાતશત્રુએ મગધ-મહામાત્ય વસસ્કારને એમની સેવામાં મોકલીને નિવેદન કર્યું. ભગવાન અમે વૈશાલીને હરાવવા માગીએ છીએ. કોઈ ઉપાય બતાવો. ભગવાને આ સાંભળ્યું ત્યારે પાસે બેઠેલા આનંદને પૂછ્યું. " ભન્ત, શું વજ્જિઓના સન્નિપાત (સંસદ અધિવેશન) વારંવાર થાય છે ?" હા ભગવન્" આનંદ શુ વજ્જિઓ સંઘબધ્ધ થઈ ઉદ્યમ કરે છે. રાષ્ટ્રીય કર્તવ્યોનું પાલન કરે છે ? સભા દ્વારા નિયમપૂર્વક સ્વીકૃત થયા વગર આદેશ તો પ્રસારિત નથી કરતાને, સ્વીકૃત વિધિ સંહિતાનું ઉલ્લંઘન તો નથી કરતા. વજ્જીધામ (રાષ્ટ્રીય વિધાન તેમજ સંસ્થાઓ) અનુસાર સમવેત થઈને ચાલે છે ? વજ્જિઓમાં વૃદ્ધજનો આદર પામે છે, એમના માન્ય વચનોને માને છે. અર્હંતોની સેવા-રક્ષા કરે છે ?"

"હા ભગવન્ લિચ્છવીઓ આ બધા જ ધર્મોનું તત્પરતાપૂર્વક પાલન કરે છે." આનંદે ઉત્તર આપ્યો.

ભગવાનની મુખમુદ્રા ગંભીર થઈ ગઈ. એમણે અમાત્ય વસસ્કાર તરફ જોઈ રહેલા શિષ્યને કહ્યું. તો આનંદ આ બધા ધર્મ-ગણતંત્રના પ્રાણ તત્ત્વો છે. જ્યાં સુધી લિચ્છવીઓ એમનું પાલન કરે છે તેઓ અજેય છે. આ જ સ્વરૂપ એક આદર્શ સંસ્થા, સમાજ તેમ જ સંસ્કૃતિનું હોવું જોઈએ. તું પણ એ આદર્શ સંસ્કૃતિનું અંગ બનીને રહે. પરાજિત કરવાની વાત છોડી દે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

### (૮ ફેબ્રુઆરી ૧૯૮૯ના રોજ વસંત પર્વ પર આપેલો વીડિયો સંદેશ)

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ !

દુનિયાના ઇતિહાસમાં બે મુખ્ય મોટી ક્રાંતિઓ થઈ છે. એક ક્રાંતિ આજથી હજારો વર્ષ પહેલાં રામ અને રાવણના સમયે થઈ હતી. તે સમયે ચારે તરફ રાવણનો આતંક ફેલાયેલો હતો. સર્વત્ર કાળો કેર ફેલાયો હતો. આ આતંકથી પ્રજાને બચાવવા અને તેને સાંત્વન આપવા માટે એક એવો સમય આવ્યો કે જેણે સમગ્ર વાતાવરણ બદલી દીધું. રામે સોનાની લંકા, એક લાખ પ્રજાજનો, સવા લાખ જ્ઞાતિજનોવાળા રાવણના રાક્ષસ સામ્રાજ્યને ખલાસ કરી દીધું. તે સમયે રામરાજ્યની સ્થાપના થઈ. તે સમયની આ સૌથી મોટી ક્રાંતિ હતી.

બીજી એક મોટી ક્રાંતિ થઈ તેને મહાભારતનો કાળ કહેવાય છે. તે સમયે પણ જરાસંઘ, કંસ, ચાણૂર અને દુર્યોધન જેવા આતંકવાદીઓનો ત્રાસ સમગ્ર દુનિયામાં ફેલાયો હતો. તે સમયના આતંકને ખલાસ કરવાની હિંમત કોઈ સાધારણ મનુષ્યમાં ન હતી. તે વેળા એક શક્તિ અને ક્રાંતિ આવી અને તે સમયના ભયંકર જરાસંઘ, કંસ અને દુર્યોધન જેવાનું ક્યાંય ઠેકાણું રહ્યું નહીં. એ પછી જ કૃષ્ણ ભગવાનની ભારતને મહાન ભારત બનાવવાની કલ્પના સાર્થક બની શકી હતી. એના પછી ચાણક્યના સંપર્કથી ચંદ્રગુપ્તે પણ પ્રયત્ન કર્યો હતો. અમે એ કહી શકીએ છીએ કે એમાં પણ ભગવાનનો સહયોગ હતો. નહીંતર મહાભારત નિર્માણનું કામ સાધારણ ન હતું. એક મહાન શાન્તિના સહયોગથી જ આ કાર્ય થઈ શક્યું. આ બંને ક્રાંતિઓની બાબતમાં તમોએ રામાયણમાં અને મહાભારતમાં વાંચ્યું હશે. એના પર આજકાલ ટી.વી. સીરિયલ પણ બનાવવામાં આવી છે.

આ સમયે એક ત્રીજી ક્રાંતિ આવે કે જ્યારે આપણે બધા હયાત છીએ. રામાયણ અને મહાભારતના સમયની ક્રાંતિ તમે જોઈ નથી. ફક્ત ટી.વી. પર જોઈ છે, રામાયણ અને મહાભારત કરતાં પણ ઘણી મોટી છે. તમે ઇચ્છો તો એને તમારી આંખોથી પણ જોઈ શકો છો.

વીસમી સદી આ જ પરિવર્તન લઈને આવી છે. બે હજાર વર્ષથી આપણા દેશમાં વિદેશી સત્તા હતી. ધર્મનું કોઈ સ્થાન એવું બચ્યું ન હતું કે જ્યાં મંદિરો અને વિદ્યા કેન્દ્રોને તોડવામાં ન આવ્યા હોય. મુસલમાનો અને અંગ્રેજોએ આવીને ભારત પર શાસન કર્યું. અંગ્રેજ શાસનથી આપણે કેવી રીતે સ્વતંત્ર થયા એ ત ઘણો મોટો પ્રશ્ન છે. જે અંગ્રેજોનું સામ્રાજ્ય સાત સમુદ્રો સુધી ફેલાયેલું હતું તે સામ્રાજ્ય કેવી રીતે ખલાસ થઈ ગયું અને ભારત દેશ કેવી રીતે સ્વતંત્ર થયો એ પ્રશ્ન વિચારવા યોગ્ય છે. એની પાછળ ભગવાનની શક્તિ કામ કરતી રહી છે. ભલે એ કામ ગાંધીએ કર્યું હોય કે બીજાએ કર્યું હોય. પરંતુ આ કામ વ્યક્તિનું નહીં શક્તિનું હતું. આટલી મોટી શક્તિશાળી સત્તાને ઊખાડીને ફેંકી દેવી એ વ્યક્તિનું સામર્થ્ય હોઈ શકે નહીં. આ સદીમાં આ એક ઘણી મોટી ક્રાંતિ આવી.

પરતંત્રતાના લાંબા સમયગાળામાં, વિશેષ કરીને આ સદીમાં ભારતીય સંસ્કૃતિ મોટેભાગે મૃતપ્રાય થઈ ગઈ હતી. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી એક બીજી ક્રાંતિ આવી જેને બૌદ્ધિક, નૈતિક અને સાંસ્કૃતિક ક્રાંતિનું નામ આપવામાં આવ્યું છે. આમાં ભારતીય ધર્મ-અધ્યાત્મનું નવું સ્વરૂપ દર્શાવાયું. લોકોને સંસ્કૃતિની જાણકારી મળી. વેદોનું જ્ઞાન ઘરેઘર પહોંચ્યું. તમોએ અગસ્ત્ય નામના ઋષિનું નામ સાંભળ્યું હશે. તેઓ સમુદ્રનો અત્યાચાર જોઈને તેનું સર્વ જળ પી જવા તૈયાર થઈ ગયા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતા. બરાબર આ જ રીતે આ યુગમાં પણ એક સાધન વિહોણો વ્યક્તિ બધા જ વેદોનો સાર ઘરેઘર પહોંચાડવામાં સમર્થ બની ગયો. તમોને આ વાત પર વિશ્વાસ થશે નહીં કે આ કાર્યમાં આપણી સંસ્થા પણ એક જ છે કે જેની શરૂઆત થયાને હજુ ફક્ત પચાસ વર્ષ થયા છે. આટલા સમયમાં શું બધાં કામ પૂરાં થઈ ગયા ? કદાપિ નહીં, હજુ તો માત્ર ભારતના લોકોને ભારતીય સંસ્કૃતિની જાણકારી મળી છે, વિદેશના લોકોને એનું જ્ઞાન પણ નથી. તેમના સુધી આ જ્ઞાન પહોંચાડવાનું કાર્ય બાકી છે. તેને પણ પૂરું કરવાનું છે. રામરાજ્યની સ્થાપના અર્થાત્ સતયુગની સ્થાપના કરવાનું કાર્ય બાકી છે. થોડીક મુશ્કેલીઓ તો દૂર થઈ છે, પરંતુ હજુ ઘણું જ કામ બાકી છે, જેને પૂરું કરવાનું છે.

તમે અહીં જે સમયમાં બેસીને ભાગ લઈ રહ્યા છો તે મહાપુરશ્ચરણ છે, તેને યુગસંધિનો અર્થાત્ યુગ પરિવર્તનનો સમય કહી શકીએ છીએ. આ યુગ પરિવર્તનના સમયે મહાકાળનો સંદેશ દરેક વસંત પર્વ પર આવતો રહે છે. આ રીતે અમારા જીવનમાં ૬૫ વસંત પર્વ ક્રમશઃ આવીને ચાલી ગયા અને દરેક વસંત પંચમી પર એક કામનો આદેશ આપીને ચાલી ગયો તથા તે પૂરો થતો ગયો. આમ ૬૫ વસંત પંચમી પર મહત્ત્વપૂર્ણ કાર્યો થતાં ગયાં. જો આપણે આ કાર્યોને જોઈએ તો તે દેશ, સમાજ અને સંસ્કૃતિની ક્રાંતિને લગતાં કાર્યો થયાં. આ ક્રાંતિકારક કાર્યો રાવણના સમયમાં ભગવાન રામે કરેલી ક્રાંતિ સમાન છે. હાલમાં જે કાર્ય થયું છે તેના કરતાં પણ વધુ કરવાનું બાકી છે. હજુ પણ યુગસંધિનું મોટું કામ ભગવાને અને આપણે બધાએ મળીને પૂરું કરવાનું છે. આ યુગસંધિના બાર વર્ષ આજની વસંત પંચમીથી શરૂ થાય છે અને તે સન્ ૨૦૦૦ સુધી ચાલશે. એમાં ઘણાં મોટાં કાર્યો થશે, ભારે પરિવર્તન થશે કે જે લોકોને પાછળથી સમજાશે. રામને તથા વાનરોને ૧૨-૧૪ વર્ષનો વનવાસ થયો હતો. તમોને પણ સન્ ૨૦૪૦ સુધી અર્થાત્ ૧૨ વર્ષનો વનવાસ થશે.

વનવાસ શું હોય છે ? વનવાસ તે હોય છે કે જેમાં વ્યક્તિને માત્ર પોતાનું લક્ષ્ય યાદ રહે છે અને બાકીની ચીજો ગૌણ બની જાય છે. રામરાજ્યની સ્થાપનાના સમયે પણ દરેક વ્યક્તિ જે તેમાં સહયોગી હતો તે પોતાની ઘરની સમસ્યાને ભૂલી ગયો હતો. રામ, સીતા અને લક્ષ્મણ બધાં કામને ભૂલી ગયાં હતાં અને તે એક મહત્ત્વપૂર્ણ કામમાં જોડાઈ ગયાં હતાં. પાંડવો પણ આ જ રીતે પોતાના કામકાજ ભૂલી ગયાં હતાં. આથી આપણે બધાએ પણ બાર વર્ષ માટે પોતાના અન્ય તમામ કામોને છોડીને ભગવાનના કામમાં જોડાઈ જવાનું છે. એના પછી શું થવાનું છે ? એના પછી તમે એકવીસમી સદીમાં જોશો કે મહાભારતકાળના મહાભારત કરતાં પણ વિશેષ વિશાળ અને વિખ્યાત ભારત બનીને રહેશે. જે રીતે રાવણના મરણ પછી રામરાજ્યની સ્થાપના થઈ હતી, તે જ પ્રકારની કલ્પના તમે એકવીસમી સદીમાં કરી શકો છો. હવે પછીનો ઈતિહાસ અદ્ભુત હશે. એ સમયમાં તમારે ક્યાં ક્યાં કાર્યો કરવાનાં છે અને શું સમાપ્ત થનાર છે, એ બાબતમાં એક પુસ્તક લખાનાર છે, જેને જોઈને બધી વાતો સમજી શકો છો.

મિત્રો, અહીં અમે એકવીસમી સદીની વાત ન કરતાં યુગ સંધિ વિશે ખાસ ચર્ચા કરીશું. પરંતુ આ ૧૨ વર્ષ ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. જે રીતે લક્ષ્મણજીએ ૧૪ વર્ષ બ્રહ્મચર્યનું પાલન કરતાં રહીને રામ અને સીતાને સહયોગ આપીને સંપૂર્ણ ક્રાંતિમાં સહયોગ આપ્યો હતો તેની જેમ તમારે પણ લક્ષ્મણની માફક સહયોગ આપવાનો છે. મોટા કામ માટે મોટી તૈયારી કરવી પડે છે. લગ્નના સમયે, મકાન બનાવવાના સમયે અને કોઈ શત્રુ દેશની સામે લડાઈ વેળાએ મોટી તૈયારી કરવી પડે છે. તેની જેમ આ સમયે તમારે મોટું કામ કરવાનું છે અને તેના માટે તમારે મોટી તૈયારી કરવી જોઈએ. શી તૈયારી કરવી જોઈએ ? તમને માલુમ હોવું જોઈએ કે મોટી શક્તિઓ, દૈવી શક્તિઓ આ કાર્ય અર્થે પોતાના ઢંગથી કામ કરશે, પરંતુ તમારે પણ ખીસકોલી, રીંછ-વાનર અને ગોવાળિયાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માફક પોતાની જવાબદારી અદા કરવી પડશે. તમે નાના હોય તો શું થયું ? તમારે તમારી જવાબદારી રજૂ કરવાની છે.

શું કરવાનું છે ? આ વેળાએ બાર વર્ષ માટે ભગવાનની પ્રેરણા થઈ છે કે આ બાર વર્ષોમાં આપણે બધાએ વધુમાં વધુ સમય લોકમંગળના માટે આપવો જોઈએ. આપણો વધુ પડતો શ્રમ, સમય, અક્કલ ભગવાનના કાર્યમાં ખર્ચવો જોઈએ જેથી આપણે વધુમાં વધુ ભગવાનનું કાર્ય કરી શકીએ. જો આપણે આ સમય ન પણ ખર્ચીએ તો પણ આ કાર્ય મહાકાલ પોતે જ કરી લેશે અને તેમાં રત્તીભર પણ સંદેહ નથી. પરંતુ તમારે તો તેમાં નિમિત્ત માત્ર બનવાનું છે તે સમજી લેશો. રામ અને લક્ષ્મણમાં એટલી શક્તિ હતી કે તેઓ બધું જ કામ એકલા કરી શકતા હતા. પરંતુ તેમાં તેમણે નાના નાના લોકોનો સહયોગ લીધો હતો અને તેઓ ધન્ય બની ગયા હતા.

મહાભારતમાં એક કથા આવે છે કે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને વારંવાર કહી રહ્યા હતા કે જો દુર્યોધનને તથા વિરોધીઓને અમે તો પહેલેથી જ મારી નાખ્યા છે. અમે તો તને શ્રેય આપવા ઇચ્છીએ છીએ. ઊભો થા અને યુદ્ધ કર. તે વાત પર પણ અર્જુન ઊઠ્યો નહીં તો ભગવાન શ્રીકૃષ્ણએ તેને નપુંસક પણ કહી દીધું અને બોલ્યા, જો તારે શ્રેય ન લેવું હોય તો બીજા લોકો લઈ જશે, પરંતુ તું મને બતાવ કે યુદ્ધનું શ્રેય લેવામાં તને શી મુશ્કેલી છે ?

મિત્રો, આવા અવસરો કોઈક વખત જ આવે છે કે જ્યારે લોકોને શ્રેય મળે છે. અગાઉના દિવસોમાં આઝાદીની લડાઈ પછી જે કોઈ પણ કૉંગ્રેસની ટિકિટ પર ચૂંટણીમાં ઊભા થઈ ગયા, તેઓ ભલે ગરીબ કે પછાત વ્યક્તિ રહ્યા હોય તેઓ જીતી ગયા અને લોકસભા અને વિધાનસભાના મેમ્બર કે મિનિસ્ટર બની ગયા. તે સમયે કૉંગ્રેસની ધાક હતી. ભગવાનની પ્રેરણા તથા લોકોની શ્રદ્ધા તેમની સાથે હતી. તે સમયે આઝાદીની લડાઈમાં જે કોઈ લોકો સામેલ થયા તેઓ લાભમાં રહ્યા છે. એક વાત અમે તમોને એ બતાવવા ઈચ્છીએ છીએ કે જે ક્રાંતિ થનારી છે અને વીસમી સદી પૂરી થઈને એકવીસમી સદી આવનારી છે તેમાં પણ કંઈક આવું જ બનનારું છે. આ ક્રાંતિમા જો તમે જોડાઈ જશો તો વિશ્વાસ રાખજો કે તમે નફામાં રહેશો. તમે શ્રેય અને સન્માનના ભાગીદાર બનશો. ભગવાનના કાર્યમાં જે કોઈ વ્યક્તિ હાથ લંબાવે છે તે નફામાં રહે છે. અમે પણ નફામાં રહ્યા છીએ તે તમે પણ જોઈ રહ્યા છો. અમે અમારું શરીર ભગવાનના કામમાં જોડ્યું તો અમે કમજોર થયા નહીં. અમારું એંસી વર્ષનું શરીર હજુ પણ બાર કલાક કામ કરે છે. અમારું શરીર ભગવાનના કામમાં ન જોડ્યું હોત તો જીવિત રહ્યા હોત કે કેમ તે કહી શકતા નથી. જ્યારે અમે પાછા વળીને જોઈએ છીએ તો અમારી ઉંમરના લોકો આજે મરી ગયા છે તેમ જણાય છે. કોઈને કેન્સર થઈ ગયો તો કોઈને મધુપ્રમેહ વગેરેની બીમારી લાગુ પડી ગઈ, પરંતુ અમે સંપૂર્ણ સ્વસ્થ છીએ.

સાથીઓ, અમે અમારું શરીર ભગવાનના કામમાં જોડ્યું અને ભગવાને અમારી અંદર તેમનું શરીર જોડી દીધું અને શું થયું ? અમે જે વાવ્યું તે હજાર ગણું થઈ ગયું. અમે વાવ્યું અને લણ્યું છે. અમે અમારું સંપૂર્ણ જીવન ભગવાન માટે ખર્ચી દીધું છે. અમારી જન્મભૂમિ પર આજે ઇન્ટર કોલેજ બની છે. એક ગાયત્રી કુંડ બન્યો છે જેમાં બારે માસ પાણી ભરેલું રહે છે. આંવલખેડા છોડ્યા પછી ભગવાનની કૃપાથી ન જાણે શું શું થતું ગયું છે. અમે ચોવીસો ગાયત્રી શક્તિપીઠો બનાવી છે. એમાં કેટલું ખર્ચ થયું છે એનું તમે અનુમાન કરી લેશો. આ ક્યાંથી આવી ગયું ? અમે જે વાવ્યું છે તેને લણ્યું છે. ધનની સાથે અમે અમારી અક્કલ, બુદ્ધિ, ચિંતન, વાણી, કલમ સર્વ કંઈ કેવળ ભગવાનના માટે જોડી દીધું, તો તમે જોયું ને કે અમારી બુદ્ધિ અને કલમનો કેટલો વિકાસ થયો. આ બધું ભગવાનને સમર્પિત કરવાથી બન્યું છે. અમે તો એક સાધારણ કુટુંબમાં જન્મ લીધો, પરંતુ ભગવાને અમને ન જાણે ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા, આજે દુનિયાભરમાં લોકો અમને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક મહાપુરુષના રૂપમાં ઓળખે છે અને એક મહાન વ્યક્તિ સમજે છે. અમારા વિચારો અત્યારે સાત ભાષાઓમાં પ્રકાશિત થઈ રહ્યા છે. અમારી પત્રિકાના પાંચ લાખ ગ્રાહકો તથા પચીસ લાખ વાચકો છે. જો અમે કોઈ સ્કૂલ- કૉલેજમાં ભણ્યા હોત તો કોઈ રીતે અમારી બુદ્ધિનો વિકાસ એટલો થાત નહીં, જે આજે થઈ રહ્યો છે. ભગવાનને માટે સમર્પિત થયાનો તથા સમયની માંગ અનુસાર કાર્ય કરવાનો આ લાભ છે.

કયા લોકો સમયને ઓળખીને તેની માંગને અનુરૂપ પોતાને સમર્પિત થયા છે ? તમે હનુમાનજીની મૂર્તિઓ જોઈ છે ? તે હનુમાનજી સમયની માંગને સમજ્યા તથા રામના કાર્ય માટે સમર્પિત થઈ ગયા. જાંબુવંતે કહ્યું, **"રામકાજ લગિ તવ અવતારા, સુનતહિં ભયે પર્વતાકારા"** આનું પરિણામ એ આવ્યું કે હનુમાનજી જે એક વાનર હતા અને તેમણે જ્યારે સંકલ્પ કરી લીધો કે, **"રામકાજ કીન્હેં બિનુ, મોહિ કહાં વિશ્રામ"** ત્યારે તેઓ ભગવાન બની ગયા. આજે સર્વ જગ્યાએ તેમની પૂજા થાય છે. તેમણે સીતાનો પત્તો મેળવ્યો, લંકાદહન કર્યું, સમુદ્રને પાર કર્યો, પર્વતને ઊખાડી લાવ્યા અને સંજીવની બૂટી લાવીને લક્ષ્મણજીના પ્રાણ બચાવ્યા. આ બધા મુશ્કેલ અને અસંભવ કાર્યો તેઓ કેવી રીતે કરી શક્યા ? આ બધા કાર્યો કેવળ ભગવાનને સમર્પણ થવાથી કરી શક્યા, નહીંતર કોઈ પણ હાલતમાં એક કરવા છતાં પણ ન કરી શકત. અમે અમારી સંપૂર્ણ જિંદગીમાં એક જ ચીજ શોધી છે કે જે વ્યક્તિ સમયની માંગને સમજે છે તથા ભગવાનના કાર્યમાં પોતાની અક્કલ, શ્રમ, સમય, ધનસંપત્તિ ખર્ચી દે છે તે મહાન બની જાય છે. તેની શક્તિ વધી જાય છે અને ધન્ય બની જાય છે. ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું, "તું ઊભો થઈ જા." તો તે ઊભો થઈ ગયો અને ન્યાલ થઈ ગયો. ભગવાન રામે હનુમાનને કહ્યું હતું કે તું ઊભો થઈ જા, તો તેઓ ન્યાલ થઈ ગયા. અમારા ગુરુએ અમને કહ્યું કે તું ઊભો થઈ જા, તો તેમણે અમોને ન્યાલ કરી દીધા.

મિત્રો, આજે સા ૧૯૮૯ની વસંત પંચમીના દિવસે તમારા માટે પણ એવો જ સંદેશ આવ્યો છે કે તમે પણ ઊભા થઈ જાઓ. તમે એમ ન વિચારો કે અમારું પોષણ કેમ થશે ? અમારા વારસદારોનું શું થશે ? અમે તમોને પૂર્ણ વિશ્વાસ આપીએ છીએ કે તમારું પોષણ પણ થશે તથા તમારા વારસદારો પણ ઠીક રહેશે. અમારું પોષણ પણ થઈ રહ્યું છે તથા અમારા લાખો વારસદારો પણ ખૂબ જ આનંદમાં ફૂલીફાલી રહ્યા છે. આ વસંત પંચમીના દિવસે જો તમે તમારી સંકુચિતતાને છોડી દઈને ભગવાનના કાર્ય માટે આગળ આવશો તો તમે, અમે અને ભગવાન ત્રણે ધન્ય થઈ શકીએ છીએ.

અમે તમોને ભગવાનના નાનાં નાનાં કામ સોંપ્યા છે. તમે નાનાં નાનાં સંગઠનો બનાવો. તમે પાંચ વ્યક્તિઓનું પ્રજ્ઞામંડળ બનાવો. સત્સંગ અને હવન શરૂ કરી દો કે જેથી તમારા માધ્યમથી અમારી યુગ પરિવર્તનની વિચારધારા જે હવે પછીના સમયમાં આગળ વધનાર છે તે ઘરેઘર પહોંચી જાય. તમે તમારી ભૂમિકા અદા કરો. તમે તમારો સમય, સાધન અને શ્રમનો એક અંશ યુગ પરિવર્તન માટે ખર્ચવાનો પ્રયત્ન કરો. અમે ઇચ્છીએ છીએ કે તમે પ્રજ્ઞામંડળના માધ્યમથી યુગ પરિવર્તનનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન કરો. અમે ઇચ્છીએ છીએ કે કોઈ જમાનામાં દુર્ગાજી શક્તિ સંગઠનના રૂપમાં પ્રગટ થઈ હતી. તમે પણ તે જ પ્રકારની શક્તિ તમારા પ્રજ્ઞામંડળ દ્વારા યુગ પરિવર્તન માટે એકત્રિત કરો. તમે ભગવાનના કાર્યમાં સહયોગ આપવા માટે આગળ આવો. એના દ્વારા જ અર્થાત્ આ સંગઠન દ્વારા જ યુગની સમસ્યાનું સમાધાન થઈ શકે છે. આથી આ મહાન અવસર પર તમોને આવાહન કરવામાં આવી રહ્યું છે.

આજે અમે ૬૫ વસંત પૂરા કરી લીધા. અમારી અખંડ જ્યોતિની સાધના સતત ચાલી રહી છે. અમે પ્રત્યેક વસંત પર્વ પર એક મહત્ત્વપૂર્ણ કદમ ઊઠાવ્યું છે તથા તેને પૂરું કર્યું છે. આ વસંત પર પણ અમે ત્રણ કાર્યો માટે કદમ વધાર્યું છે. પહેલું પ્રજ્ઞામંડળનું સંગઠન અને બીજી સાપ્તાહિક દીપયજ્ઞ સત્સંગની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રૃંખલા શરૂ કરવી, ત્રીજું છે બુરાઈઓ અને દુષ્પ્રવૃત્તિઓનું નિવારણ કરવું. એના દ્વારા જ આપણે એકવીસમી સદી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ. યુગસંધિના સમયમાં બુરાઈઓનું નિવારણ અનિવાર્ય છે. જેથી જે કંઈ પણ તમારે ખેતરમાં વાવવું છે તે સુગમતાથી ફળતું-ખીલતું રહે અને એકવીસમી સદીમાં નવી ફસલ પેદા થાય એના માટે હવે માત્ર બાર વર્ષ જ બાકી છે. તમે તમારો વધુમાં વધુ સમય, શ્રમ, અક્કલ, ધન જીવતાં રહો ત્યાં સુધી ખર્ચતા રહો. અમે ઇચ્છીએ કે તમે આ ચીજોને ભગવાનના ખેતરમાં વાવો અને લાભ મેળવો. અમારી જિંદગીમાં અમોને જે લાભ અને ચમત્કાર થયા છે તેવા જ લાભ અને ચમત્કાર તમારી જિંદગીમાં થશે.

મિત્રો, અમારું તમોને નિવેદન છે કે તમે અમારા હાથથી હાથ, ખભાથી ખભો, કદમથી કદમ મિલાવીને ચાલો. જે માર્ગ પર અમે ચાલ્યા છીએ તથા લાભ મેળવ્યો છે તેને તમે પણ મેળવો. આના જેવો મોટો વેપાર દુનિયામાં બીજો કોઈ નથી. આ બાર વર્ષ સમર્પણ કરવા, ત્યાગ કરવા અને બીજ વાવવા માટે મહત્ત્વપૂર્ણ છે. જો તમે તે મુજબ કરી શકશો તો અમે તમોને વિશ્વાસ આપીએ છીએ કે ભાવી પેઢીઓ શ્રદ્ધાપૂર્વક નમન કરીને તમોને યાદ કરશે. આ વસંત પંચમીના પવિત્ર અવસર પર અમે અમારી વાત બતાવી દીધી છે. હવે તમે તેનું પાલન કરશો તો નિશ્ચિત તેનું શ્રેય મેળવશો. તમારે શું કરવું છે તે વિશે વિચારીને શીઘ્ર નિર્ણય કરી લો. આવો સમય વારંવાર આવશે નહીં. આશા છે કે તમે અમારી હૃદયની પીડાને સમજશો. અમારી વાત સમાપ્ત. ૐ શાંતિ.

---

સંયુક્ત રહેવાના અનેક સત્પરિણામો છે. પ્રખર પ્રતિભા એકલી રહે તો તેને કાટ લાગે છે. અંગીરા ઋષિનો શિષ્ય ઉદયન ઘણો પ્રતિભાવાન હતો. પરંતુ પોતાની પ્રતિભાનું સ્વતંત્ર પ્રદર્શન કરવાની હોંશ રાખતો હતો. સાથી મિત્રોથી અલગ પોતાની પ્રતિભા બતાવાવનો જ્યારે ને ત્યારે પ્રયત્ન કરતો હતો. ઋષિએ વિચાર્યું કે આ પ્રયત્ન તેને કોઈ દિવસ ડૂબાડી દેશે. સમય મળતાં તેને સમજાવવું પડશે.

ઠંડીના દિવસો હતા. વચમાં રાખેલી સગડીમાં કોલસા સળગી રહ્યા હતા. સત્સંગ ચાલતો હતો. ઋષિ બોલ્યા, "સગડી કેટલી સુંદર સળગી રહી છે. આનું શ્રેય એમાં સળગી રહેલા કોલસાનું છે ને ?" બધાએ એ વાતનો સ્વીકાર કર્યો.

ઋષિ ફરીથી બોલ્યા, "જુઓ, અમુક કોલસો સૌથી મોટો અને તેજસ્વી છે. એને બહાર કાઢીને મારી પાસે મૂકી દો. આવા તેજસ્વીનો લાભ વધુ નજીકથી લઈશ."

તે તેજસ્વી કોલસાને ચિપિયાથી પકડીને ઋષિની પાસે મૂકી દીધો. પરંતુ તે થોડીવારમાં બુઝાઈ ગયો અને તેના પર રાખનું પડ જામી ગયું. તે તેજસ્વી કોલસો માત્ર કાળો કોલસો જ રહી ગયો.

ઋષિ બોલ્યા, "બાળકો, તમે ગમે તેટલા તેજસ્વી હોય, પરંતુ આ કોલસા જેવી ભૂલ કરશો નહીં. તે કોલસો સગડીમાં બધાની સાથે રહેત, તો અંત સુધી તેજસ્વી રહેત અને બધા કરતાં અંત સુધી ગરમી આપત. પરંતુ હવે તેનું કોઈ શ્રેય ન રહ્યું અને ન તો તેની પ્રતિભાનો લાભ લઈ શક્યા."

ઋષિએ શિષ્યોને સમજાવ્યું કે કુટુંબ તે સગડી રૂપ છે, જેમાં પ્રતિભાઓ સંયુક્ત રૂપથી તપે છે. વ્યક્તિગત પ્રતિભાનો અહંકાર ન તો ટકે છે ન તો ફલિત થાય છે. સહકાર અને સંગઠન કુટુંબનું વાસ્તવિક બળ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**યુગ નિર્માણ વિદ્યાલય સત્ર ૧૯૯૭-૯૮ માં પ્રવેશ**

પ્રવેશ પત્ર મંગાવો અને પોતાનું સ્થાન સુનિશ્ચિત કરો

પરમ પૂજ્ય ગુરુદેવની ક્રિયાઓ વર્તમાનમાં થતી હતી, દૃષ્ટિ ભવિષ્યમાં, તેમની દૂર દૃષ્ટિએ પહેલેથી જ જાણી લીધું હતું કે શિક્ષાવૃદ્ધિની સાથે સાથે દેશમાં બેરોજગારીની પણ ગુણાત્મક વૃદ્ધિ થશે માટે ભવિષ્યમાં આજીવિકાનો આધાર એક માત્ર સ્વાવલંબન જ હશે. તે એક રીતે રાષ્ટ્રની પ્રગતિમાં સહાયક થશે. આપણા પૂર્વજોની નીતિ હંમેશા ''ઉદ્યોગિનઃ પુરુષ સિંહમુપૈતિ લક્ષ્મી'' એટલે કે ઉદ્યમી પુરુષ જ કમાણી કરે છે અને એવા લોકોની જ પ્રશંસા પુરુષ સિંહના સંબોધનથી કરવામાં આવી છે. જે યથાર્થ પણ છે અને દેશની આર્થિક સમુન્નતિનો આધાર પણ.

પરમ પૂજ્ય ગુરુદેવે સર્વપ્રથમ ૧૯૬૫ માં શિક્ષા સત્ર શરૂ કર્યું. પરમ પૂજ્ય ગુરુદેવના ખાસ મિત્ર શેઠ શ્રી જુગલ કિશોર બિરલાની સહયોગની હાર્દિક ઈચ્છા તેમાં હતી. પણ પરમ પૂજ્ય ગુરુદેવે તેને પણ એક પ્રકારનું પરાવલંબન માન્યું. તેમનું અનુદાન ન સ્વીકારી તેને જન સહયોગનું જન આંદોલન જ બનાવી રાખવાનો નિશ્ચિય કર્યો. તેમની સ્વાભિમાની પ્રકૃતિના અનુરુપ જ પ્રારંભિક વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ મળ્યું ફળ સ્વરૂપે જ પ્રારંભિક સત્રોના કેટલાક બાળકોએ ઔદ્યોગિક ક્ષેત્રમાં એટલી પ્રગતિ કરી છે કે તેમને હેસિયત લખપતિ, કરોડપતિઓ જેવી છે. આ વિદ્યાલય બહુ સારી રીતે ચાલતું રહયું અને શિક્ષિતોને રોજગારલક્ષી બનવાઈ રહયા છે.

આ વર્ષનું સત્ર પૂર્ણ થવામાં છે. જેથી નવા વર્ષના સત્ર માટે અત્યારથી જ પ્રવેશપત્ર આમંત્રિત કરવામાં આવે છે. જેથી જુલાઈથી શરૂ થતાં સત્ર માટે પ્રશિક્ષાર્થીઓએ પોતાનું નામ, પુરું સરનામૂ, શિક્ષણ ઉંમર સ્પષ્ટ રીતે લખવા જોઈએ, પ્રશિક્ષણ કાળમાં વિનમ્ર અનુશાસિત, સારું ચરિત્ર અને પ્રતિજ્ઞાપત્ર વિદ્યાર્થી તથા વાલી બંનેએ આપવું પડશે. એ વાતનો પૂરો પ્રયાસ કરવામાં આવે છે કે બાળકોને માત્ર ઉદ્યમ જ ન શીખવાડાય પરંતુ તેનું વ્યક્તિત્વ પણ સુધારી શકાય પણ એ ત્યારે સંભવ છે જયારે બાળક સ્વયં પણ આશ્રમ જીવનની મર્યાદાઓનું પાલન કરવામાં અભિરુચિ લે. ઓઢવા પાથરવાનો પોતાનો બિસ્તરો તથા ભોજન પાણી માટેના વાસણો લાવવા. આટલી વ્યવસ્થા કરી શકવા યોગ્ય બાળક જ પ્રવેશપત્ર ભરે. ભાષા, પ્રાંત,જાતિ, વર્ગ આદિનો કોઈ ભેદભાવ નથી. પણ અનુશાસનમાં કોઈ ને ઢીલ અપાતી નથી. એ સ્પષ્ટ સમાજીને જે પ્રવેશ મેળવવો પ્રશિક્ષણ હિંદી ભાષા દ્વારા આપાય છે.

**વિદ્યાલયમાં સંચાલિત વ્યાવસાયિક પ્રશિક્ષણ**

(૧) પ્રીન્ટીંગ પ્રેસ (મુદ્રણ કલા) ગાયત્રી તપોભૂમિ માં વિશાલ પ્રેસ વ્યવસ્થા ઉપલબ્ધ છે. જયાં ગુરુદેવનું સાહિત્ય તથા પત્રિકાઓનું પ્રકાશન થાય છે. વિદ્યાર્થીઓને પ્રેસ સંબંધી સમસ્ત કાર્ય શીખવાડવામાં આવે છે.

(૨) ઈલેક્ટ્રોનિક (વિદ્યુત) આ પ્રશિક્ષણમાં વિદ્યુત ફિટીંગ, રેડિયો, ટ્રાંઝીસ્ટર, ટી.વી. (ટેલીવીઝન) તથા નાન -નાના ઘર ગથ્થુ વિદ્યુત યંત્રોની મરાંમત આદિનું પુરું શિક્ષણ આપવામાં આવે છે.

(૩) ગૃહ ઉદ્યોગ- પ્રશિક્ષણર્થીઓને ગૃહઉદ્યોગનું પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે. તેમાં ધોલાઈ પાઉડર (નિરમા, સર્ફ જેવા ડિટરજન્ટ પાઊડર) અગરબત્તી, મીણબત્તી, ધૂપબત્તી, દંતમંજન, રબ્બર સ્ટેમ્પ, ફોટો ફ્રેમિંગ, લેમિનેશન, સ્ક્રીન પ્રીન્ટીંગ આદિ કુટિર ઉદ્યોગ સામેલ છે.

(૪) સામાન્ય અધ્યયન- વ્યક્તિની કેટલીક સામાજિક જરૂરિયાત હોય છે. તેની ખામી પૂરી કરવા માટે વિદ્યાર્થીને બેંક, પોસ્ટ આફિસ, રેલ્વે. પ્રાથમિક ઉપચાર તથા પોલીસ સંબંધી સામાન્ય જાણકારી વિભાગીય ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે.

આ બધા પ્રશિક્ષણો સિવાય આ વિદ્યાલયની સૌથી મોટી વિશેષતા એ છે વિદ્યાર્થીઓને આપવામાં આવતા સંગીત, અભિનય, વાક કૌશલ, વાર્તાલાપ, શિષ્ટાચાર સંભાષણ લોક વ્યવહાર કર્મકાંઠ પુરોહિત, ધર્મતંત્રથી લોકશિક્ષણ તથા યુગ નેતૃત્વનું પ્રશિક્ષણ જેનાથી વિદ્યાર્થી સમજદારી, જવાબદારી, બહાદુરી અને ઈમાનદારી ના સાકરા પ્રતિરૂપ બની જાય છે. એની સાથે વિદ્યાર્થીને શીખવાડવામાં આવે છે.સંયમિત, સુવ્યવસ્થિત, અનુશાસિત જીવન જીવવાની અભૂતપૂર્વ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કળા જેના અંતર્ગત પ્રાતઃ બ્રહ્મમુહૂર્તમાં જાગરણની સાથે યોગ, આસન પ્રાણાયામ અને ઈશ્વરીય અર્ચન વંદન, ધ્યાન ધારણાના માધ્યમથી પરમાત્માના સાક્ષાત્કારનો માર્ગ બતાવવામાં આવે છે. જે દરેક માનવ માટે પરમ આવશ્યક છે.

આવા અનોખા દુર્લભ વિદ્યાકેન્દ્રમાં પ્રશિક્ષણ. મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રતિ વર્ષ વધતી જાય છે. તેથી અત્યારથી વિદ્યાલયમાં પ્રવેશ હેતુ પ્રવેશ પત્ર મંગાવી લેવું વિદ્યાલયમાં પ્રવેશ મેળવવાની પાત્રતા માટે અભ્યાસ ૧૦ ધોરણ પાસ તથા આયુ સીમા ૧૮ થી ૨૦ વર્ષ હોવી જોઈએ. વિદ્યાલય વેશ ધોતીયું ઝભ્ભો, ખાખી ચડ્ડી- ખમીસ તથા પી.ટીના. બૂટ પ્રત્યેક વિદ્યાર્થીએ અહીંયા આવી પોતાના ખર્ચે બનાવવા અનિવાર્ય છે. પૂરી માહિતી સાથે ભરેલ પ્રવેશપત્ર અહીંયા ૩૧ મે સુધી આવી જવા જોઈએ. સ્વીકૃતિ પત્ર ૧ થી ૧૫ જૂન સુધીમાં મોકલી દેવામાં આવશે. ત્યાર બાદ કોઈ પ્રવેશપત્ર સ્વીકારવામાં નહી આવે પ્રવેશપત્ર મંગાવવાનું સરનામું.

યુગ નિર્માણ વિદ્યાલય
ગાયત્રી તપોભૂમિ મથુરા-૩ (ઉ.પ્ર.)

## ચૈત્ર નવરાત્રિ અનુષ્ઠાન

જે રીતે દિવસ અને રાતના મિલન સમયને સંધ્યાકળ કહેવામાં આવે છે. તે રીતે ઋતુઓના મિલનકાળને ઋતુસંધ્યા કહેવામાં આવે છે. આ સંધ્યાકાળ નવ દિવસ માટે નવરાત્રિના રૂપે વર્ષમાં બે બખત આવે છે. શરીર અને મનના વિકારોને દૂર કરવા માટે આ સમય સૌથી શ્રેષ્ઠ છે. નવરાત્રિમાં સાધના કરવામાં આવે તો તે અન્ય દિવસો કરતા વધુ ફળ આપે છે. આ દિવસોમાં જો આધ્યાત્મિક બીજ વાવવામા આવે તો તેનુ સારું ફળ મળે છે.

નવરાત્રિ અનુષ્ઠાનમાં નવ દિવસમાં ચવીસ હજાર ગાયત્રી મંત્રના જપ પૂરા થવા જોઈએ. કારણ કે તેમાં માળાનો ઉપયોગ જરૂરી છે. સામાન્ય ઉપાસનામાં ઘડિયાળનો ઉપયોગ કરી શકાય છે. પરંતુ નવરાત્રિ સાધનામાં માળાનો ઉપયોગ જરૂરી છે.

અનુષ્ઠાનમાં ૨૭ માળા દરરોજ કરવી પડે છે. સૂર્યોદય પછીના ત્રણ કલાક સુધીમાં જપ પૂરા કરી લેવા જોઈએ જો સવારે એટલો સમય ન મળ તો સાંજે સૂર્યાસ્ત પહેલાંના ૧ કલાકથી લઈને સૂર્યાસ્ત પછીના બે કલાક સુધીમાં બાકીના જપ પૂરા કરી લેવા જોઈએ.

નવરાત્રિ અનુષ્ઠાન સ્ત્રી-પુરુષ કોઈ પણ કરી શકે છે. તેમાં સમય, સ્થાન, અને સંખ્યા નિશ્ચિત રાખવી પડે છે. જપ અનિયમિત રૂપથી કરવામાં આવશે તો તેમાં સફળતા નહિ મળે. ઉપાસનાના સંબંધમાં પણ આ જ વાત લાગુ પડે છે. ઉદાસ મનથી જેમ તેમ માળા પૂરી કરવામાં આવશે તો તેનું સત્પરિણામ પણ ઓછું હશે. મન લગાવીને માળા કરવામાં આવશે તો અનેક ગણો લાભ જોવા મળશે. અનુષ્ઠાનમાં સામાન્ય જપ પ્રક્રિયાને વધારે કઠોર અને ક્રમબદ્ધ કરી દેવામાં આવે છે. તેથી તેનો લાભ પણ વધારે મળે છે.

નવ દિવસની સાધનાપૂરી થઈ જાય પછી દસમા દિવસે અનુષ્ઠાનની પૂર્ણાહુતિ કરવી જોઈએ તે દિવસે હવન, બ્રહ્મદાન અને કન્યા ભોજન કરાવવું જોઈએ.

### ગુરુપૂર્ણિમા પર વિશેષાંક

ફેબ્રુઆરીની પત્રિકામાં પૂજ્ય ગુરુદેવના સહજ જીવન વ્યવહાર ના પ્રસંગો વાંચી પરિજનોએ ખુબજ આનંદ અનુભવ્યો છે. પાઠકોની ઇચ્છાને માન આપી આગામી ગુરુપૂર્ણિમા પર્વ પ્રસંગે વિશેષાંક પ્રકાશિત થશે.

- સંપાદક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.